અમદાવાદ એક્સપ્રેસ
Ahmedabad Express Ahmedabad RNI No.GUJGUJ/2011/40654



પેજ-08
અમીષાનો 'કહો ના પ્યાર હૈ'નો કિસ્સો, ફિલ્મ માટે મોર્ગન સ્ટેનલીની...



પેજ-09
આઈપીએલ 2025 : કેકેઆર રસેલને રિટેન નહીં કરે !

| હવામાન | | |
|---|---|---|
| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| અમદાવાદ | 37.00 | 23.00 |
| વડોદરા | 36.00 | 23.00 |
| સુરત | 35.00 | 24.00 |

પેજ 5



ધનતેરસે સોના-ચાંદીમાં રોકાણ મંગલમય, રોકાણકારોને...

30 OCTOBER-2024 WEDNESDAY

શિન્ઝો આબેની પાર્ટી 15 વર્ષ બાદ બહુમતીથી ચૂકી: જાપાનમાં કોઈને...



પેજ 10

| શેરબજાર | | |
|---|---|---|
| સેન્સેક્સ | 80369.03 ▲ | 363.99 |
| નિફ્ટી | 24466.85 ▲ | 127.70 |
| સોનું | 79,270.00 ▲ | 704.00 |
| ચાંદી | 99,248.00 ▲ | 1,824.00 |

વર્ષ-13 । અંક-345 । વિક્રમ સંવત-2079 । આસો વદ-13 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

## વડાપ્રધાન મોદીએ ધન્વંતરી જયંતિ અને 9માં આયુર્વેદ દિવસ પર 12,850 કરોડના સ્વાસ્થ્ય પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું

# 70 વર્ષથી વધુ વયના વૃદ્ધોને 5 લાખની ફ્રી સારવાર

(એજન્સી) નવી દિલ્હી । તા. 29

આયુર્વેદ દિવસ જેને રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે દર વર્ષે ભારતમાં અને સમગ્ર વિશ્વમાં દવાના હિન્દુ દેવતા ધન્વંતરીના જન્મદિવસ નિમિત્તે ઉજવવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે (29મી ઑક્ટોબર) ધન્વંતરી જયંતિ અને 9મા આયુર્વેદ દિવસ નિમિત્તે તમામ દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફૉર્મ ‘X’ પર એક પોસ્ટમાં લખ્યું હતું કે, ‘આજે સમગ્ર વિશ્વ તેને સ્વીકારી રહ્યું છે અને મને વિશ્વાસ છે કે દવાની આ પ્રાચીન પદ્ધતિ સમગ્ર માનવતાના સ્વસ્થ જીવન માટે ઉપયોગી બની રહેશે.’ આ ઉપરાંત ઓડિશાના ખોરધા અને છત્તીસગઢના રાયપુર ખાતે યોગ અને નેચરોપેથીની બે કેન્દ્રીય સંશોધન સંસ્થાનોનો શિલાન્યાસ કરશે.





**પીએમ મોદી વડાપ્રધાન આયુષ્માન ભારત યોજનામાં નવી શરૂઆત કરશે :** વડાપ્રધાન આયુષ્માન ભારત યોજનામાં નવી શરુઆત કરશે અને 70 વર્ષ અને તેથી વધુ વયના તમામ વરિષ્ઠ નાગરિકો માટે આરોગ્ય સંભાળ કવરેજનો વિસ્તાર કરશે. વડાપ્રધાન મોદી દેશના પ્રથમ અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થાન (AIIA)ના બીજા તબક્કાનું ઉદ્‌ઘાટન કરશે.

### વડાપ્રધાન મોદીએ કહ્યું- અફસોસ આમાં દિલ્હી-બંગાળ સામેલ નથી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે ધન્વંતરી જયંતિ અને 9મા આયુર્વેદ દિવસ પર દેશભરમાં રૂ. 12,850 કરોડના સ્વાસ્થ્ય પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કર્યું હતું. વડાપ્રધાને 18 રાજ્યોમાં વર્ચ્યુઅલ રીતે અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થા (AIIA), દિલ્હીથી આરોગ્ય સેવાઓ અને પ્રોજેક્ટ્સ શરૂ કર્યા. આ સમયગાળા દરમિયાન, આયુષ્માન ભારત પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY) નું કવરેજ વિસ્તરણ કરવામાં આવ્યું હતું. હવે આ અંતર્ગત 70 વર્ષ અને તેનાથી વધુ ઉંમરના લોકોને 5 લાખ રૂપિયાની મફત સારવાર મળશે. મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન, બિહાર સહિત 18 રાજ્યોમાં આરોગ્ય પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યા હતા. આ સાથે તેમણે ઋષિકેશ AIIMSથી દેશની પ્રથમ એર એમ્બ્યુલન્સ સંજીવની પણ લોન્ચ કરી.

### દિલ્હી-બંગાળના વડીલોની માફી માંગી, કહ્યું- રાજકીય સ્વાર્થ સેવા કરવા નથી દેતો

આ દરમિયાન PMએ દિલ્હી-બંગાળમાં આ યોજનાનો અમલ ન કરવા બદલ માફી માંગી. PMએ કહ્યું- ’હું દિલ્હી અને બંગાળના 70 વર્ષથી વધુ ઉંમરના વડીલોની માફી માગું છું કે હું તમારી સેવા કરી શકીશ નહીં. હું માફી માગુ છું કે હું જાણું છું કે તમે પીડામાં છો, પરંતુ હું મદદ કરી શકીશ નહીં. કારણ કે, દિલ્હી અને બંગાળની સરકારો આ યોજનામાં જોડાઈ રહી નથી. તમારા રાજકીય હિત માટે તમારા પોતાના રાજ્યના બીમાર લોકો સાથે વ્યવહાર ન કરો. આ એક વલણ નથી જે માનવતાના કોઈપણ ધોરણોને પૂર્ણ કરે છે. હું માફી માંગુ છું કે હું દેશવાસીઓની સેવા કરવા સક્ષમ છું, પરંતુ રાજકીય સ્વાર્થની વૃત્તિ મને દિલ્હી-બંગાળમાં સેવા કરવા દેતી નથી. મારા હૃદયમાં કેટલી પીડા હશે તે હું શબ્દોમાં વ્યક્ત કરી શકતો નથી.

## રાજસ્થાનના સીકરમાં ભયાનક અકસ્માત સર્જાયો

### બેકાબુ બસ પુલ સાથે અથડાતા પલટી : 12નાં મોત, 35થી વધુ લોકો ઘાયલ

(એજન્સી) સીકર । તા. 29

રાજસ્થાનના સીકર જિલ્લાના લક્ષ્મણગઢમાં એક ખાનગી બસ પુલ સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં 12 લોકોના મોત થયા હતા. જ્યારે 35થી વધુ લોકો ઘાયલ થયા છે. ઘાયલોને સારવાર માટે લક્ષ્મણગઢ અને સીકરની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યારે 7ની હાલત ગંભીર બનતા તેઓને જયપુર રીફર કરવામાં આવ્યા હતા. મંગળવારે બપોરે 2 વાગ્યાની આસપાસ લક્ષ્મણગઢના પુલ પાસે આ અકસ્માત થયો હતો. બસ સાલાસરથી નવલગઢ જઈ રહી હતી. આ અકસ્માત સાલાસરથી 68 કિમી દૂર થયો હતો.



### સ્પીડ વધુ હોવાથી બસ ટર્ન લઈ શકી નહીં, સીધી પુલમાં ઘૂસી ગઈ

સ્પીડ વધુ હોવાને કારણે બસ ટર્ન લઈ શકી નહીં બસ લક્ષ્મણગઢ પુલિયાથી જયપુર-બીકાનેર રોડ તરફ ડાબી તરફ જવાની હતી. સ્પીડ વધુ હોવાને કારણે બસ સંપૂર્ણ રીતે ટર્ન લઈ શકી ન હતી અને સીધી પુલ સાથે અથડાઈ હતી. બસનો આગળનો 3 થી 4 ફૂટનો ભાગ ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત થયો હતો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, બસ પુલની દિવાલ સાથે અથડાઈ હતી અને ડ્રાઈવરની બાજુનો આખો ભાગ ચકનાચુર થઈ ગયો હતો. ટક્કર બાદ બસમાં અફરાતફરી મચી ગઈ હતી. આ પછી લોકોની ભીડ એકઠી થઈ ગઈ અને એક પછી એક બધાને નજીકની લક્ષ્મણગઢ સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા.

## LAC : બંને દેશોના સૈનિકો પરત ફર્યા, હંગામી નિર્માણ દૂર

(એજન્સી) નવીદિલ્હી । તા. 29

પૂર્વ લદાખના દેપસાંગ અને ડેમચોક વિસ્તારમાં ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે પીછે હટવાની પ્રક્રિયા લગભગ પૂર્ણ થઈ ચૂકી છે. રક્ષા સૂત્રોએ ખાનગી ન્યૂઝ એજન્સીને જણાવ્યું છે કે, ભારતીય સેના અને ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (PLA) બન્ને હાલમાં વાસ્તવિક નિયંત્રણ રેખા(LAC)ની પાસે સંવેદનશીલ વિસ્તારોમાં સેનાની વાપસી અને સૈન્ય અસ્થાયી નિર્માણને ખતમ કરવાની પુષ્ટી કરી રહી છે. રક્ષા સૂત્રોના અનુસાર, પૂર્વ લદાખ સેક્ટરના દેપસાંગ અને ડેમચોક વિસ્તારમાં સૈનિકોની વાપસીની પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે.

### દારૂ કૌભાંડ સંબંધિત કેસમાં કાર્યવાહી કરાઈ

## IAS વિનય ચૌબે સહિત અનેક લોકોના ઠેકાણા પર દરોડા : વિધાનસભાની ચૂંટણી વચ્ચે EDના દરોડા

(એજન્સી) રાંચી । તા. 29

ઝારખંડ વિધાનસભા ચૂંટણી વચ્ચે EDએ ફરી એકવાર રાંચીમાં દરોડા પાડ્યા છે. મંગળવારે સવારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ઝારખંડના સીનિયર IAS અધિકારી વિનય ચૌબે, આબકારી વિભાગના સંયુક્ત સચિવ ગજેન્દ્ર સિંહ અને અન્ય નજીકના સંબંધીઓ અને સંબંધિત અધિકારીઓના CA ના ઠેકાણાઓ પર દરોડા પાડ્યા હતા. એવું કહેવાય છે કે દારૂ કૌભાંડ કેસમાં આ



કાર્યવાહી કરવામાં આવી છે. તે સ્પષ્ટ નથી કે ED દ્વારા કયા સ્થળો પર દરોડા પાડવામાં આવી રહ્યા છે. છત્તીસગઢ પોલીસની ઈકોનોમિક ઓફેન્સ વિંગ EOW એ આ મામલામાં તત્કાલીન એક્સાઇઝ વિભાગના સચિવ વિનય કુમાર ચૌબે અને સંયુક્ત સચિવ ગજેન્દ્ર સિંહ સામે એફઆઈઆર નોંધી હતી.

### ED અગાઉ પણ દરોડા પાડી ચૂકી છે

આ પહેલા પણ ED દારૂ કૌભાંડ કેસમાં કાર્યવાહી કરી ચૂકી છે. ગયા વર્ષે 23 ઓગસ્ટે EDએ રાંચી, દેવઘર, દુમકા, કોલકાતામાં 32 સ્થળો પર દરોડા પાડ્યા હતા. આ દરોડાના દાયરામાં EDની ટીમ રાજ્યના નાણામંત્રી રામેશ્વર ઉરાંવ, તેમના પુત્ર રોહિત ઉરાંવ, દારૂના કારોબારી યોગેન્દ્ર તિવારી અને તેમની સાથે જોડાયેલા 32 લોકોના ઘરે પહોંચી હતી. દરોડા બાદ આ કેસમાં યોગેન્દ્ર તિવારીની ધરપકડ કરવામાં આવી હતી. EDએ તેની સામે ચાર્જશીટ પણ દાખલ કરી હતી.

**સમગ્ર મામલો :** છત્તીસગઢ દારૂ કૌભાંડના તાર ઝારખંડ સાથે પણ જોડાયેલા છે. છત્તીસગઢ એસીબી દ્વારા દાખલ કરવામાં આવેલી એફઆઈઆરમાં ઝારખંડના તત્કાલિન એક્સાઈઝ સેક્રેટરી આઈએએસ વિનય ચૌબે અને એક્સાઈઝ વિભાગના જોઈન્ટ કમિશનર ગજેન્દ્ર સિંહને આરોપી બનાવવામાં આવ્યા.

## લૉરેન્સ બિશ્નોઈ ગેંગે બાળ સંત અભિનવ અરોરાને આપી ધમકી

### બાળકના માતાએ નોંધાવી પોલીસ ફરિયાદ

(એજન્સી) મથુરા । તા. 29

મથુરા પોલીસે ’બાળ સંત’ ના નામથી ફેમસ સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર અભિનવ અરોરા તરફથી આપવામાં આવેલી માહિતીના આધારે કેસ નોંધ્યો છે. સોશિયલ મીડિયા પર ટ્રોલિંગ અને હત્યાની ધમકી મળવાને લઈને અભિનવ અરોરાના માતા દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જેમાં ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ ગેંગનું નામ પણ લેવામાં આવ્યુ હતું. અભિનવ અરોરા તરફથી પોલીસ પાસે ફરિયાદ નોંધાવવામાં આવી કે ’7 યુટ્યૂબર્સે મને ટ્રોલ કરતાં અપમાનજનક વીડિયો બનાવ્યા, જે બાદથી મને નફરતભર્યા કોલ અને મેસેજ આવવા લાગ્યા.’ જેની પર પોલીસે આ સંબંધિત BNS ની કલમ 351(4) હેઠળ એફઆઈઆર નોંધીને તપાસ શરૂ કરી દીધી છે.



## કેરળમાં મંદિર ઉત્સવમાં બ્લાસ્ટ, 150થી વધુ દાઝ્યા : આઠની હાલત ગંભીર

### ફટાકડા ફોડતી વખતે તણખા સ્ટોરેજ એરિયા સુધી પહોંચતા વિસ્ફોટ થયો

(એજન્સી) તિરુવનંતપુરમ । તા. 29

કેરળના કાસરગોડ સ્થિત અંજુતામ્બલમ વીરકાવુ મંદિરમાં સોમવારે રાત્રે લગભગ 12:30 વાગ્યે ફટાકડા ફોડવા દરમિયાન બ્લાસ્ટ થયો હતો. જેમાં 150થી વધુ લોકો ઘાયલ થયા છે. કાસરગોડ પોલીસે જણાવ્યું કે 8 લોકોની હાલત ગંભીર છે, જેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હાલ બ્લાસ્ટનું કારણ જાણી શકાયું નથી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, મંદિરમાં વાર્ષિક કાલિયટ્ટમ તહેવાર માટે ફટાકડા ફોડવામાં આવી રહ્યા હતા, ત્યારે ફટાકડામાંથી નીકળતા સ્પાર્ક ફટાકડા સ્ટોરેજ એરિયામાં સુધી પહોંચી ગયા, જ્યાં આગના કારણે વિસ્ફોટ થયો. આ સ્ટોરેજ એરિયામાં 25 હજાર રૂપિયાના ફટાકડા રાખવામાં આવ્યા હતા. પોલીસે અકસ્માત અંગે મંદિર સમિતિના બે સભ્યોને કસ્ટડીમાં લીધા છે. તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. મંદિર સમિતિએ ફટાકડા અને ફટાકડા ફોડવા માટેનું લાઈસન્સ પણ લીધું ન હતું.



### સાંસદ રાજમોહન ઉન્નિથને પણ ઘાયલોના સ્વસ્થ થવાની વાત કરી

CPI(M)ના ધારાસભ્યએ કહ્યું - ફટાકડા ઓછી તીવ્રતાના હતા. ઘટનાનું કારણ જાણવા માટે તેમણે જિલ્લા કલેક્ટર સાથે પણ વાત કરી હતી. રાજગોપાલે કહ્યું- હું ઘાયલોની ઝડપથી સ્વસ્થ થવાની કામના કરું છું. ફટાકડા ઓછી તીવ્રતાના હતા.

## બાબા સિદ્દીકીના પુત્ર ઝીશાનને જાનથી મારી નાખવાની ધમકી

(એજન્સી) મુંબઇ । તા. 29

બાબા સિદ્દીકીની હત્યા બાદ હવે તેમના પુત્ર અને ધારાસભ્ય ઝીશાન સિદ્દીકીને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. ઓફિસના લેન્ડલાઈન નંબર પર ફોન કરીને કોઈ અજાણ્યા વ્યક્તિએ ઝીશાન સિદ્દીકીને આ ધમકી આપી અને પૈસાની માંગણી કરી છે. મળતી માહિતી મુજબ, ધમકીભર્યો ફોન બાંદ્રા પૂર્વમાં ઝીશાન સિદ્દીકીના જનસંપર્ક કાર્યાલયના ફોન પર આવ્યો હતો. જાનથી મારી નાખવાની ધમકી મળ્યા બાદ તેમના નિવાસસ્થાન અને ઓફિસ પર સુરક્ષા વધારી દેવામાં આવી છે. આ દરમિયાન ઝીશાન સિદ્દીકી અને સલમાન ખાનને ધમકી આપનાર વ્યક્તિની ઉત્તરપ્રદેશના નોઈડાથી ધરપકડ કરવામાં આવી છે.

## અખનૂરમાં એન્કાઉન્ટર પુર્ણ : K-9 સ્ક્વોડનો ડોગ ફેન્ટમ શહીદ

### હુમલો કરનારા 3 આતંકવાદીઓ માર્યા ગયા

(એજન્સી) શ્રીનગર । તા. 29

જમ્મુ-કાશ્મીરના અખનૂરમાં સોમવારે શરૂ થયેલું એન્કાઉન્ટર 27 કલાક પછી મંગળવારે રાત્રે લગભગ 10 વાગ્યે પુર્ણ થયું હતું. સુરક્ષા દળોએ LoC) નજીક ભટ્ટલ વિસ્તારના જંગલમાં 3 આતંકવાદીઓને ઠાર કર્યા હતા. ગઈકાલે એક આતંકીનો મૃતદેહ મળ્યો હતો, આજે વધુ 2 આતંકીઓના મૃતદેહ મળી આવ્યા છે. આ આતંકવાદીઓએ સોમવારે સવારે લગભગ 7.26 વાગ્યે સેનાની એમ્બ્યુલન્સ પર હુમલો કર્યો હતો. આમાં કોઈ જાન-માલનું નુકસાન થયું નથી. હુમલા બાદ આતંકીઓ જંગલ તરફ ભાગી ગયા હતા, ત્યારબાદ સુરક્ષા દળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું અને લગભગ 5 કલાક બાદ 3 આતંકીઓને ઠાર કરવામાં આવ્યા હતા. આ એન્કાઉન્ટરમાં સેનાના K-9 સ્ક્વોડ ડોગ ફેન્ટમને પણ ગોળી વાગી હતી.



## રામ મંદિર માટે 500 વર્ષમાં લાખો લોકોએ બલિદાન આપ્યા: મોદી

(એજન્સી) નવી દિલ્હી । તા. 29

રોજગાર મેળામાંથી પસંદગી પામેલા 51000થી વધુ યુવાનોને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે વીડિયો કોન્ફરન્સિંગ મારફત જોબ લેટર આપ્યા હતા. તેમજ દેશવાસીઓને ધનતેરસની શુભકામનાઓ પાઠવતાં કહ્યું કે, આ દિવાળી ખૂબ જ મહત્ત્વની છે. કારણકે, 500 વર્ષની લાંબી રાહ બાદ પ્રભુ રામલલા તેના નિજ સ્થાન અયોધ્યા મંદિરમાં બિરાજમાન છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, બે દિવસ બાદ આપણે સૌ દિવાળીનો તહેવાર ઉજવીશું. આ વર્ષની દિવાળી અત્યંત ખાસ છે, કારણકે, 500 વર્ષ બાદ પ્રભુ શ્રીરામ અયોધ્યામાં પોતાના ભવ્ય મંદિરમાં બિરાજમાન છે અને ભવ્ય મંદિરમાં બિરાજમાન થયા બાદ આ તેમની પ્રથમ દિવાળી છે. આ દિવાળી જોવા માટે અનેક પેઢીઓ તરસી હતી, લાખો લોકોએ બલિદાન આપ્યું હતું. પીડાઓ સહન કરી હતી. પરંતુ આપણે સૌ ભાગ્યશાળી છીએ કે, આપણે આ ખાસ, વિશેષ ભવ્ય દિવાળીના સાક્ષી બનીશું.



### રોજગાર સર્જનમાં વધારો

દેશના યુવાનોને વધુને વધુ રોજગાર મળે તેવી પ્રતિબદ્ધતા સાથે સરકાર નીતિઓ અને નિર્ણયોને અમલમાં મૂકી રહી છે. એક્સપ્રેસ વે, હાઈવે, માર્ગ-રેલવે, પૉર્ટ, ઍરપૉર્ટ, ફાઈબર લાઈન સહિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે વિવિધ પ્રોજેક્ટ હાથ ધરાયા છે. છેલ્લા 10 વર્ષમાં અમારી નીતિઓએ ખાદી અને ગ્રામોદ્યોગની તસવીર બદલી નાખી છે. ગ્રામીણ લોકોના જીવનમાં પરિવર્તન આવ્યું છે.

### લાખો યુવાનો કાયમી નોકરી આપવાનું વચન

પીએમ મોદીએ કહ્યું કે, દેશના લાખો યુવાનોને ભારત સરકારમાં કાયમી સરકારી નોકરી આપવાનો સિલસિલો જારી છે. ભાજપ અને એનડીએ સાશિત રાજ્યોમાં લાખો યુવાનોને નોકરી મળી છે. હાલ હરિયાણામાં પણ સરકાર બનાવતાની સાથે જ 26 હજાર યુવાનોને નોકરીની ભેટ આપવામાં આવી છે.

### ‘યુપીએ સરકારની તુલનાએ ખાદી...’

PM મોદીએ ખાદીના વસ્ત્રોનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, યુપીએ સરકારની તુલનામાં ખાદીનું વેચાણ 400 ટકા વધ્યું છે. જે એક પ્રભાવશાળી ઉપલબ્ધિ છે. ખાદી ઉદ્યોગ વેગવાન બન્યો છે. જેનાથી કારીગરો, વણકરો અને વેપારીઓને સમાન લાભ થઈ રહ્યો છે. ખાદી ઉદ્યોગની વૃદ્ધિ સાથે સમાજના વિવિધ વર્ગોને પણ લાભ થઈ રહ્યો છે. રોજગારી અને આવકો વધી છે. આર્થિક વિકાસને પ્રોત્સાહન મળ્યું છે. લખપતિ દીદી યોજનાએ ગ્રામીણ મહિલાઓને રોજગાર અને સ્વરોજગારના નવા સાધનો આપ્યા છે. છેલ્લા એક દાયકામાં 10 કરોડ મહિલાઓ સેલ્ફ હેલ્પ ગ્રૂપ સાથે જોડાઈ છે. 10 કરોડ મહિલાઓને સ્વ-રોજગારના લીધે કમાણી થઈ રહી છે.

## 1 નવેમ્બરથી મોબાઈલમાં નહીં આવે OTP કે મેસેજ? ટ્રાઇના નિયમોથી ગ્રાહકો મૂંઝવણમાં

(એજન્સી) નવી દિલ્હી । તા. 29

આગામી એક નવેમ્બરથી ટેલિકોમ ઑથોરિટી ટ્રાઈ દ્વારા નવા નિયમો લાગુ થવાના છે. નવા નિયમોમાં હવે ટેલિકોમ કંપનીઓ પોતાના ગ્રાહકોને કોમર્શિયલ SMS મોકલી શકશે નહીં. ભારતીય દૂરસંચાર નિયામક પ્રાધિકરણના નવા નિયમો અંગે ટેલિકોમ કંપનીઓ ઉપરાંત બૅન્કો, ઈ-કોમર્સ પ્લેટફૉર્મ અને અન્ય નાણાકીય સંસ્થાઓએ ચિંતા વ્યક્ત કરી છે. ટ્રાઈના નવા નિયમો હેઠળ ટેલિકોમ કંપનીઓએ ટ્રેસ ન થઈ શકે તેવા નંબરો પરથી થતાં ટ્રાન્ઝેક્શન પર રોક લગાવી છે. અર્થાત હવે તમામ પ્રકારના નંબરના ટ્રાન્જેક્શન અને સર્વિસ એસએમએસ ટ્રેસ કરવા ફરિજ્યાત છે. આ નિયમ પહેલી નવેમ્બરથી લાગુ થવા જઈ રહ્યો છે. જેથી હવે ગ્રાહકોને કોઈપણ મેસેજ ફિલ્ટર થયા વિના મળશે નહીં.

### ■ OTP-આવશ્યક મેસેજની ડિલિવરી અટકશે?

ટેલિકોમ કંપનીઓએ આ નવા નિયમ અંગે જણાવ્યું હતું કે, અનેક ટોચની સંસ્થાઓ અને ટેલિમાર્કેટર્સ આ નિયમોનું પાલન કરવા તૈયાર નથી. જેનાથી ઓટીપી અને અન્ય આવશ્યક મેસેજની ડિલિવરીમાં અડચણો આવી શકે છે. સેલ્યુલર ઓપરેટર્સ ઍસોસિયેશન ઑફ ઈન્ડિયાએ ટ્રાઈને આ નવો નિયમ લાગુ કરવાની તારીખ લંબાવવા અપીલ કરી છે.

### ■ ટ્રાઈએ આપ્યો નિર્દેશ

જે મેસેજ કે ફોન નંબર ટ્રેસ કરી શકાય તેવો ન હોય, તો તેને ટેલિકોમ કંપનીઓ ગ્રાહકો સુધી પહોંચાડવા મંજૂરી આપી શકશે નહીં. આ નિયમ લાગુ થતાં ટેલિમાર્કેટર્સ અને ખાનગી સંસ્થાઓએ આવશ્યક ટૅક્નોલૉજી સોલ્યુશન્સ લાગુ કરવા પડશે. જેનાથી તેઓ ઓટીપી જેવા મહત્ત્વના મેસેજ લોકો સુધી પહોંચાડી શકે.

### ■ 1.7 અબજ કોમર્શિયલ મેસેજ

રિપોર્ટ અનુસાર, ભારતમાં રોજિંદા 1.5થી 1.7 અબજ કોમર્શિયલ મેસેજ મોકલવામાં આવે છે. આ નિયમો હેઠળ મેસેજની ડિલિવરીમાં સમય લાગશે. ટેલિકોમ કંપનીઓએ સલાહ આપી છે કે, પહેલી નવેમ્બરથી આ નિયમોને લોગર મોડમાં લાગુ કરવામાં આવશે. જો કોઈ ખોટો સંકેત મળે તો તેની નોંધ કરી યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# પત્નીએ પતિની પ્રેમિકાની હત્યા કરી

## સુરતમાં એકલી રહેતી મહિલા સાથે પતિના અનૈતિક સંબંધની જાણ થતા પત્નીએ પતાવી દીધી, ઘરને તાળુ મારી જતી રહી



(એજન્સી) સુરત | તા. 29

સુરતમાં પત્નીએ પતિ સાથે અનૈતિક સંબંધ ધરાવતી વેડ રોડની 35 વર્ષીય પરિણીતાને રહેંસી નાંખી હતી. હત્યા બાદ બહારથી તાળું મારી ફરાર થઈ ગઈ હતી. પોલીસે આ ગુનામાં પાસોદરાની 37 વર્ષીય હર્ષાબેન કાછાની ધરપકડ કરી હતી.

પોલીસ ઈન્સ્પેક્ટર વી.વી. વાગડીયાએ જણાવ્યું હતું કે, આ મામલે પાસોદરા ઓમ ટાઉનશીપમાં રહેતી હર્ષાબેન ચંદુભાઈ કાછાની ધરપકડ કરી હતી. ધક્કો મારતાં શેટી સાથે માથું અથડાતા મોત થયાનું આરોપીએ કરેલી કબુલાત કરી હતી. તેના પતિ સાથે કૈલાસબેનને છેલ્લાં 15 વર્ષથી અનૈતિક સબંધ હતા. આ સંબંધને કારણે કૈલાસબેનના છૂટાછેડાં પણ થઈ ગયા હતા. પોતાના પતિ સાથે કૈલાસબેનને સંબંધ હોવાની જાણ થતાં રવિવારે પાંચેક વાગ્યાના અરસામાં તે તેને વોર્નિંગ આપવા આવી હતી. કૈલાસબેનને ધક્કો મારતાં તેનું માથું શેટી સાથે અથડાતાં તે લોહીલૂહાણ થઈ ઢળી પડતાં પોતે દરવાજો બહારથી બંધ કરી ફરાર થઈ ગઈ હતી.

વેડ રોડ પર હરીઓમ સોસાયટીમાં રહેતાં ભરત જીકાદરાને રવિવારે દસેક વાગ્યાના અરસામાં મયુરભાઈને મળવા આવ્યા હતા. સોસાયટીમાં જ રહેતાં મયુરભાઈએ જણાવ્યું હતું કે, તેમના પાડોશમાં રહેતી તેમની બહેનનાં મકાનમાં અંદરથી લાઈટ ચાલુ છે, પરંતુ બહારથી તાળું માર્યું છે. દરવાજો ખખડાવતા અંદરથી કોઈ જવાબ પણ મળતો નહોતો. ભરતભાઈએ બહેન કૈલાસને ફોન કરતાં તે બંધ આવતો હતો.

કૈલાસબેનના લગ્ન સાવરકુંડલા થયા હતા, પરંતુ તે લાંબો સમય ટક્યા ન હતા અને છૂટાછેડાં બાદ તેઓ એકલાં જ ઘર રાખી રહેતા હતા. ઉતાવળે ભરતભાઈ તથા ત્યાં દોડી ગયા હતા અને મકાનના દરવાજાની બહાર કાણામાંથી અંદર નજર કરતાં કૈલાસબેન નીચે પડ્યા હોય તેવું જણાઈ આવ્યું હતું. અંદર કૈલાસબેન મૃત અવસ્થામાં મળ્યા

ઘટનાની જાણ થતાં ચોક બજાર પોલીસ ઈન્સપેક્ટર વી.વી. વાગડિયા સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. મકાનનું તાળું તોડવામાં આવતાં અંદર કૈલાસબેન મૃત અવસ્થામાં મળ્યા હતા. કપાળના ભાગેથી લોહી નીકળી રહ્યું હોય તે ઈજાથી જ તેમનું મોત થયાની સંભાવનાઓ વચ્ચે બહારથી તાળું માર્યું હોય હત્યાની આશંકા સાથે પોલીસે તપાસ હાથ ધરી હતી.

**ન્યૂઝ કોર્નર**

### કુકમાના 31 વર્ષીય યુવાનનું ઈજાગ્રસ્ત હાલતમાં શંકાસ્પદ મોત

ભુજ | તાલુકાના કુકમા ગામની દાતારપીર સોસાયટી-માં રહેતો 31 વર્ષીય યુવાન પોતાના ઘરે ઈજાગ્રસ્ત હાલતમાં મૃત મળી આવ્યો હતો શંકાસ્પદ મોતને મામલે પોલીસે મોતનું કારણ જાણવા દેહને પીએમ માટે જામનગર મોકલાવી દીધો છે.

પ્રાપ્ત વિગતો મુજબ 31 વર્ષીય તાલબ જુમાભાઈ નોડે સોમવારે મૃત હાલતમાં મળી આવ્યો હતો.બનાવ રવિવારે રાત્રે નવ વાગ્યાથી સોમવારે સવારે નવ વાગ્યાના સમયગાળા દમિયાન બન્યો હતો.હતભાગી યુવાન પોતાના ઘરે મૃત હાલતમાં મળ્યો ત્યારે માથાના પાછળના ભાગે સામાન્ય ઈજા તેમજ નાકમાંથી લોહી નીકળેલ હતો. તેમજ મૃતકની ડાબી આંખ ઉપર કાળાશ પડતો ઉપસેલો સોજો અને હાથ-પગ અને પીઠના ભાગે ઈજાના નિશાન દેખાયા હતા.

### 'અહીં આવવું જ નહીં,' કહી ચાર શખ્સએ સાથે મળી બેને માર માર્યો

મોરબી | માળિયા મિયાણા તાલુકાના દહીસરા ગામમાં રહેતા આધેડ અને તેના મિત્ર રાત્રીના સમયે રખડતા શ્વાન માટે ભોજન આપવા રેલ્વે ફાટક પાસે ગયા હતા ત્યારે માળિયાના ત્રણ જેટલા લુખ્ખા તત્વોએ આધેડ અને તેના મિત્રને ધાક ધમકી આપી આ જગ્યા પર બીજી વાર આવવું નહી કહીં ધોકા વડે હુમલો કરી માર મારી ઈજા પહોંચાડી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

માળીયાના મોટા દહીંસરા ગામે રહેતા પ્રવીણભાઈ ઉર્ફે મુન્નાભાઈ બચુભાઈ જોશી મોટા દહીંસરા ગામના રેલવે ફાટકે સેવાના હેતુથી બિનવારસી શ્વાનના રોટલા નાખવા ગયા હતા. ત્યારે માળીયા મિયાણા ગામે રહેતા આરોપી ફારૂક દિલાવરભાઈ અને અન્ય ત્રણ શખ્સએ અહીં શુ કરે છે? બીજી વાર અહીં આવવું નહિ, કહી લુખ્ખાગીરી કરી હતી.

## સુરતમાં લક્ઝરી બસમાં બેસવા 10 કિમી સુધી મેળાવડો, રોડ પર બસના થપ્પા; ડબલના સોફામાં 4 લોકો બેસી કરી રહ્યા છે

# સુરતમાં રાત પડતાં જ વતન જવા પડાપડી...

સુરત | વેકેશન પડતાં જ સુરત દિવસ અને રાત ખાલી થઈ રહ્યું હોય તેઓ માહોલ જોવા મળી રહ્યો છે. મિની ઈન્ડિયા તરીકે ઓળખાતા સુરતમાંથી અન્ય રાજ્યમાંથી આવેલા લોકો ટ્રેન મારફત વતન જઈ રહ્યા છે, જ્યારે ગુજરાતનાં અલગ અલગ શહેરો અને ગામડાંમાંથી રોજગારી અર્થે સુરતમાં સ્થાયી થયેલા લોકો એસટી અને પ્રાઈવેટ બસ થકી વતન પહોંચી રહ્યા છે.

કતારગામ ખાનગી બસ પાર્કિંગથી લઈને કામરેજ સુધી 15 કિલોમીટરના વિસ્તારમાં લક્ઝરી બસમાં બેસવા માટે 10 કિમી સુધી લોકોનો મેળાવડો થઈ જતો હોય છે. આ 10 કિમીના વિસ્તારમાં સૌથી વધુ બસના થપ્પાઓ પણ લાગી જતા હોય છે. કાપડના વ્યવસાય સાથે સંકળાયેલા ઘનશ્યામભાઈએ જણાવ્યું હતું કે આજે હું દિવાળી ઊજવવા માટે પરિવાર સાથે સુરતથી અમરેલી વતન જવા નીકળ્યો છું. દર દિવાળીએ વડીલ માતા-પિતા હોવાથી જવું જ પડે છે. વર્ષમાં એકવાર જવાનું હોય. ખાનગી બસના ભાડા રેગ્યુલર 700 રૂપિયા હોય છે. જોકે અત્યારે ડબલ થઈ ગયા છે. ખાનગી બસવાળાને અત્યારે સિઝન હોય છે, એટલે ભાડા વધારે છે. એસટી બસો વધુ મૂકવામાં આવી છે, પણ અમે ક્યારેય એસટી બસમાં ગયા નથી. દર વર્ષે પ્રાઈવેટ બસમાં જતા હોઈએ છીએ.



### સોફા બોક્સનો ભાવ 2800થી 3000

સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત સહિતના ગુજરાતના રહેવાસીઓએ સુરતને કર્મભૂમિ બનાવી દીધી છે. આ સૌરાષ્ટ્રવાસીઓ અને ઉત્તર ગુજરાતવાસીઓ સુરતના હીરા અને કાપડ વ્યવસાય સાથે સંકળાયેલા છે અને રોજગારી મેળવી પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા છે. ત્યારે મોટી સંખ્યામાં દિવાળી વેકેશનમાં વતન પરત ફરી રહ્યા છે. સુરતના હીરા ઉદ્યોગની મંદીમાં ઝઝૂમતા રત્ન કલાકારોને લક્ઝરી બસ-સંચાલકો લૂંટી રહ્યા છે.

લક્ઝરીના ડબલ સોફા બોક્સનો ભાવ 2800થી 3000 રૂપિયા સુધી પહોંચી ગયો છે. લોકો પણ કહી રહ્યા છે કે વર્ષમાં એકવાર ગામડે માતા-પિતાને મળવા જવાનું હોય છે તો જવું તો પડે જ ને. છેલ્લા ત્રણ દિવસથી લાખો લોકો વેકેશનને લઈને સુરતથી વતન જતા રહ્યા છે. એને પગલે સુરત ખાલી થવાનું શરૂ થઈ ગયું છે. 5 નવેમ્બર સુધી વતન તરફનો ધસારો ટ્રેન, એસટી અને પ્રાઈવેટ બસોમાં જોવા મળે એવી શક્યતા છે.



**લક્ઝરી બસોના સંચાલકોની ઉઘાડી લૂંટ :** ખાનગી બસચાલકો દ્વારા આ સમસ્યા નવી નથી. દર વર્ષે દિવાળીના થોડા દિવસો પૂર્વે ખાનગી, લક્ઝરી બસોના સંચાલકોની ઉઘાડી લૂંટ શરૂ થઈ જાય છે. સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત સહિત મોટા ભાગની ખાનગી લક્ઝરી બસોના ભાવો બમણા કે ત્રણ ગણા સુધી થઈ જાય છે. વર્ષોવર્ષ રત્નકલાકારો તેમનાં સંગઠનો દ્વારા સત્તાધીશોને ફરિયાદો થતી રહી છે, પરંતુ આ સમસ્યાનું હજુ સુધી યોગ્ય નિરાકરણ લાવી શકાયું નથી.

**સાથે ટ્રાફિકને પણ અસર પહોંચે છે :** કતારગામથી કામરેજ 15 કિમીના રોડ પર 10 કિમીમાં રાત્રે ખાનગી બસમાં વતન જવા માટે મેળાવડાઓ થઈ જાય છે. પહેલું સ્ટોપ રિદ્ધિસિદ્ધિ ખાતે હોય છે. જ્યાંથી હીરાબાગ, કાપોદ્રા, ચોપાટી, નાના વરાછા ઢાળ, પ્રાણીસંગ્રહાલય, સરથાણા જકાતનાકા, નવજીવન હોટલ, શ્યામધામ પાર્કિંગ, પાસોદરા, લસકાણા સહિતના અલગ અલગ પોઈન્ટ પર ખાનગી બસો ઊભી રહેતી હોય છે. આ તમામ સ્થળો પર મેળાવડો જોવા મળતો હોય છે. આ તમામ સ્ટોપ પર બસો ઊભી રહેતી હોવાથી બસોના થપ્પા લાગી ગયા હોય એવાં દૃશ્યો પણ જોવા મળે છે. આ સાથે ટ્રાફિકને પણ અસર પહોંચે છે.
ખાસ કરીને સુરતથી સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના પેસેન્જરોને લઈ જવા લક્ઝરી બસના સંચાલકો બમણો ભાવ વસૂલી રહ્યા છે. ડબલના સોફામાં જ્યાં કેપેસિટી બે વ્યક્તિની છે.

## આધેડ વયના સસરાએ દીકરીની ઉંમરની પુત્રવધૂ સાથે ઘર માંડ્યું

(એજન્સી) મહેસાણા | તા. 29

હાલના મોર્ડન જમાનામાં સામાજિક જીવનને કલંકિત કરતી એક ઘટના મહેસાણા મહિલા સહાયતા કેન્દ્રમાં સામે આવી હતી. જેમાં એક પરિણીત આધેડ વયના સસરાએ લગ્નના 26 વર્ષે સગ્ગા પુત્રની પત્ની સાથે ચક્કર ચલાવી તેને ભગાડી જઈને ઘર સંસાર માંડયો હતો. જેમાં પુત્રવધુ એ સસરા સાથેના અનૈતિક સંબંધોમાં એક બાળકને જન્મ આપ્યો હતો. તો પતિ પરિણીત હોવા છતાં પત્નીને પડતી મૂકી પુત્રવધુ સાથે રહેતા અને સંતાનો પણ એકલી રહેતી માતાને પરેશાન કરતા માનસિક રીતે ભાંગી પડેલી મહિલાએ મહેસાણા ખાતેના મહિલા સહાયતા કેન્દ્રની મદદ માંગી હતી. મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા કાર્યરત મહેસાણા પોલીસ સ્ટેશન મહિલા સહાયતા કેન્દ્રમાં એક 40 વર્ષીય મહિલા પોતાની અનેક વેદનાઓ લઈ મદદની આશા સાથે આવી હતી. મહિલાની રજૂઆત મુજબ તેના 26 વર્ષના લગ્ન જીવન દરમિયાન તેને 4 સંતાનો હતા. જેમાં 2 પરિણીત અને 2 અપરિણીત હતા.

મહિલાને લગ્નના 20 વર્ષ તો પતિ સાથે સારા વીત્યા હતા. પરંતુ ઘરમાં પુત્રના લગ્ન બાદ પતિએ પોતાની જ પુત્રવધુ સાથે ચક્કર ચલાવ્યું હતું.

## માંડવીના ઉશ્કેર ગામે દીપડો બાળકને ખેતરમાં ખેંચી ગયો, થોડા કલાક બાદ ફરી શિકાર કરવા આવતાં પાંજરે પુરાયો

(એજન્સી) બારડોલી | તા. 29

સુરત જિલ્લાના માંડવી તાલુકાના ઉશ્કેર ગામે એક દીપડાએ 7 વર્ષના બાળકને ફાડી ખાધો છે. મૂળ મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના અને સુરત જિલ્લામાં શેરડી કાપણી કરવા આવેલ શ્રમજીવી પરિવાર માંડવી તાલુકાના ઉશ્કેર ગામની સીમમાં પડાવ નાખી રહેતો હતો. ત્યારે ગતરોજ મોડી સાંજના સમયે શ્રમજીવી પરિવારનો સાત વર્ષનો અજય લાલસિંહ વસાવે જે ઘરની બહાર રમી રહ્યો હતો. એ દરમિયાન દબાતા પગે દીપડો આવ્યો અને બાળકને ખેંચીને નજીકના ખેતરમાં લઈ જઇ ફાડી ખાધો હતો.બાળક નજરે ન ચડતા પરિવારે શોધખોળ હાથ ધરી હતી. દીપડાના પંજાના નિશાન દેખાતા માંડવી વન વિભાગની ટીમને જાણ કરી હતી. આ દરમિયાન પડાવ નજીક 300 મીટર દૂર શેરડીના ખેતરમાં બાળક ફાડી ખાધેલી હાલતમાં મૃત મળી આવ્યો હતો. ઘટનાને પગલે સ્થળ પર દોડી ગયેલ માંડવી પોલીસ મથકના પીએસઆઈ વી.આર ચોસલા તેમજ માંડવી ફોરેસ્ટ ઓફિસર એચ.જે વાંદા તેમજ તેઓની ટીમે તપાસ હાથ ધરી હતી. બાળકના મૃતદેહનો કબજો લઈને નજીકમાં આરોગ્ય કેન્દ્રમાં પીએમ અર્થે લઈ ગયા હતા.

વન વિભાગની ટીમે દીપડાના હુમલાના ઘટનાસ્થળની આસપાસના વિસ્તારોમાં 10 પાંજરાઓ મારણ સાથે ગોઠવી દીધાં હતાં. તેમજ 7 ટીમો કામે લાગી ગઈ હતી. આ દરમિયાન બાળકને ફાડી ખાધા બાદ થોડી કલાકોનો અંતરે ફરી માનવભક્ષી દીપડો બાકી રહેલ શિકાર ખાવા આવતા પાંજરે પુરાઇ ગયો હતો.

વન વિભાગની ટીમ તુરંત દીપડાને પકડી સુરક્ષિત જગ્યાએ લઈ ગઇ હતી. ત્યારે હાલ માસૂમ બાળકને દીપડાએ ફાડી નાખી મોતને ઘાટ ઉતારતાં શ્રમજીવી પરિવારના પગ તળેથી જમીન સરકી ગઈ છે. સરકાર દ્વારા આપવામાં આવતી સહાય ટૂંક સમયમાં મળે તે માટે વન વિભાગની ટીમે કામગીરી પણ હાથ ધરી છે.



**બ્રેકિંગ ન્યૂઝ**

### અલિયાબાડાના ખેડૂત યુવાન પર હુમલો કરનાર ચાર શખ્સો સામે ગુનો નોંધાયો

જામનગર : જામનગર નજીક અલિયાબાડા માં રહેતા કિશન ભરતભાઈ મકવાણા નામના 23 વર્ષના આહિર યુવાન પર ગઈકાલે જૂની અદાવત ના કારણે હુમલો કરાયો હતો, અને તેને ઈજાગ્રત હાલતમાં સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં પંચકોશી એ. ડિવિઝનનો પોલીસ સ્ટાફ પહોંચી ગયો હતો. આહીર યુવાન પર જુની અદાલતના મન દુઃખમાં હુમલો કરનાર હુસેન ગફારભાઈ લાખા, અલ્તાફ ગફારભાઈ લાખા, ઈમરાન ઉંમર ભાઈ ગોરી અને અશગર ઉંમર ભાઈ ગોરી વગેરે ચાર શખ્સો સામે ગુનો નોંધ્યો છે.

### હરણીમાં 12 વર્ષની તરૂણી પર બળાત્કાર ગુજારનારને 20 વર્ષની કેદ

હરણી વિસ્તારમાં છ મહિના પહેલાં હવસખોરનો ભોગ બનેલી તરૂણી પ્રેગનન્ટ બનતાં પોલીસે બળાત્કારીને ઝડપી પાડયો છે. હરણી વિસ્તારમાં ગઈ તા.6-12-2020ના રોજ બનેલા બનાવ અંગે પીડિતાની શ્રમજીવી માતાએ પોલીસને કહ્યું હતું કે,મારી પુત્રી કામ અર્થે બહાર જઈ રહી હતી ત્યારે તેનો પીછો કરતા કરણ નામના યુવકે વાતોમાં ફોસલાવી હતી અને મેદાનમાં લઈ જઈ બળાત્કાર ગુજાર્યો હતો.હવસખોરે આ બનાવ બાદ પીડિતાને આ વાતની કોઈને જાણ કરીશ કે પોલીસ ફરિયાદ કરીશ તો તને અને તારા મા-બાપને મારી નાંખીશ તેવી ધમકી આપી હતી.

## બોરસદમાં ઈકો ગાડી ચોરી કરીને જઈ રહેલા કાર મૂકીને ફરાર, કાર મૂળ માલિકને પરત કરી

(એજન્સી) આણંદ | તા. 29

બોરસદ પંથકમાં ચોરી કરેલી ઈકો ગાડી લઈને જતાં તસ્કરો પોલીસને જોઈને ગાડી મુકીને ભાગી ગયાં હતાં. પોલીસે આ ગાડી તેના મુળ માલિકને સોંપી છે.

આણંદ જિલ્લા પોલીસ અધિક્ષકે જિલ્લામાં થતી ઘરફોડ તેમજ ચોરીના બનાવને અટકાવવા માટે અસરકારક નાઈટ પેટ્રોલીંગ કરવા સુચનાઓ આપી હતી. જે અન્વયે બોરસદ રૂરલ પોલીસની ટીમે સઘન નાઈટ પેટ્રોલીંગ હાથ ધર્યું હતું. તે દરમિયાન બોચસણ થી રૂદેલ જવાના રોડ તરફ સામેથી આવતી એક ઈકો ગાડી શંકાસ્પદ જણાતાં પોલીસે તેને સાઈડમાં ઉભી રાખવા ઈશારો કર્યો હતો. જોકે, ચાલકે ગાડી ઉભી ન રાખી આગળ હંકારી મુકી હતી. જેથી પોલીસે આ ગાડીનો પીછો કર્યો હતો. દરમિયાન ગાડીમાં સવાર અજાણ્યાં ઈસમો બોચાસણ રેલ્વે ફાટક નજીક ઈકો ગાડી મુકી, અંધારાનો લાભ લઈ ખેતરાળ રસ્તે ભાગી ગયાં હતાં. જે બાદ પોલીસે આ ઈકો ગાડી નંબર GJ 06 FQ 3949ની તલાશી લેતાં તેમાં ગાડીના કાગળોની ફાઈલ મળી આવી હતી. જેમાં વાહન માલિક ધવલકુમાર રણછોડભાઈ પટેલ (રહે. વાસણા, રામેશ્વરવુડ, જી. આઈ.ડી.સી, તા.બોરસદ, જી.આણંદ) હોવાનું જણાઈ આવ્યું હતું. જેથી પોલીસે મુળ માલિક ધવલભાઈ પટેલનો સંપર્ક કરી, આ ઈકો ગાડી સોંપી છે.



## નેત્રંગના રાજકુવામાં બકરા ચરાવવા ગયેલી બાળકી પર દીપડાએ હુમલો કરતાં મોત, દીપડાને પાંજરે પુરવા વન વિભાગની કવાયત...

(એજન્સી) ભરૂચ | તા. 29

ભરૂચના નેત્રંગના રાજાકુવા ગામે બકરા ચરાવવા ગામની સીમમાં ગયેલી બાળકી પર દીપડાએ હુમલામાં કરતાં મોત નીપજ્યું હતું.બાળકીને રાત્રીના નેત્રંગ આરોગ્ય કેન્દ્ર ખાતે પોસ્ટમોર્ટમ અર્થે લવતા ઝઘડીયા ના ધારાસભ્ય સહિતના આગેવાનો એકત્ર થયા હતા.વન વિભાગે દીપડાને પકડી પાડવા તાજવીજ હાથ ધરી છે.

ભરૂચ જિલ્લાના વાલીયા, નેત્રંગ સહિતના અનેક વિસ્તારોમાં દીપડા હોવાના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે તેઓ દ્વારા પશુઓનું મારણ પણ કરાયુ છે.ત્યારે ગતરોજ નેત્રંગ તાલુકાના રાજાકુવા ગામમાં માતા-પિતા મંજૂરી કામે જતા હોય તેના દાદા-દાદી સાથે રહેતી 10 થી 12 વર્ષીય લીલા કોટવાડિયા નામની બાળકી ગતરોજ સાંજના તેના ઘરની નજીક ગામની સીમમાં બકરા ચરાવવા માટે ગઈ હતી.આ સમયે બાળકી ઉપર એક માનવભક્ષી દીપડાએ બકરા ચરાવી રહેલી બાળકી પર અચાનક હુમલો કરી દીધો હતો.આ હુમલા બાળકીને ગંભીર ઈજાઓ પહોચતા તેનું મોત નીપજ્યું હતું.

આ ઘટના બાદ બાળકીના પરિવરમાં જાણે માતમ છવાઈ ગયો હતો.ઘટનાની જાણ થતાં નેત્રંગ પોલીસ સ્ટાફ સહિત વનવિભાગના અધિકારી સ્થળ પર દોડી આવ્યા હતા.પોલીસે બાળકીના મૃતદેહને નેત્રંગ આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડી કાર્યવાહી હાથ ધરી હતી.આ ઘટનાની જાણ થતાં ઝઘડિયાના ધારાસભ્ય રિતેશ વસાવા પણ અરોગ્ય કેન્દ્ર ખાતે દોડી આવ્યા હતા.તેમણે આવી ઘટના ફરી નહિ બને તે માટે જંગલ વિભાગના અધિકારીઓને સૂચના આપી છે ને જણાવ્યું છે કે આ માનવભક્ષી દીપડાને તાત્કાલિક પકડી લેવા માટે સૂચના આપી હતી.



# મારામારીના કેસમાં એક પરિવારના 5 મહિલા સહિતના 9 આરોપીની સજા કાયમ

(એજન્સી) ભાવનગર | તા.29

ઘરની સામે કચરો નાખતા બંને વચ્ચે બોલાચાલી અને ઝઘડો થયો હતો. દરમિયાન દયાબેનના પતિ મનસુખભાઈ સવજીભાઈ દાસોડીયા, દીકરો, દીકરાની વહુ, દીકરી જમાઈ સહિતના પરિવારના સભ્યો દોડી આવ્યા હતા અને હંસાબા જાડેજાને માર મારી લાકડી અને છરી વડે ઈજા કરી હતી. આ બનાવ અંગે હંસાબા જાડેજાએ સ્થાનિક બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. આ બનાવ અંગેનો કેસ ચીફ જ્યુડી. મેજિસ્ટ્રેટની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તેમજ વીથ પ્રોસિક્યુશન વકીલ હિરેન વી બધેકાની દલીલો અને પુરાવાઓને ધ્યાનમાં લઈને અદાલતે કુલ ૦૯ આરોપી પૈકી ૦૮ આરોપીઓ દયાબેન મનસુખભાઈ દાસોડીયા, મનસુખ સવજીભાઈ દાસોડીયા, જીગ્નેશ ઉર્ફે મુન્નો મનસુખભાઈ દાસોડીયા, ભાવનાબેન જીગ્નેશભાઈ દાસોડીયા, કાજલબેન ઉર્ફે બાવલી મનસુખભાઈ દાસોડીયા, હેતલબેન ઉર્ફે ચકુબેન સતિષભાઈ ડાભી, સતીશ મનજીભાઈ ડાભી, જાગૃતીબેન ઉર્ફે જાગુબેન મુકેશભાઈ મકવાણાને આઈપીસી કલમ ૩૨૩ તથા ૧૧૪ ના ગુનામાં એક માસની જેલની સજા અને રૂપિયા ૧૦૦૦ રોકડ દંડ ફટકાર્યો હતો. જ્યારે અન્ય એક આરોપી મુકેશ ગોકુળભાઈ મકવાણાને આઈપીસી કલમ ૩૨૩,૩૨૪ તથા ૧૧૪ ના ગુનાના કામે ત્રણ માસની જેલની સજા અને રૂ. ૫૦૦૦ દંડ ફટકાર્યો હતો.આ સિવાયના તમામ આઠ આરોપીઓને જેલ હવાલે કર્યા હતા.

## ન્યુઝ ફ્લેશ

### ગળતેશ્વર તાલુકાના 60 થી વધુ આરોગ્ય કર્મીઓ પગારથી વંચિત

નડિયાદ : ગળતેશ્વર તાલુકા આરોગ્ય વિભાગના ૬૦થી વધુ કર્મચારીઓ પગારથી વંચિત છે. દિવાળી પહેલા પગાર કરવાનો સરકારનો ઠરાવ હોવા છતાં આરોગ્ય કર્મીઓના પગાર ન થતાં તેમની હાલત કફોડી બની છે. દિવાળીના તહેવારને હવે માત્ર એક દિવસ બાકી છે. ત્યારે ગળતેશ્વર તાલુકા આરોગ્ય વિભાગ અંતર્ગત આવતા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર, ફીમેલ હેલ્થ વર્કર, ફાર્માસિસ્ટ સહિતના ૬૦થી વધુ કર્મચારીઓ પગારથી વંચિત છે.મહિનાની અંતિમ તારીખોમાં દિવાળીનો પર્વ હોવાથી કર્મચારીઓને તા.૨૫ની આસપાસ પગાર ચૂકવી દેવા સરકારે ઠરાવ કર્યો છે.

### ભામૈયા ગામે ગાડીએ બાઈક સવાર દંપતીને અડફેટે લેતા મહિલાનું મોત

ગોધરા : ગોધરા તાલુકા ભામૈયા ગામે પિકઅપ ચાલકે બાઈક સવાર દંપતીને અડફેટે લીધું હતું. જેમાં બાઈક પર સવાર મહિલાનું સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યું હતું. ભામૈયા ગામે આવેલા ઠાકોર ફળિયામાં રહેતા નરવતસિંહ યશવંતસિંહ રાઉલજીએ ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.ગત ૨૭ ઓકટોબર સાંજે સાડા છ વાગ્યે તેઓ કૈલાશબેનને પોતાની બાઈક પર બેસાડીને ભામૈયા ગામના બસ સ્ટેન્ડ પાસેથી પસાર થઈ રહ્યા હતા.તે વેળાએ પૂરઝડપે આવેલા એક પિકઅપ વાહનના ચાલકે બાઈક સવાર દંપતિને અડફેટે લીધું હતું.આ અકસ્માતમાં બંને વ્યક્તિઓ ફંગોળાઈને રોડ પર પડયા હતા. જેમાં નરવતસિંહ રાઉલજીને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

### ગુજરાતમાં અહીં કાળી ચૌદશના દિવસે યોજાશે ચમત્કારિક હવન, શું છે માન્યતા

ગાંધીનગર : હવનમાં જોડાઈને ચમત્કારિક મંત્રના 108 જાપ કરવાની સાથે સાથે નાડાછડીની ગાંઠ વાળતા હોય છે. 12: 39 વાગ્યાના શુભ મુહૂર્તે હવન શરૂ થાય છે. હવન સમયે 108 વખત ઘંટારવ કરીને દરેક ઘંટનાદ સાથે હવનમાં આહુતિ આપવામાં આવતી હોય છે. આ આહુતી સમયે મંદિર પરિસરમાં હાજર શ્રદ્ધાળુઓ નાડાછડી દોરી પર એક એક ગાંઠ બાંધે છે, એમ કુલ 108 આ હવાનનું વિશેષ મહત્ત્વ વર્ષમાં એકવાર થતી સુપ્રસિદ્ધ જૈન તીર્થ મહુડીમાં બિરાજમાન શ્રી ઘંટાકર્ણવીરની પ્રક્ષાલન વિધિ સહિતની ધૂપ, ફૂલ, આભૂષણ અને કેસર પૂજન વિધિનું વિશેષ પૂજાનું અનેરું મહત્ત્વ છે. આ વિધિમાં વીરના જમણા અંગુઠે કેસર પૂજા કરવામાં આવે છે. આ દિવસે શ્રદ્ધાળુઓ પગના અંગુઠાથી માથા સુધીની સાડા પાંચથી છ ફૂટની લંબાઈ ધરાવતી નાડાછડી અથવા લાલ રંગની કંદોરીની 108 ગાંઠો વાળે છે.

## જવાબદાર અધિકારીઓ કચેરીમાં જોવા ન મળ્યા

# સિહોર પાલિકામાં સફાઈકામદારો દ્વારા દિવાળી ટાણે જ પગાર મુદ્દે હોબાળો

(એજન્સી) સિહોર | તા.29




પ્રકાશના મહાપર્વ દિપોત્સવીના તહેવારને લઈને દેશભરમાં ચોમેર સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ દ્વારા તેના કર્મચારીઓને એકાદ સપ્તાહ અગાઉ જ પગાર તથા બોનસના ચૂકવણા કરાયા હતા. ત્યારે તેનાથી ઉલટુ ભાવનગર જિલ્લાની સિહોર નગરપાલિકાની જાણે કે, કંગાળ પરિસ્થીતિ સર્જાઈ હોય દિપોત્સવીની પર્વમાળાના પ્રથમ દિવસે પણ પગાર ન ચૂકવાતા પાલિકાના સફાઈકામદારો દ્વારા હોબાળો મચાવવામાં આવ્યો હતો. દિવાળી ટાણે જ હોળી જેવી સિહોર નગરપાલિકાની આ વિચિત્ર પરિસ્થિતિ ભાવનગર જિલ્લામાં ચર્ચાસ્પદ બનેલ છે.

સિહોર નગરપાલિકામાં સફાઈ કામદારોને દિવાળીના તહેવાર નિમીત્તે બોનસ, એરીયર્સ કે પગારના ચૂકવણા આજદિન સુધી કરવામાં આવ્યા ન હતા. દરમિયાન સોમવારે નીત્યક્રમ મુજબ ગેરેજ વિભાગમાં સફાઈકામદારો હાજરી પુરવા ગયા હતા ત્યારબાદ તેઓએ હાજર ઉચ્ચ અધિકારીઓ સમક્ષ પગાર, બોનસ અને એરીયર્સની પડતર માંગણી અંગે પૃચ્છા કરતા તેઓને સંતોષકારક જવાબ ન મળતા સેનેટરી ઈન્સ્પેકટર સામે સફાઈકામદારોએ રોષ ઠાલવી પાલિકાના છાજિયા લીધા હતા. પાલિકાની ભ્રષ્ટ નીતિરીતિ સામે તેઓએ પ્રબળ આક્રોશ વ્યકત કરી જણાવ્યુ હતુ કે, માત્ર ને માત્ર તેઓની પાસેથી કામગીરી કરાવાય છે, પરંતુ પગાર દેવા માટે કોઈ જવાબદાર અધિકારીઓ પાલિકામાં છે નહિ. દરમિયાન પાલિકાના ઈન્ચાર્જ એસ. આઈ. બળભદ્રસિંહ ચૌહાણે જણાવ્યુ હતુ કે, પગાર બાબતની જે ચર્ચા છે તે બાબત એકાઉન્ટ વિભાગ સંભાળી રહેલ છે અને હાલ એકાઉન્ટ વિભાગના અધિકારીઓ અને સાહેબ કોઈ કામ અર્થે અમદાવાદ ગયા હોય એટલા માટે આવતીકાલે એકાઉન્ટ શાખામાં તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. અત્રે એ ખાસ નોંધનીય છે કે, પાલિકાની કંગાળ સ્થિતીના કારણે દિવાળીના તહેવારના દિવસોમાં પણ પગાર ન કરાતા સફાઈ કર્મચારીઓ દ્વારા ગેરેજ વિભાગમાં હલ્લાબોલ મચાવાયો હતો ત્યારે કોઈ જવાબદાર અધિકારીઓ કચેરીમાં હાજર જોવા મળ્યા ન હતા.

### સર્ચ કમિટીએ 4 કલાકની નિર્ણાયક બેઠક યોજી 15 માં કુલપતિ માટે 3 નામ પસંદ કર્યા : જાહેરાતની રાહ

ભાવનગર : મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના ૧૫માં કુલપતિની પસંદગી અર્થે આજે મળેલી સર્ચ કમિટીની બેઠક પૂર્વધારણાં અનુસાર નિર્ણાયક સાબિત થઈ હતી. સર્ચ કમિટીએ આજે માત્ર ચાર જ કલાકમાં બેઠક આટોપી ૧૫માં કુલપતિ પદ માટે સર્વસંમતિથી ત્રણ નામોની પસંદગી કરી બંધ કવર શિક્ષણ વિભાગને સુપ્રત કરી દિધું હતું. આ વખતે સર્ચ કમિટીના આ ત્વરિત નિર્ણયના કારણે ખુદ શિક્ષણવિદો, ઉચ્ચ અધિકારીઓ અને દાવેદારો પણ આશ્ચર્યમાં મુકાઈ ગયા હતા. એક અંદાજ મુજબ સરકાર દિવાળી પૂર્વે સંભવતઃ કુલપતિ પદની જાહેરાત કરી દાવેદારને દિવાળીની ભેટ આપે તેવી શક્યતાઓ પણ સેવાઈ રહી છે. મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના ૧૫માં કુલપતિ પદ માટે રચાયેલી સર્ચ કમિટીની બેઠક આજે સવારના સુમારે અમદાવાદ ખાતે ચેરમેનના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

## જીએસટીની તપાસ : બીલ વગર થતો હતો ફટાકડાનો વેપાર

# ફટાકડાના જથ્થાબંધ બન્ને વેપારીને ત્યાંથી પોણા બે કરોડની કરચોરી ઝડપાઈ

(એજન્સી) ભાવનગર | તા.29




સ્ટેટ જીએસટી ભાવનગર ડિવિઝન દ્વારા ગત શુક્રવારના રોજ ફટાકડાનો હોલસેલ વેપાર કરતી શહેરની બે નામી પેઢીઓને ત્યાં તપાસ હાથ ધરવામાં આવી હતી. સતત બે દિવસ સુધી ચાલેલી તપાસમાં બન્ને પેઢીઓ દ્વારા બીલ વગર માલનું વેચાણ કરી કુલ પોણા બે કરોડની કરચોરી થઈ હોવાનું ખુલતા વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. ઘણાં સમય પછી સ્ટેટ જીએસટી વિભાગ એક્શનમાં આવતા કરચોરી કરનારા વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે.

સ્ટેટ જીએસટી ભાવનગર ડિવિઝન દ્વારા ગત શુક્રવારે સાંજે ૪ કલાકના અરસામાં શ્રીજી ફટાકડા અને જીતુ ફટાકડા એમ શહેરની બે નામી પેઢીઓના ચાર સ્થળોએ તપાસ હાથ ધરવામાં આવી હતી. વિભાગ દ્વારા શુક્રવારે શરૂ કરવામાં આવેલી તપાસ શનિવારે મોડી રાત સુધી ચાલી હતી. ૨૪ કલાક કરતા વધારે સમયની તપાસણીમાં વિભાગે પેઢીઓના ખરીદ-વેચાણ સ્ટોક સહિતની બાબતોની ચકાસણી કરી હતી. જેમાં બન્ને પેઢીમાંથી કુલ પોણા બે કરોડ રૂપિયાની કરચોરી ઝડપાઈ હતી. આ પેઢીઓ દ્વારા બીલ વગર માલનું વેચાણ કરી કરચોરી કરવામાં આવતી હોવાથી વિભાગ દ્વારા પેઢીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, સ્ટેટ જીએસટી વિભાગમાં મોટાપાયે અધિકારીઓની બદલીઓ થયા પછી લાંબા સમય સુધી વિભાગ સુષુપ્ત અવસ્થામાં હતો. પરંતુ દિવાળીની તેજીનો લાભ લઈ કરચોરી કરનારા વેપારીઓ સામે કાર્યવાહી કરવા વિભાગ એક્શન મોડમાં આવી ગયું અને ફટાકડાના હોલસેલ વેપારીઓ સામે કાર્યવાહી કરતા વેપારી આલમમાં વિભાગની આ કાર્યવાહી ચર્ચાનો વિષય બની હતી.સ્ટેટ જીએસટી ભાવનગર ડિવિઝન દ્વારા ભાવનગર ઉપરાંત અમરેલીની યોગી આઈસ્ક્રીમ પેઢીમાં તપાસ હાથ ધરવામાં આવી હતી અને વિભાગની તપાસ દરમિયાન આઈસ્ક્રીમની પેઢીમાં ૩૨ લાખની કરચોરી ઝડપાતા વિભાગ દ્વારા પેઢી સામે કાર્યવાહી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.



### આણંદ શહેરમાં છેલ્લી ઘડીની ખરીદી માટે લોકો ઉમટયાં

(એજન્સી) આણંદ | તા.29

દિવાળી પર્વને ગણતરીના દિવસો બાકી છે, ચાલુ વર્ષે અંતિમ તારીખોમાં દિવાળીનો તહેવાર આવતા પર્વ પૂર્વે બજારમાં ઘરાકી ઓછી નીકળી હતી. જોકે, મોટાભાગના નોકરિયાતોના એડવાન્સ પગાર થતાં તેમજ કેટલાક નોકરિયાતોને બોનસ મળતા આણંદ જિલ્લામાં હવે છેલ્લી ઘડીની ખરીદી માટે લોકો ઉમટી રહ્યાં છે. કપડા, ચપ્પલ, ગૃહ સુશોભન સહિતની ચીજ-વસ્તુઓની ખરીદીમાં જિલ્લાવાસીઓ વ્યસ્ત બન્યા છે. તહેવાર પહેલા આખરે સારી ઘરાકી નીકળતા વેપારીઓએ પણ રાહતનો શ્વાસ લીધો હતો અને આનંદની લાગણી છવાઈ છે. જોકે, આણંદના ગામડીવડથી રેલવે ગોદી સુધીના રસ્તાઓ, જૂના બસ મથક વિસ્તારમાં મોટાભાગની દુકાનો આવેલી હોવાથી, વેપારીઓ દ્વારા તંબુ બાંધવા તેમજ રસ્તાઓ અને ફૂટપાથ ઉપર લારી-ગલ્લાંવાળા, પાથરણાવાળાઓ વેપાર કરતા હોવાથી ટ્રાફિકજામની સમસ્યા ઉભી થઈ છે.



### દિવાળીના તહેવાર ટાણે એકાંતરે પાણી વિતરણથી લોકોને રઝળપાટ

(એજન્સી) કપડવંજ | તા.29

કપડવંજ નગરપાલિકા ૩૦ વર્ષથી નાગરિકો પાસેથી આખા વર્ષનો ટેક્સ વસુલે છે. છતાં દર બીજા દિવસે પીવાનું પાણી પુરૂ પાડે છે. જેના કારણે તહેવારમાં જ પાણીની તંગીને કારણે ગૃહિણીઓ સહિત નાગરીકોમાં કચવાટ ઉભો થયો છે. ત્યારે પાલિકા રોજ નિયમિત પાણી પુરૂ પાડે તેવી માંગણી ઉઠી છે. કપડવંજમાં નેતાગીરીના અભાવે હાલ તહેવારો ટાણે જ પાણીની મોકાણ ઉભી થઈ છે. ચૂંટણી ટાણે ઠાળા વચનો અપાયા હતા કે કપડવંજમાં રોજ નિયમિત પાણી મળશે. જ્યારે હાલ કપડવંજ પાલિકા વિસ્તારમાં તંત્ર નાગરિકોને એકાંતરે પાણી પુરૂ પાડી શકે છે. જેના કારણે દિવાળીના પર્વને લઈ ઘરની સાફ-સફાઈમાં ગૃહિણીઓ ભારે હાલાકી વેઠી રહી છે. પુરતું પાણી નહીં મળવાના કારણે ખરીદી કે બીજા કામમાં લાગવાની બદલે લોકો ઘરમાં પાણી કઈ રીતે ભરવું કે મેળવવું તેની મોકાણમાં જ વ્યસ્ત રહે છે. જ્યારે બીજી તરફ સંપૂર્ણ ટેક્સ ભરવા છતાં પીવાનું પાણી ખરીદીને લેવા કપડવંજના નાગરિકો મજબૂર બન્યા છે.



### મહુધાના વડા તળાવમાં ગંદકી અને કુંભવેલનું સામ્રાજ્ય

(એજન્સી) મહુધા | તા.29

મહુધામાં આવેલા પાંચેય તળાવોમાં ગંદકી ફેલાઈ છે. નગરના મુખ્ય એવા વડા તળાવનું રૂ.૩.૮૦ કરોડના ખર્ચે બ્યૂટીફિકેશનનું કામ ચાલી રહ્યું છે. પરંતુ તળાવમાં ફેલાયેલી કુમ્ભવેલ અને ગટરના પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા કરવામાં ન આવી હોવાની ફરિયાદ સાથે સ્થાનિકોએ પાલિકા કચેરી ખાતે રજૂઆત કરી હતી. સત્વરે તળાવની સફાઈની માંગ કરી હતી. મહુધા નગરપાલિકામાં આવેલા કલેસરિયું તળાવ, મીઠી તળાવ, નડિયાદી ભાગોળનું તળાવ, ઘારી તળાવ અને નગરનું મુખ્ય વડા તળાવમાં ગંદકી ફેલાયેલી છે. હાલમાં રૂ. ૩.૮૦ કરોડના ખર્ચે વડા તળાવના બ્યૂટીફિકેશનનું કામ ચાલી રહ્યું છે. પરંતુ તળાવની અંદર સફાઈ કરવામાં આવી રહી નથી. તળાવમાં કુમ્ભવેલનું સામ્રાજ્ય ફેલાયેલું છે. તેમજ ગટરના પાણી તળાવમાં ભળી રહ્યા હોવાનો આક્ષેપ નગરજનો લગાવી રહ્યા છે.



### આરોગ્ય કેન્દ્રોમાં ગુટલીબાજ કર્મીઓ પર 'બાયોમેટ્રિકથી હાજરી'નો ગાળિયો કસાયો

(એજન્સી) ભાવનગર | તા.29

ભાવનગર મહાનગરપાલિકા હસ્તકના આરોગ્ય કેન્દ્રમાં ગુટલીબાજ કર્મચારીઓ અને આરોગ્ય કર્મચારીઓ પર તંત્રએ લાલ આંખ કરી છે. મહાપાલિકાએ તમામ ૪૦ કેન્દ્રો ખાતે કર્મચારીઓના આવન-જાવનની હાજરી નોંધતાં બાયોમેટ્રિક ડીવાઈસને લગાવ્યું છે. આ ડીવાઈસથી હાજરીના કારણે આરોગ્ય કેન્દ્રોમાં ગુટલીબાજોની ફરજમાં બેદરકારી અંગે અંકુશ આવશે તેવો દાવો કરવામાં આવ્યો છે. ભાવનગર મહાનગરાપલિકાના આરોગ્ય વિભાગ હસ્તક હાલ શહેરમાં સામુહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, આયુષ્માન આરોગ્ય મંદિર, સીપીએમ યુનિટ, સિટી ટીબી ઓફિસ સહિત ૪૦ સ્થળોએ આરોગ્ય કર્મચારીઓ ફરજ બજાવે છે. અલગ-અલગ સંવર્ગ જેમ કે મેડિકલ ઓફિસર, ફાર્માસિસ્ટ, લેબ ટેકનિશિયન, સ્ટાફ નર્સ, મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર, કોમ્પ્યુટર ઓપરેટર વિગેરે પદ પર ફરજ બજાવતાં કર્મચારીઓ પૈકી અમુક કેન્દ્રો ખાતે અમુક કર્મચારીઓ ફરજ પર હાજર રહેતા ન હોવાની મહાપાલિકા તંત્રને ફરિયાદો મળી હતી.

## અમરેલી ખાતે વડાપ્રધાનના કાર્યક્રમને અનુલક્ષીને

# ભાવનગરના 8 ડેપોની 50 એસટી બસ અમરેલી ફાળવાતા હજારો મુસાફરો રઝળ્યાં

(એજન્સી) ભાવનગર | તા.29



અમરેલી ખાતે આયોજિત વડાપ્રધાનના કાર્યક્રમને અનુલક્ષીને ભાવનગર ડિવિઝનના ૮ ડેપોની ૫૦ એસટી બસ અમરેલી ફાળવાતા રૂટ કેન્સલ થવાના કારણે મુસાફરો રઝળી પડયા હતા.

આજે રમા એકાદશીની ઉજવણી સાથે દીપોત્સવીની પર્વમાળાનો પ્રારંભ થયો છે. દીપાવલિ અને વિક્રમ સંવતના નૂતન વર્ષની ઉજવણી અંતર્ગત ખરીદી માટે લોકો મુખ્ય મથક પર ખરીદી માટે જતા હોય છે. એ જ રીતે જેઓ નોકરી-વ્યવસાય અર્થે બહારગામ હોય તેઓ તહેવારની ઉજવણી માટે વતનમાં આવતા હોય છે. પખવાડિયા પછી ચાતુર્માસની પૂર્ણાહૂતિ સાથે લગ્નસરાની મોસમ શરૂ થશે. તેને લઈને પણ હાલ નજીકના મુખ્ય મથકે આવેલ બજારમાં ખરીદી કરવા લોકો ઉમટતા હોય છે. આ સ્થિતિમાં પરિવહન સેવાનું મુખ્ય માધ્યમ એસ.ટી. હોય છે. હવે ભાવનગર એસ.ટી. ડિવિઝન હેઠળના ભાવનગર, મહુવા, પાલિતાણા, તળાજા, ગારિયાધાર, બોટાદ, ગઢડા અને બરવાળા સહિત કુલ ૮ ડેપોની કુલ ૫૦ એસ.ટી. બસ અમરેલી ખાતે આયોજિત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમને અનુલક્ષીને અમરેલી ફાળવી દેવાતા સંખ્યાબંધ રૂટ કેન્સલ થયા હતા. જેના લીધે મુસાફરો રઝળી પડયા હતા. લોકોને આવન-જાવનમાં ભારે પરેશાનીનો સામનો કરવો પડયો હતો. જેથી લોકોમાં ભારે નારાજગી જન્મી હતી.

## ઊંચા ભવનમાં 500 એસી, 300 નોન એસી રૂમ : પાર્કિંગની પણ વ્યવસ્થા

# સાળંગપુર હનુમાનજી મંદિર પરિસરમાં 1100 રૂમ ધરાવતાં યાત્રિક ભવનનું કાલે લોકાર્પણ

(એજન્સી) ભાવનગર | તા.29

બોટાદ જિલ્લામાં આવેલાં જગપ્રસિધ્ધ સાળંગપુર કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર પરિસરમાં રૂા.૨૦૦ કરોડના ખર્ચે તૈયાર થયેલાં અત્યાધુનિક ૧૧૦૦ રૂમ ધરાવતાં ગોપાળાનંદ સ્વામિ યાત્રિક ભવનનું આગામી તા.૩૧ને ગુરૂવારના રોજ કેન્દ્રિય ગૃહમંત્રી અને વડતાલ ગાદીના આચાર્યના હસ્તે લોકાર્પણ થશે.

આ અંગે વિગત આપતાં ટ્રસ્ટના હરિપ્રકાશદાસજી સ્વામિ અને કોઠારી વિવેકસાગરદાસજીએ સયુંકત રીતે વિગત આપી હતી. તેમણે જણાવ્યું કે, રાજ્યમાં આવેલાં ધાર્મિક સ્થળોમાં સૌથી વધુ રૂમ ધરાવતાં અને સાળંગપુર મંદિરના પરિસરમાં બનાવવામાં આવેલાં ૮ ફ્લોરવાળા અને ૧૦૮ ફૂટ ઊંચા



ગોપાળાનંદ સ્વામિ યાત્રિક ભવન(ગેસ્ટ હાઉસ)ની બિલ્ડીંગને ૩૪૦ કોલમ પર ઊભું કરવામાં આવ્યું છે. મંદિર પરિસરમાં નવા ભોજનાલયની પાછળ આવેલી ૨૦ વિઘા વિશાળ જમીનમાં ૯ લાખ સ્કે.ફૂટથી વધુના બાંધકામ સાથે બનાવાયેલાં ઈન્ડિયન રોમન સ્ટાઈલ મુજબના ફાયર સેફ્ટીથી સજ્જ ભવનમાં ૫૦૦ એસી, ૩૦૦ નોન એસી, પાંચ સર્વન્ટ હોલ, ૧૪ સ્ટોરરૂમ સહિત યાત્રિકો માટે એક સમયે એક સાથે એક હજાર રૂમ ઉપલબ્ધ બની શકશે. યાત્રાળુંઓ ગણતરીની મિનિટોમાં જ રૂમ બુક કરાવી શકે અને પોતાના રૂમમાં સરળતાથી પહોંચી શકે તે માટે દાદર ઉપરાંત, ૧૦ હાઈસ્પીડ લિફ્ટની સુવિધા પણ છે. તો આ મોટી ઉંમરના દર્શનાર્થી યાત્રાળુઓ માટે ભવનમાં જ કેન્ટીન પણ બનાવાઈ છે. તેમણે ઉમેર્યું કે, ૩૦૦ હાઈટેક કેમેરાથી સજ્જ યાત્રિક ભવનની બહાર વિશાળ પાર્કિંગ પણ બનાવાયું છે. જેમાં ૨૫૦૦થી વધુ કાર, ૧ હજાર ટુવ્હીલર અને ૫૦ બસ પાર્ક થઈ શકશે. તા.૩૧ના રોજ સવારના ૮ કલાકથી યોજાનાર આ લોકાર્પણ વેળાએ કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ ઉપરાંત,વડતાલ ગાદીના આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજ તથા વડતાલ ટેમ્પલ બોર્ડના વડીલ સંતાઅને આમંત્રિતો હાજર રહેશે.

### ખેડા જિલ્લાના આરોગ્ય કેન્દ્રોમાં ગેરહાજર 13 કર્મચારીની બદલી

(એજન્સી) નડિયાદ | તા.29

આરોગ્ય કેન્દ્રમાં તા. ૨૨ અને ૨૩મી દરમિયાન ઓચિંતિ મુલાકાત લેવામાં આવી હતી. જેમાં ગેરહાજર જણાયેલા ૧૩ જેટલા આરોગ્ય કર્મચારીઓની દિવાળી પહેલાં શિક્ષાત્મક બદલી કરી નાખવામાં આવી છે. જ્યારે ત્રણ કર્મચારીઓની વહીવટી કારણોસર બદલી કરાઈ છે.જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા આરોગ્ય અધિકારી સહિતના વર્ગ એકના અધિકારીઓ દ્વારા તા. ૨૨ અને ૨૩ ઓક્ટોબર દરમિયાન જિલ્લાભરના જુદા જુદા આરોગ્ય કેન્દ્રમાં અચાનક તપાસ કરવામાં આવી હતી. જેમાં આરોગ્ય કેન્દ્રમાં ચાલુ ફરજ દરમિયાન ૧૩ જેટલા કર્મચારીઓ ગેરહાજર હોવાનું જણાઈ આવ્યું હતું. જેમાં વિરલબેન આર. પરમાર, એમ. કે. બૌદ્ધ, સતીશ આર. મકવાણા, જયદીપકુમાર ગીરીશભાઈ મકવાણા, જયેશકુમાર બી. ઠક્કર, જીજ્ઞાસુ એમ. માછી, સોનલ જે. પામર, વૈભવી ડી. પટેલ, કે.એન. પરમાર, બી.આર. ગોહિલ, સતીશ એ. પટણી, વૈશાલી પટેલ, તેજલ પટેલ પોતાના ફરજના સ્થળ પર ગેરહાજર હતા. જેથી તેમની બદલી કરવામાં આવી છે.

## આપનો આજનો દિવસ


**મેષ (અ,લ,ઇ)**
આજે કેટલાક નવા સંબંધો બનશે, જે સારા નસીબ પણ લાવશે. તમારી કોઈપણ સમસ્યાનો ઉકેલ આવશે. નવી યોજનાઓ પર પણ ચર્ચા થશે.


**વૃષભ (બ,વ,ઉ)**
કંઈક નવું શીખવાની ઈચ્છા થશે. વ્યવસાય અને પારિવારિક જીવન વચ્ચે વધુ સારો તાલમેલ જાળવી રાખવાથી તમે અન્ય કાર્યોમાં પણ ધ્યાન કેન્દ્રિત કરી શકશો.


**મિથુન (ક,છ,ઘ)**
તમે હજુ પણ તમારા બાળકો પ્રત્યેની તમારી જવાબદારીઓ નિભાવી શકશો. સ્થાન પર થોડો સમય પસાર કરવાથી શાંતિ મળશે.


**કર્ક (ડ,હ)**
વર્તમાન વાતાવરણમાં તમે બનાવેલી નવી નીતિઓને કારણે તમારી ઘણી સમસ્યાઓ દૂર થઈ જશે. જો તમે રોકાણ સંબંધિત કોઈ યોજના, તો તે તમારા માટે શુભ રહેશે.


**સિંહ (મ,ટ)**
પરિવારમાં ચાલી રહેલી સમસ્યાઓ તમારા પ્રયત્નોથી દૂર થઈ શકે છે. કામ પ્રત્યે તમારો દ્રષ્ટિકોણ બીજા કરતા અલગ હોઈ શકે છે અને તે વધુ સારું પણ રહેશે.


**કન્યા (પ,ઠ,ણ)**
જો પૈસા ક્યાંક લાંબા સમયથી અટવાયેલા છે તો તેને મેળવવા માટે આજનો સમય શ્રેષ્ઠ છે. સંબંધોમાં ચાલી રહેલી અણબનાવ દૂર થશે.


**તુલા (ર,ત)**
જો કોઈ સરકારી કાર્ય ચાલી રહ્યું હોય તો કોઈ અધિકારીની જો પૈસા ઉધાર કે ક્યાંક ફસાયેલા હોય તો તે પણ વસૂલ કરી શકાય છે. તમે ખાસ લોકોને મળશો.


**વૃશ્ચિક (ન,ય)**
તમને સામાજિક અને સમાજ સંબંધિત પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની તક મળશે. ચેરિટી વગેરેમાં પૈસા દાન કરવાથી તમે હળવાશ અનુભવશો.


**ધન (ભ,ધ,ફ)**
છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી મહેનત સફળ થવા જઈ રહી છે. જો તમે કોઈ પ્રોપર્ટી વગેરેમાં પૈસા રોકવાનું વિચારી રહ્યા છો તો તરત જ નિર્ણય લો.


**મકર (ખ,જ)**
તમારા સંયમ અને નમ્રતાનો અન્યો પર સકારાત્મક પ્રભાવ પડશે. નકામી અફવાઓ પર ધ્યાન ન આપો અને તમારા કામમાં વ્યસ્ત રહો.


**કુંભ (ગ,શ,સ)**
કાર્યોમાં સક્રિયપણે ભાગ લેશો. તેનાથી તમારું સન્માન અને દરજ્જો વધશે. વિદ્યાર્થીઓને તેમના અભ્યાસમાં આવતી કોઈપણ સમસ્યામાંથી રાહત મળશે.


**મીન (દ,ચ,ઝ,થ)**
તમારા વિચારોને કોઈ ખાસ હેતુ માટે યોગ્ય મહત્વ મળશે. જેના કારણે તમે તમારી અંદર મનોબળ અને ઉર્જાનો અનુભવ કરશો. લાંબા અંતરના સંપર્કો મજબૂત બનશે.

# ધનતેરસે સોના-ચાંદીમાં રોકાણ મંગલમય, રોકાણકારોને છેલ્લા 7 વર્ષથી કમાણી જ કમાણી

(એજન્સી) મુંબઈ | તા 29

ધનતેરસના શુભ દિને સોના-ચાંદીની ખરીદી અને રોકાણ શુભ ગણાય છે. આ કિંમતી ધાતુ વાસ્તવમાં રોકાણકારો માટે મંગલમય સાબિત થઈ છે. છેલ્લા સાત વર્ષથી સોના-ચાંદીમાં રોકાણકારોને કમાણી જ કમાણી થઈ છે. 2021ને બાદ કરતાં 2016થી સોનામાં વાર્ષિક ધોરણે આકર્ષક રિટર્ન મળ્યું છે. ગત ધનતેરસે સોના-ચાંદીમાં કરેલું રોકાણ આજે રોકાણકારોને આકર્ષક 30 ટકાથી વધુ રિટર્ન આપી રહ્યું છે. અમદાવાદ બુલિયન બજારમાં ધનતેરસથી ધનતેરસ સોનાના ભાવ રૂ. 19000 પ્રતિ 10 ગ્રામ અને ચાંદીના ભાવ રૂ. 25000 પ્રતિ કિગ્રા વધ્યા છે. વૈશ્વિક પડકારો વચ્ચે છેલ્લા એક વર્ષથી સોના-ચાંદીની કિંમતો સતત વધી રહી છે. ના કરતાં ચાંદીના રોકાણકારોને સવાયુ રિટર્ન મળ્યું છે.



અમદાવાદમાં ધનતેરસથી ધનતેરસ સોનામાં 10 ગ્રામદીઠ 30.64 ટકા જ્યારે ચાંદીમાં કિગ્રાદિઠ 34.72 ટકા ઉછાળો નોંધાયો છે. ગત 10 નવેમ્બરે સોનાની કિંમત રૂ. 62000 પ્રતિ 10 ગ્રામ અને ચાંદીની કિંમત રૂ. 72000 પ્રતિ કિગ્રા હતી. ગઈકાલે સોનુ રૂ. 81000 પ્રતિ 10 ગ્રામ અને ચાંદી રૂ. 97000 પ્રતિ કિગ્રા પર ક્વોટ થઈ હતી. મોતિલાલ ઓસ્વાલ ફાઈનાન્સિયલ સર્વિસિઝના કોમોડિટી રિસર્ચ એનાલિસ્ટ માનવ મોદીના જણાવ્યા પ્રમાણે, જિઓ-પોલિટિકલ ક્રાઈસિસ, અમેરિકામાં ચૂંટણી અંગે અનિશ્ચિતતાઓ, ફેડ રેટ કટ જેવા પરિબળોના કારણે સોના-ચાંદીમાં પોઝિટિવ ટ્રેન્ડ રહેવાની શક્યતા છે. ટૂંકા ગાળા માટે 5થી 7 ટકા સુધીનું કરેક્શન આવી શકે છે. પરંતુ આગામી મધ્યમથી લાંબા ગાળા માટે સોના-ચાંદીનો આઉટલૂક પોઝિટિવ છે. ઔદ્યોગિક માગ અને વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે ચાંદી સોના કરતાં વધુ સારો દેખાવ કરશે તેવી અપેક્ષા દર્શાવાઈ છે. આગામી એક વર્ષમાં એમસીએક્સ ખાતે ચાંદી રૂ. 1,25,000 પ્રતિ કિગ્રા અને કોમેક્સ ચાંદી 40 ડોલર પ્રતિ ઔંશનું લેવલ કુદાવશે. એમસીએક્સ સોનુ આગામી એક વર્ષમાં રૂ. 86000 પ્રતિ 10 ગ્રામ અને કોમેક્સ સોનું 3000 ડોલર પ્રતિ ઔંશના સ્તરે પહોંચવાનો આશાવાદ છે.

# ખાંડમાં સરકારે નવેમ્બર માટે મુક્ત વેંચાણનો ક્વોટા 3.50 લાખ ટન ઘટાડયો

(એજન્સી) મુંબઈ | તા 29

નવી મુંબઈ ખાંડ બજારમાંથી મળેલા સમાચાર મુજબ કેન્દ્ર સરકારે નવેમ્બર મહિના માટે ખાંડનો મુક્ત વેંચાણનો ક્વોટા ૨૨ લાખ ટનનો છૂટ્ટો કરવાનો નિર્ણય કર્યો છે. આ દરમિયાન, ઓકટોબર મહિનાના સિલ્લક બચેલા કરવેરાને એક્સ્ટેશન નહિં આપવામાં આવશે એવા નિર્દેશો પણઅ્યા હતા. આ પૂર્વે સરકારે ઓકટોબર મહિનાનો આવો ક્વોટા ૨૫ લાખ ૫૦ હજાર ટનનો આવ્યો હતો. ઓકટોબરમાં દિવાળીના તથા અન્ય વિવિદ તહેવારો નવરાત્રી-દશેરા વિ. આવ્યા હોવાથી સરકારે ઓકટોબરનો ક્વોટા મોટા આપ્યો હતો અને હવે નવેમ્બરમાં તહેવારો પૂરહા થતાં તથા નવેમ્બરમાં ગરમી ઘટી ઠંડી શરૂ થવાની ગણતરી વચ્ચે



ખાંડની માગ ઙટવાની શક્યતા વચ્ચે સરકારે નવેમ્બર માટે ખાંડનો ક્વોટા ૩ લાખ ૫૦ હજાર ટન ઓછો આવ્યાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. દરમિયાન, નવી મુંબઈ ખાંડ બજારમાં આજે જથ્થાબંધ બજારમાં ભાવ કિવ.દીઠ રૂ.૩૬૯૨થી ૩૭૮૨ તથા સારા માલોના ભાવ રૂ.૩૭૫૨ થી ૩૯૫૬ સુધી બોલાઈ રહ્યા હતા.

## NEWS BRIEF

### Swiggy 6 નવેમ્બરે તેની પ્રારંભિક જાહેર ઓફર (IPO) લોન્ચ કરી શકે છે

મુંબઇ | ઓનલાઈન ઓર્ડર લઈને ખાદ્યપદાર્થો અને કરિયાણાની વસ્તુઓ સપ્લાય કરતી અગ્રણી કંપની Swiggy 6 નવેમ્બરે તેની પ્રારંભિક જાહેર ઓફર (IPO) લોન્ચ કરી શકે છે. સૂત્રોએ સોમવારે આ જાણકારી આપી. કંપની IPO દ્વારા રૂપીયા 11,300 કરોડ એકત્ર કરવાની યોજના બનાવી રહી છે. IPO હેઠળના શેરની કિંમતની રેન્જ રૂપીયા 371 થી રૂપીયા 390 ની વચ્ચે હશે. સૂત્રોએ જણાવ્યું હતું કે ઈસ્યુ 8 નવેમ્બરે બંધ થશે અને એન્કર રોકાણકારો 5 નવેમ્બરે શેર માટે બિડ કરી શકશે. તેમણે કહ્યું કે કંપનીના રૂ. 11,300 કરોડના આઈપીઓમાં તાજા ઇશ્યૂનો હિસ્સો રૂપીયા 4,500 કરોડ છે, જ્યારે રૂપીયા 6,800 કરોડના મૂલ્યની ઓફર ફોર સેલ (ઓએફએસ) કરવામાં આવશે. OFS માં ભાગ લેનારા શેરધારકોમાં Accel India IV (Mouritius) Ltd., Apoleto Asia Ltd., Alpha Wave Ventures, LP, Coatue PE Asia XI LLC, DST EuroAsia V B.V., Elevation Capital V Ltd., Inspired Elite Investments Ltd., MIH નો સમાવેશ થાય છે. ઇન્ડિયા ફૂડ હોલ્ડિંગ્સ BV, નોર્થવેસ્ટ વેન્ચર પાર્ટનર્સ VII-A મોરિશિયસ, અને Tencent ક્લાઉડ યુરોપ BV. એક્સેલ, એલિવેશન કેપિટલ અને નોર્વેસ્ટ વેન્ચર્સ જેવા પ્રારંભિક રોકાણકારો તેઓ જે શેર વેચે છે તેના પર 35 ગણું વળતર મેળવવા માટે તૈયાર છે, જ્યારે સોફ્ટબેંક સતત રોકાણકાર છે.

### એનર્જી કંપનીને થયો 200 કરોડનો નફો, શેર ખરીદવા ઉમટી પડ્યા રોકાણકારો

મુંબઈ | રિન્યુએબલ એનર્જી કંપનીએ ચાલુ નાણાકીય વર્ષ માટે સપ્ટેમ્બર ક્વાર્ટરના પરિણામો આજે સોમવારે અને 28 ઓક્ટોબરના રોજ જાહેર કર્યા છે. જુલાઈથી સપ્ટેમ્બર ક્વાર્ટરમાં એનર્જી કંપનીનો ચોખ્ખો નફો 96 ટકા વધીને 200.20 કરોડ થયો હતો. કંપનીની BSE ફાઈલિંગ અનુસાર, ગયા વર્ષે કંપનીનો ચોખ્ખો નફો 102.29 કરોડ હતો. રિન્યુએબલ એનર્જી કંપનીની આવક નાણાકીય વર્ષ 2024-25 ના બીજા ક્વાર્ટરમાં 48 ટકા વધીને 2,092.99 કરોડ થઈ છે, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં 1,417.21 કરોડ હતી. તમને જણાવી દઈએ કે કંપનીની આવક વિન્ડ ટર્બાઈન જનરેટર સેગમેન્ટ અને સુઝલોન ઓપરેશન અને મેઈન્ટેનન્સ સેવાઓ જેવા સેગમેન્ટમાંથી થાય છે. વિન્ડ ટર્બાઇન જનરેટર સેગમેન્ટની આવક બીજા ક્વાર્ટરમાં 72.14 ટકા વધીને 1,507.07 કરોડ થઈ છે, જે એક વર્ષ અગાઉના સમયગાળામાં 875.47 કરોડ હતી. સુઝલોન એનર્જી લિમિટેડ પુણે, ભારતમાં સ્થિત પુનઃપ્રાપ્ય ઊર્જા કંપની અને વિન્ડ ટર્બાઈન ઉત્પાદક કંપની છે. સુઝલોન એનર્જી લિમિટેડનો શેર સોમવારના ટ્રેડિંગ સેશનમાં 7 ટકા વધીને 72.66 પર હતો. તમને જણાવી દઈએ કે આ સ્ટોક એક મહિનામાં 12% ઘટ્યો છે.

### 50% ઘટ્યો આ કંપનીનો નફો, અદાણીની દિગ્ગજ કંપનીઓમાં થાય છે તેનો સમાવેશ

મુંબઈ | અદાણીની આ કંપનીએ ચાલુ નાણાકીય વર્ષના સપ્ટેમ્બર ક્વાર્ટરના પરિણામો આજે સોમવારે અને 28 ઓક્ટોબરના રોજ જાહેર કર્યા છે. સપ્ટેમ્બર ક્વાર્ટરમાં કંપનીના નફામાં વાર્ષિક ધોરણે ઘટાડો થયો છે. અદાણીની આ કંપનીએ જણાવ્યું હતું કે સપ્ટેમ્બરમાં પૂરા થયેલા ચાલુ નાણાકીય વર્ષ 2024-25ના બીજા ત્રિમાસિક ગાળા માટે સંકલિત ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 50 ટકા ઘટીને 3,297.52 કરોડ રૂપિયા થયો છે. કંપનીએ ગયા નાણાકીય વર્ષ 2023-24ના બીજા ક્વાર્ટર (જુલાઈ-સપ્ટેમ્બર)માં રૂ. 6,594.17 કરોડનો ચોખ્ખો નફો મેળવ્યો હતો. તેનું મુખ્ય કારણ ઓછી આવકની સાથે સાથે વધુ ટેક્સ પણ છે. કંપનીનો શેર આજે નજીવા વધારા સાથે રૂ. 595.20 પર બંધ થયો હતો. અદાણી પાવરે શેરબજારને આપેલી માહિતીમાં જણાવ્યું હતું કે, ગયા વર્ષે તમામ મોટા નિયમનકારી મામલાની પતાવટ અને ડિસ્કોમ્સ (વીજળી વિતરણ કંપનીઓ) પાસેથી લેણાંની વસૂલાત પછી, નાણાકીય વર્ષ 2024-25ના પ્રથમ છ મહિનામાં (એપ્રિલ-સપ્ટેમ્બર 2024) એકસાથે 1020 કરોડ રહી હતી, જ્યારે નાણાકીય વર્ષ 2023-24ના પ્રથમ છ મહિનામાં તે રૂ. 9,278 કરોડ હતો. સમીક્ષા હેઠળના ક્વાર્ટરમાં કંપનીની કુલ આવક ઘટીને રૂ. 14,062.84 કરોડ થઈ છે.

# દિવાળીમાં રિટેલમાં રૂપિયા 4.25 લાખ કરોડનો વિક્રમી વેપાર થવાનો અંદાજ

(એજન્સી) નવી દિલ્હી | તા. 29

વર્તમાન વર્ષની દિવાળીમાં રિટેલમાં રૂપિયા ૪.૨૫ લાખ કરોડનો વેપાર થવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે. રક્ષા બંધન, નવરાત્રિ તથા કરવા ચોથમાં જોવા મળેલા વેપાર ટ્રેન્ડસને આધારે કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (કેઈટ)નો આ અંદાજ આવી પડયો છે. એકલા દિલ્હીમાં જ દિવાળીમાં રૂપિયા ૭૫૦૦૦ કરોડનો માલસામાન વેચાવાની ધારણાં છે. દિવાળીના તહેવાર માટે દિલ્હી સહિત દેશના નાનામોટા શહેરોમાં વેપારને લઈને ટ્રેડરો આશાવાદી છે. વર્તમાન



વર્ષમાં ચોમાસુ સારુ રહેતા ગ્રામ્ય માગ ઊંચી રહેવાની શકયતા જોવાઈ રહી છે. સારા વેપાર થવાની અપેક્ષાએ ટ્રેડરો અગાઉથી જ માલનો સ્ટોક કરીને બેઠા છે. આ વર્ષે ધનતેરસ તથા દિવાળીના મુહુર્તને લઈને અસમંજસની સ્થિતિ હોવાથી ખરીદી લાંબી ચાલવાની પણ રિટેલરોને આશા છે. ઈ-કોમર્સ તરફથી પડકારો વચ્ચે પણ વેપાર થવાની રિટેલરોને આશા છે. સારા ચોમાસાને કારણે ખરીફ પાક સારો ઊતરવાની આશા છે જે ગ્રામ્ય માગને ટેકો આપી રહ્યો છે. વર્તમાન વર્ષની દિવાળીમાં રૂપિયા ૪.૨૫ લાખ કરોડનો વેપાર અત્યારસુધીનો વિક્રમી વેપાર હશે એમ કેટના સુત્રોએ જણાવ્યું હતું. ઘરેલુ ઉત્પાદનો પર વધુ પસંદગી અપાઈ રહી હોવાથી ચીની માલને રૂપિયા એક લાખ કરોડનો ફટકો પડવાની ધારણાં મૂકવામાં આવી છે. દિવાળી બાદ છઠ્ઠ પુજા તથા તુલસી વિવાહ સુધી વેપાર સ્થિતિ સાનુકૂળ બની રહેવાની પણ ટ્રેડરોને આશા છે.

# સેન્સેક્સ 250 પોઈન્ટથી વધુ તૂટ્યો:નિફ્ટી પણ 60 અંક ગગડ્યો

(એજન્સી) મુંબઈ | તા 29

આજે ધનતેરસના દિવસે એટલે કે 29મી ઓક્ટોબરે સેન્સેક્સ 250 પોઈન્ટથી વધુના ઘટાડા સાથે 79,740ના સ્તર પર ટ્રેડ કરી રહ્યો છે. નિફ્ટીમાં પણ 60 પોઈન્ટનો ઘટાડો જોવા મળી રહ્યો છે, તે 24,280 ના સ્તર પર કારોબાર કરી રહ્યો છે. સેન્સેક્સના 30 શેરોમાંથી 24 ઘટી રહ્યા છે અને 6 વધી રહ્યા છે. નિફ્ટીના 50 શેરોમાંથી 35 ઘટી રહ્યા છે અને 15 વધી રહ્યા છે. NSEના FMCG, ફાર્મા અને IT સેક્ટરમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. એશિયન માર્કેટમાં જાપાનનો નિક્કી 0.55% ઉપર છે. જ્યારે કોરિયાનો કોસ્પી 0.17%ના ઘટાડા સાથે અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ 0.59%ના ઘટાડા સાથે કારોબાર કરી રહ્યો છે. 28 ઓક્ટોબરના રોજ, યુએસ ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રીયલ એવરેજ 0.65% વધીને 42,387 પર અને S&P 500 0.27% વધીને 5,823 પર બંધ થયું. Nasdaq 0.26% વધીને 18,567 પર છે. NSEના ડેટા અનુસાર, વિદેશી રોકાણકારો (FII) એ 28 ઓક્ટોબરે 3,228.08 કરોડના શેર વેચ્યા હતા. આ સમયગાળા દરમિયાન, સ્થાનિક રોકાણકારો (DIIs) એ 1,400.85 કરોડના શેર ખરીદ્યા હતા. પરિવહન, બાંધકામ, તેલ અને ગેસ ક્ષેત્રે કામ કરતી કંપની Afcons Infrastructure Limitedના IPO માટે બિડિંગનો આજે છેલ્લો દિવસ છે.

## ટાટા પાવર રિન્યૂએબલ એનર્જી લિમિટેડે એમએસઇને સોલર એનર્જી ફાઇનાન્સિંગ સોલ્યુશન્સથી સશક્ત કરવા ઇન્ડસઇન્ડ બેંક સાથે ભાગીદારી કરી

(એજન્સી) મુંબઈ | તા 29

ભારતની અગ્રણી રિન્યૂએબલ એનર્જી કંપનીઓ પૈકીની એક તથા ટાટા પાવરની પેટા કંપની ટાટા પાવર રિન્યૂએબલ એનર્જી લિમિટેડ (ટીપીઆરઈએલ અથવા ટાટા પાવર રિન્યૂએબલ્સ)એ માઈક્રો એન્ડ સ્મોલ એન્ટરપ્રાઈઝિસ (એમએસઈ) માટે સુલભ અને વાજબી સોલર ફાઈનાન્સિંગની સુવિધા માટે ઈન્ડસઈન્ડ બેંક લિમિટેડ સાથે વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત કરી છે, જેથી એમએસઈ વચ્ચે વ્યાપકરૂપે સોલર એનર્જી અપનાવવાને પ્રોત્સાહન મળશે. આ જોડાણ એમએસઈને રૂ. 10 લાખથી રૂ. 2 કરોડ સુધીની લોન ઓફર કરીને કોલેટરલ-ફ્રી સોલર ફાઈનાન્સિંગ પ્રદાન કરશે. બેંકની ક્રેડિટ મંજૂરી ઉપર નિર્ભર આ લોન માટે 20 ટકા માર્જિનની જરૂર છે તથા સ્પર્ધાત્મક વ્યાજ દરો સાથે આવે છે, જેની મુદ્દત 7 વર્ષ સુધીની હોય છે. ટાટા પાવર રિન્યૂએબલ એનર્જી લિમિટેડના સીઈઓ અને એમડી દીપેશ નંદાએ કહ્યું હતું કે, "ટાટા પાવર રિન્યૂએબલ્સ ગ્રીન એનર્જી ટ્રાન્ઝિશનનું નેતૃત્વ કરી રહ્યું છે તથા વર્ષ 2070 સુધીમાં ભારતને નેટ-ઝિરોની દિશામાં આગળ વધવાને વેગ આપે છે. આ કટીબદ્ધતા એમએસઈને સુલભ અને વાજબી સોલર એનર્જી સોલ્યુશન્સથી સશક્ત કરવા માટે પણ છે કે જેઓ ભારતના અર્થતંત્રની કરોડરજ્જૂ છે. ઈન્ડસઈન્ડ બેંક સાથેની ભાગીદારી દ્વારા અમે એમએસઈને સોલર એનર્જી અપનાવવા માટે સરળ ફાઈનાન્સિંગની તકો પ્રદાન કરીએ છીએ, જેનાથી તેમને સંચાલકીય ખર્ચ ઘટાડવામાં મદદ મળવાની સાથે-સાથે ગ્રીન એનર્જી ટ્રાન્ઝિશનમાં સક્રિયપણે યોગદાન પણ આપવામાં મદદ મળી રહેશે."

# દેશના અર્થતંત્રમાં નેગેટિવ કરતા પોઝિટિવ પરિબળોની માત્રા ઊંચી

(એજન્સી) મુંબઈ | તા 29

વર્તમાન નાણાં વર્ષ માટે ભારતનો આર્થિક વિકાસ દરનો રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)નો અંદાજ વધુ પડતો આશાવાદી હોવાનું જણાવી તે સંદર્ભમાં વ્યકત કરાતી ચિંતાઓને આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસે નકારી કાઢી છે અને જણાવ્યું હતું કે, અર્થતંત્રમાં નેગેટિવ પરિબળો કરતા પોઝિટિવ પરિબળો નોંધપાત્ર વધુ છે. ગયા વર્ષે જ્યારે અમે ઊંચા આર્થિક વિકાસ દરની ધારણાં મૂકી હતી ત્યારે પણ રિઝર્વ બેન્ક વધુ પડતી આશાવાદી હોવાની ટીકા થતી હતી. પરંતુ છેવટે વિકાસ દર અમારી ધારણાં કરતા પણ ઊંચો આવ્યો હતો એમ ગવર્નરે એક ટીવી ચેનલને આપેલી મુલાકાતમાં જણાવ્યું હતું. આર્થિક પ્રવૃત્તિઓ મંદ પડી રહી હોવાના તાજેતરના સંકેતો છતાં, રિઝર્વ બેન્કે વર્તમાન નાણાં વર્ષ માટે પોતાના ૭.૨૦ ટકાના જીડીપી અંદાજને પકડી રાખ્યો છે.




કેટલીક રેટિંગ એજન્સીઓ દ્વારા ભારતના અંદાજમાં ઘટાડો કરવામાં આવી રહ્યો છે. કેટલાક મિશ્ર સંકેતો છતાં એકંદર ચિત્ર પોઝિટિવ જળવાઈ રહ્યું હોવાની દાસે દલીલ કરી હતી. પ્રથમ ત્રિમાસિક ગાળાના જીડીપી આંક અંદાજ કરતા નબળા આવ્યા છે અને બીજા ત્રિમાસિક ગાળાના ડેટા નવેમ્બરના અંતે આવશે. કમોસમી વરસાદને કારણે કેટલીક પ્રવૃત્તિ પર અસર પડી છે. તહેવારોની મોસમમાં વેચાણ નબળા રહ્યા હોવાના અહેવાલો આવી રહ્યા છે પરંતુ સંકેતો મિશ્ર છે. કેટલાક નેગેટિવની સાથોસાથ પોઝિટિવ પરિબળો પણ જોવા મળી રહ્યા છે પરંતુ નેગેટિવ પરિબળો કરતા પોઝિટિવ પરિબળોની માત્રા વધુ છે, એવી તેમણે દલીલ કરી હતી. આર્થિક વિકાસ દરના અંદાજ માટે રિઝર્વ બેન્કે કૃષિ ક્ષેત્રને શ્રેય આપ્યો છે. સારા ચોમાસાને કારણે વર્તમાન વર્ષમાં કૃષિ ક્ષેત્ર સારી કામગીરી દર્શાવી રહ્યું છે.

## નોર્ધર્ન આર્કે મજબૂત એયુએમ અને ચોખ્ખા નફા વૃદ્ધિ સાથે નાણાંકીય વર્ષ 2025ના બીજા ત્રિમાસિક ગાળામાં મજબૂત કામગીરી દર્શાવી

(એજન્સી) મુંબઈ | તા 29

નોર્ધર્ન આર્ક કેપિટલ લિમિટેડે 30 સપ્ટેમ્બર, 2024ના રોજ પૂરા થતા ત્રિમાસિક ગાળા માટે 28 ઓક્ટોબર, 2024ના રોજ તેના પરિણામો જાહેર કર્યા હતા. નોર્ધર્ન આર્કે નાણાંકીય વર્ષ 2025ના બીજા ત્રિમાસિક ગાળા માટે મજબૂત નાણાંકીય પરિણામો દર્શાવ્યા હતા જેમાં પ્રી-પ્રોવિઝન ઓપરેટિંગ પ્રોફિટ (પીપીઓપી) વાર્ષિક ધોરણે 74 ટકા વધીને રૂ. 212 કરોડ થયો હતો અને ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 24 ટકા વધીને રૂ. 98 કરોડ થયો હતો. ચોખ્ખી વ્યાજની આવક વાર્ષિક ધોરણે 47 ટકા વધીને રૂ. 288 કરોડ થઈ હતી જ્યારે ફી અને અન્ય આવક વાર્ષિક ધોરણે 29 ટકા વધીને રૂ. 26 કરોડ થઈ હતી. લેન્ડિંગ એસેટ અંડર મેનેજમેન્ટ (એયુએમ) વાર્ષિક ધોરણે 22 ટકા વધીને રૂ. 12,309 કરોડે પહોંચી હતી જેમાં વિતરણો વાર્ષિક ધોરણે 23 ટકા વધીને રૂ. 5,035 કરોડે પહોંચ્યા હતા અને ડાયરેક્ટ ટુ કસ્ટમર લેન્ડિંગ વાર્ષિક ધોરણે 43 ટકાથી વધીને 52 ટકા થયું હતું. એસેટ ગુણવત્તા મજબૂત રહી હતી અને ગ્રોસ એનપીએ રેશિયો 0.60 ટકા અને નેટ એનપીએ રેશિયો 0.18 ટકા રહ્યો હતો જે સ્ટેજ 3 એસેટ્સ પર 72 ટકાના મજબૂત પ્રોવિઝનિંગ કવરેજ રેશિયો દ્વારા સમર્થિત હતો. એસેટ્સ પરનું વળતર 3.1 ટકાએ સ્થિર રહ્યું હતું અને આઈપીઓ દ્વારા રૂ. 500 કરોડના નવા ઈક્વિટી રોકાણે મૂડીની મજબૂતાઈ વધારી હતી જેમાં ઈક્વિટી પરનું વળતર 12.7 ટકા રહ્યું હતું. ટોટલ કેપિટલ એડેક્વસી રેશિયો 24.9 ટકા રહ્યો હતો જે નોર્ધર્ન આર્કની મજબૂત નાણાંકીય સ્થિતિસ્થાપકતા અને અસરકારક વ્યૂહાત્મક અમલીકરણ દર્શાવે છે.

# LPGથી માંડી ક્રેડિટ કાર્ડ સુધી... પહેલી નવેમ્બરથી બદલાશે 6 નિયમ

મુંબઇ | તા. 29

ઑક્ટોબર મહિનો પૂરો થઈ રહ્યો છે ત્યારે નવેમ્બરના પ્રથમ દિવસથી અનેક મહત્ત્વપૂર્ણ ફેરફારો લાગુ થવા જઈ રહ્યા છે. જેમાં એલપીજી સિલિન્ડરની કિંમતોમાં સંભવિત ફેરફારો અને ક્રેડિટ કાર્ડના નિયમોમાં ફેરફારનો સમાવેશ થાય છે. જાણીએ કે નવેમ્બરમાં કયા ફેરફારો થશે. દર મહિનાની પહેલી તારીખે પેટ્રોલિયમ કંપનીઓ ગેસ સિલિન્ડરની કિંમતોમાં ફેરફાર કરે છે. 1 નવેમ્બરના રોજ પણ એલપીજી સિલિન્ડરના ભાવમાં ફેરફાર થવાની સંભાવના છે, ખાસ કરીને 14 કિલોના ઘરેલુ સિલિન્ડર માટે, જેની કિંમત લાંબા સમયથી સ્થિર છે. તેમજ તાજેતરના મહિનાઓમાં 19 કિલોના કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતો સતત વધી રહી છે. આ સાથે, એર ટર્બાઈન ફ્યુઅલ (ATF) અને CNG-PNGના ભાવ પણ બદલાઈ શકે છે. છેલ્લા કેટલાક મહિનામાં હવાઈ ઈંધણના ભાવમાં ઘટાડો થયો છે અને આ વખતે પણ ઘટાડો થવાની ધારણા છે. સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા (SBI) એ 1 નવેમ્બરથી તેના ક્રેડિટ કાર્ડ્સ પર નવી ફી લાગુ કરવાની જાહેરાત કરી છે. તે પ્રમાણે અનસિક્યોર્ડ SBI ક્રેડિટ કાર્ડ્સ પર દર મહિને 3.75% ફાઈનાન્સ ચાર્જ અને વીજળી, પાણી અને ગેસ જેવી ઉપયોગિતા સેવાઓ માટે રૂ. 50,000 થી વધુની



ચુકવણી પર 1% વધારાનો ચાર્જ લાગશે. માર્કેટ રેગ્યુલેટર સેબીએ મ્યુચ્યુઅલ ફંડમાં ઈનસાઈડર ટ્રેડિંગના નિયમો કડક બનાવ્યા છે. નવા નિયમો હેઠળ, એસેટ મેનેજમેન્ટ કંપનીઓએ નોમિનીના 15 લાખ રૂપિયાથી વધુના ટ્રાન્ઝેક્શનની જાણ અધિકારીને કરવી પડશે. ટેલિકોમ સેક્ટરમાં 1 નવેમ્બરથી નવા નિયમો લાગુ કરવામાં આવશે, જેમાં ટેલિકોમ કંપનીઓને સ્પામ નંબર બ્લોક કરવાની સૂચના આપવામાં આવી છે. જે યુઝરને સુરક્ષિત અને વિશ્વસનીય સેવા આપશે. નવેમ્બરમાં વિવિધ તહેવારો અને વિધાનસભાની ચૂંટણીઓને કારણે બૅન્ક 13 દિવસ બંધ રહેશે. જો કે, તમે આ રજાઓ દરમિયાન પણ ઓનલાઈન બૅંકિંગ સેવાઓનો ઉપયોગ કરી શકો છો, જે 24x7 ઉપલબ્ધ રહેશે.

## રોકાણકારો તૈયાર રહેજો ! આવી રહ્યો છે સરકારી કંપનીનો IPO

(એજન્સી) નવી દિલ્હી | તા. 29

સેબીએ આ સરકારી ગ્રીન એનર્જી કંપનીના IPO ને મંજૂરી આપી છે. આ કંપનીની સબસિડિયરી કંપનીને પ્રાઈમરી માર્કેટમાંથી 10,000 કરોડ રૂપિયા એકત્ર કરવાની મંજૂરી મળી છે. ગયા મહિને, કંપનીએ 18 સપ્ટેમ્બર 2024ના રોજ સેબીમાં IPO માટે દસ્તાવેજો સબમિટ કર્યા હતા. 30 જૂન, 2024 સુધીમાં, NTPC ગ્રીનને 37 સોલર પ્રોજેક્ટ્સ અને 9 પવન પ્રોજેક્ટ્સ દ્વારા 15 ઑફટેકર્સ સાથે સંકળાયેલું હતું. કંપની 7 રાજ્યોમાં 31 રિન્યુએબલ પ્રોજેક્ટ્સનું નિર્માણ કરી રહી છે. જેની કુલ ક્ષમતા 11,771 મેગાવોટ છે. આ સિવાય કંપની 14 સોલાર પ્રોજેક્ટ અને 2 પવન પ્રોજેક્ટ ચલાવી રહી છે. NTPC ગ્રીન એનર્જી IPO ખુલવાની તારીખ હજુ જાહેર કરવામાં આવી નથી. IPO દ્વારા કંપની 10 રૂપિયાની ફેસ વેલ્યુ પર શેર ઈશ્યૂ કરશે. કર્મચારીઓને કંપની દ્વારા ડિસ્કાઉન્ટ પર શેર આપવામાં આવશે. આ તેમના ક્વોટા હેઠળ આરક્ષિત શેર્સ પર રોકાણ કરીને પ્રાપ્ત થશે. કંપની IPOમાંથી એકત્ર કરાયેલા નાણાંનો ઉપયોગ દેવું ચૂકવવા તેમજ અન્ય કોર્પોરેટ જરૂરિયાતો માટે કરશે.

# વધતા ખર્ચથી ભારતીય કંપનીઓના માર્જિનમાં પણ સતત ઘટાડો થયો

મુંબઇ | તા. 29

કોમોડિટીના ભાવમાં વધારો અને કર્મચારીઓના વધતા ખર્ચ સહિત અનેક વસ્તુઓના ખર્ચમાં વધારાના કારણે કંપનીઓના ઓપરેટિંગ માર્જિનમાં ઘટાડો થયો છે જ્યારે આવક વૃદ્ધિ મ્યૂટ થઈ ગઈ છે. Q2FY25 માટે પરિણામો જાહેર કરનાર ૪૨૪ કંપનીઓના જૂથ (બેંકો, નાણાકીય અને તેલ માર્કેટિંગ કંપનીઓ સિવાય) માટે, આવકમાં વાર્ષિક ધોરણે સાધારણ ૬% વૃદ્ધિ થઈ છે. તે જ સમયે, કુલ ખર્ચમાં ૭%નો વધારો થયો હતો જેના કારણે લગભગ ૮૦ બેસિસ પોઈન્ટ્સના ઓપરેટિંગ માર્જિનમાં ઘટાડો થયો હતો. વધુમાં, વ્યાજ ખર્ચમાં ૧૧% વધારો થવાને કારણે ચોખ્ખો નફો માત્ર ૪% વધ્યો હતો. હેવેલ્સમાં, મેનપાવર અને પગાર વધારાને કારણે કર્મચારીઓના ખર્ચમાં ૨૬% વધારો થયો છે જ્યારે તહેવારોની સિઝન પહેલા જાહેરાતો પર ખર્ચ ૫૩% વધ્યો છે. કંપનીએ નવા વિતરણ અને વેચાણ ચેનલોમાં પણ રોકાણ કર્યું




છે. હિન્દુસ્તાન યુનિલિવર ખાતે, કોમોડિટીના ભાવમાં અસ્થિરતાને કારણે એડજસ્ટેડ ગ્રોસ માર્જિન ૧૨૫ બેસિસ પોઈન્ટ્સ સંકુચિત થયું છે. પામ તેલ અને ચાના ભાવ ૧૦% અને ૨૫% વધ્યા છે. ઈન્ડિગોમાં, સપ્ટેમ્બર ક્વાર્ટરમાં કુલ ખર્ચ - એરક્રાફ્ટ ફ્યુઅલ, ભાડા, રિપેર અને મેઈન્ટેનન્સ અને એરપોર્ટ ચાર્જિસ - ૨૨% વધી ગયા છે જ્યારે ઓપરેશન્સમાંથી આવક ૧૩.૬% વધી છે. કોલગેટ ખાતે, ગ્રોસ માર્જિન ૨૩ બેસિસ પોઈન્ટ્સ અને ઓપરેટિંગ માર્જિન ૨૦૬ બેસિસ પોઈન્ટ્સ દ્વારા સંકુચિત થયું હતું.

તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2079, આસો વદ-13

# હિંદુ એક્તા ધર્મનિરપેક્ષતા વિરોધી નથી

ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન કહેતા કે હિંદુ ધર્મ એક પ્રક્રિયા છે, પરિણામ નહીં, આગળ વધતી પરંપરા છે, અન્ય ધર્મોની જેમ નિશ્ચિત રહસ્યોદ્ઘાટન નહીં. હિંદુ ધર્મ અને સંસ્કૃતિનો ઉપહાસ ઉડાવવો ફેશન બની ગઈ છે. અસલમાં હિંદુ ધર્મને દોષ આપવાથી વધારે કોઈ વાત ઉદારવાદીઓની શાખ વધારી નથી શકતી. આવું ચલણ ઘરેલુ જ નહીં, પણ આંતરરાષ્ટ્રીય પણ છે. માની લો કે કોઈ ન્યૂયોર્ક ટાઈમ્સ કે વોશિંગ્ટન પોસ્ટ જેવા અખબારોમાં કોલમિસ્ટ થવા માગે છે, તો તેણે હિંદુ સંસ્કૃતિ પ્રત્યે પોતાની અવમાનના દર્શાવવી પડશે. તે નિંદાના વિભિન્ન સંસ્કરણોના માધ્યમથી કરવામાં આવે છે, ચાહે તે સામાજિક હોય, આર્થિક હોય કે પછી રાજકીય હોય. ત્યાં સુધી કે ખાલિસ્તાની આતંકવાદીઓમાં પણ હિંદુફોબિયા છે, જે તેમના ગુરુઓના સિદ્ધાંતોથી બિલકુલ વિપરીત છે. હિંદુ એક્તાની વાતથી જ કેટલાક લોકો ભૂરાંટા થાય છે, પણ જ્યારે ઈરાન ઈસ્લામી એક્તાનું આહ્વાન કરે છે, તો કોઈને વાંધો નથી આવતો, કારણ કે પશ્ચિમમાં જે ઉદારવાદ અને ડીપ સ્ટેટને તે નિયંત્રિત કરે છે, તે ધર્મનિરપેક્ષ છે! હિંદુ એક્તાનું કોઈપણ આહ્વાન એ લોકો માટે ખતરો છે, જે ધર્મનિરપેક્ષતા ઈચ્છે છે, જ્યારે તેઓ પોતે જ ધર્મનિરપેક્ષ નથી. ભારત એક બહુલતાવાદી દેશ છે. હિંદુ એક્તા સારી વાત છે, કારણ કે તેણે જાતિથી ઉપર ઉઠવું પડશે, જે રાજકારણમાં અલગ-અલગ રૂપે મુશ્કેલી પેદા કરે છે. તેને ગંભીરતાથી લેવાની વાત ડો. આંબેડકરની સાથે સાથે વીર સાવરકરે પણ કરી હતી. હિંદુ ધર્મના ટીકાકારોની નિંદા હંમેશાં જાતિવાદને લઈને હોય છે. કહેવાની જરૂર નથી કે જાતિવાદ એક ખરાબ પ્રથા છે અને તેને ખતમ કરવો જ જોઈએ. તેમ છતાં હિંદુ ધર્મના ટીકાકારો વિશે જે વાત ચોંકાવનારી છે, તે છે હિંદુ ધર્મને જાતિના દાયરાથી અલગ જોવાની તેમની અજ્ઞાનતા અને અનિચ્છા. એ તથ્ય બાબતે પણ જાગૃતિનો અભાવ છે કે જાતિ માત્ર હિંદુ ધર્મ સાથે જોડાયેલી પ્રથા નથી. જાતિવાદ એક દિક્ષણ એશિયાઈ પરિઘટના છે. જાતિઓ તો મુસલમાનો અને ઈસાઈઓમાં પણ છે, કારણ કે તેઓ અનામતનો લાભ ઉઠાવે છે. હિંદુ ધર્મ છોડવા માટે જે લોકો ડો.આંબેડકરનાં વખાણ કરે છે, તેઓ ક્યારેય એ નથી પૂછતા કે તેમણે બધા ધર્મો છોડીને બૌદ્ધ ધર્મ જ કેમ અપનાવ્યો? તેમણે કહ્યું હતું - 'ઈસ્લામ કે ઈસાઈ ધર્મમાં ધર્માંતરણથી દલિત વર્ગનો રાષ્ટ્રવાદ ખતમ થઈ જશે.' કોંગ્રેસ અને ગાંધી વિશે પણ તેમના વિચારોને ભૂલવા ન જોઈએ, જેનાથી ભારતમાં જાતિવાદ અને અસ્પૃશ્યતા વિશે પાખંડ ઉજાગર થયાં. કોંગ્રેસની તુષ્ટીકરણની રાજનીતિ ખિલાફત આંદોલન (૧૯૨૨)થી શરૂ થાય છે, જેણે દેશને ધાર્મિક આધાર પર વિભાજિત કરી દીધો હતો. જાતિવાદ ખરાબ હતો, પરંતુ તેને ચાલુ રાખવો પણ અપરાધ હતો. આજે હિંદુ એક્તાની વાતો એવી ભૂલોથી બચવા પર આધારિત છે. આશ્ચર્ય નહીં કે આરએસએસના વડા મોહન ભાગવત અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા હિંદુ એક્તાના આહ્વાનને જાતિવાદ ત્યાગવાના પ્રયાસ રૂપે નહીં, પરંતુ એક ધાર્મિક વર્ચસ્વવાદી પ્રયાસ રૂપે જોવામાં આવે છે. હિંદુ ધર્મને બુરાઈ માનવાની અદૂરદર્શિતા એટલી પ્રબળ છે કે સાવરકર કે આંબેડકર જેવા લોકોના તર્કોની ગુણવત્તા કે સત્યતા પ્રત્યે આંખ આડા કાન કરવામાં આવે છે. જાતિ વિભાજનની તેમની આલોચના પર ગંભીરતાથી વિચાર નથી કરવામાં આવતો.

લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડેમી ઓફ એડમિનિસ્ટ્રેશન- દેહરાદૂનમાં અભ્યાસ કરી ચુકેલા

# 640 નવા આઈ.એ.એસ અને આઈ.પી.એસ ઓફીસરોને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી આરંભ 6.0 કાર્યક્રમમાં આજે સંબોધન કરશે

(એજન્સી) ગાંધીનગર । તા. 29

સૂચના અને પ્રસારણ મંત્રાલયના સચિવ શ્રી સંજય જાજુએ તાલીમી ઓફિસરોને વિવિધ વિષયો પર માર્ગદર્શન પૂરું પાડ્યું લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડેમી ઓફ એડમિનિસ્ટ્રેશન દેહરાદૂન(લબાસના)માં અભ્યાસ કરી ચુકેલા 640 જેટલા નવા આઈ.એ.એસ અને આઈ.પી.એસ ઓફીસરના આરંભ 6.0નો નર્મદા જિલ્લાના એકતાનગર ટેન્ટસિટી- 2 ખાતે પ્રારંભ થઈ ચુક્યો છે. આ આરંભ 6.0 અભ્યાસનો વિષય 'રોડમેપ ઓફ આત્મનિર્ભર ભારત' છે. સૂચના અને પ્રસારણ મંત્રાલય દિલ્હીના સચિવ શ્રી સંજય જાજુએ 28 ઓક્ટોબર 2024ના રોજ કુલ 640 જેટલા ટ્રેઈન ઓફિસર્સને માર્ગદર્શન પુરૂ પડ્યું હતું. સચિવ શ્રી સંજય જાજુએ એક સંવાદમાં જણાવ્યું કે, 99માં ફાઉડેશન કોર્ષની સાથે આત્મનિર્ભર ભારત અને નવ નિયુક્ત ટ્રેઈની ઓફિસર સાથે વાર્તાલાપ કરવામાં આવ્યો હતો. જેમાં ખાસ કરીને ભારતમાં છેલ્લા 10 વર્ષમાં થયેલી પ્રગતિ અંગે ચર્ચા, આત્મનિર્ભર ભારતના કાર્યક્ષેત્રમાં એન્ટરપ્રાઈઝનો શું રોલ છે. એમાં આગળ વધી દેશની પ્રગતિ કેવી રીતે કરી શકાય તેની વિસ્તૃતમાં ચર્ચા થઈ હતી. દેશની પ્રગતિ અને વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા સૌનો સહકાર મળી રહે તેવો પણ અનુરોધ કર્યો હતો.






આ તાલીમમાં કેન્દ્ર સરકાર દ્વારા 10 વર્ષમાં કરેલા કાર્યો વિશે, MSME સેક્ટરમાં કેવી રીતે કામગીરી કરવી, આત્મનિર્ભર ભારત અને જ્યાં પોસ્ટીંગ મળે તે જગ્યા પર કેવી રીતે કામગીરી કરવી તેના વિશે સંજય જાજુએ નવા અધિકારીશ્રીઓને માર્ગદર્શન આપ્યું હતું. નર્મદા જિલ્લાના એકતાનગરના ટેન્ટસિટી-2 ખાતે તમામ ટ્રેઈન ઓફિસર્સની રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે. નવ નિયુક્ત અધિકારીશ્રીઓને અલગ અલગ સેક્ટરના નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન આપવમાં આવશે. રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી પૂર્વે 30 ઓક્ટોબરના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી આરંભ 6.0 કાર્યક્રમના માધ્યમથી 640 ટ્રેઈની ઓફિસર્સને સંબોધન કરશે. આ ઓફિસર્સ રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં પણ સહભાગી બનશે.

# હાલોલ-વડોદરા ધોરીમાર્ગ પર ભારતીય બનાવટની વિદેશી દારૂનું ટેન્કર ઝડપાયું

કિશન રોહિડા : જરોદ




વડોદરા જીલ્લા ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ ને મળેલ બાતમીના આધારે ગતરાત્રીના કિચછુ કાકા ની ચોકડી નજીક હાલોલ થી વડોદરા ના ધોરીમાર્ગ પર થી એક ભારતીય બનાવટ ની વિદેશી દારૂ નું ટેન્કર ઝડપી પાડ્યું પોલીસ સુત્રો ના જણાવ્યા અનુસાર ગતરાત્રીના વાઘોડિયા તાલુકાના જરોદ પોલીસ સ્ટેશન ની હદ માં આવતી કિચછુકાકા ની ચોકડી ખાતે વડોદરા ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ ને મળેલ બાતમીના આધારે લોકલ ક્રાઈમ બ્રાન્ચે નાકાબંધી દરમિયાન હાલોલ થી વડોદરા તરફ જતી ટેન્કર નંબર RJ 09 GB 6502 ને શંકાસ્પદ હાલતમાં આંતરી ને ટેન્કર ની તલાશી લેતા ટેન્કર માં થી ભારતીય બનાવટ ના જુદા જુદા બ્રાન્ડ ની વિદેશી દારૂ ની પેટી નંગ 918 જેમાં કુલ બોટલ નંગ 11016 જેની કિંમત રૂપિયા 76,13,796/- તથા મોબાઈલ ફોન નંગ એક જેની કિંમત રૂપિયા 5000/- તથા ટેન્કર ની કિંમત રૂપિયા 15,00,000/- કુલ મળીને 91,18,796/- નો મુદ્દામાલ સાથે જોગારામ ડાલુરામ જાટ રહે,ખુદાલા આસુઓકી ઠાણી તા,સિણધરી જી, બાડમેર રાજસ્થાન ના ઓ ને પકડી તેમજ વિદેશી દારૂ નો જથ્થો ભરેલ ટેન્કર આપનાર રાજેન્દ્ર રહે બિકાનેર રાજસ્થાન નામનો માણસ જેનો મોબાઈલ નંબર 73004 75028 વાળો ઈસમ તથા વિદેશી દારૂ મંગાવનાર તરફ પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે ટેન્કર ડ્રાઈવર જોગારામ ની અટક કરી ને તમાંમ વિરુદ્ધ માં પ્રોહી, એક્ટ કલમ મુજબ 65 A-E 98 ( 2) 81,83, 116 મુજબ ની ફરીયાદ નોંધીને આગળની તપાસ પોલીસે હાથ ધરી છે.

# આ તહેવારોની સીઝનમાં Amazon ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ 2024 સાથે તમારા ઘર, રસોડા અને આંગણને અપગ્રેડ કરો

(એજન્સી) બેંગલુરુ । તા. 29

તહેવારોની મોસમ શરૂ થતાં, એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ 2024 દરમિયાન ઘર, રસોડા અને આંગણ માટે ઉપલબ્ધ ઉત્પાદનોના વિશાળ સિલેક્શન સાથે તમારા સુંવાળા ઘરની સજાવટ કરવાનો વારો છે. Agaro, Prestige, Cello, Kohler, Nilkamal, Qubo, Godrej, Bosch અને બીજી ઘણી બધી લોકપ્રિય બ્રાન્ડ્સ પર આકર્ષક ઑફર્સ* અનલૉક કરો. એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ દરમિયાન વેચાણકર્તાઓ તરફથી શ્રેષ્ઠ ડીલ્સ મળી રહી છે, જે અહીં આપેલ કેટલીક લોકપ્રિય હોમ, કિચન અને આઉટડોર પ્રોડક્ટ્સ પર લાભ લેવા માટે ઉપલબ્ધ છે: ઘર માટે એગારો રીજન્સી એર ફ્રાયર, 12L: Agaro રીજન્સી એર ફ્રાયર સાથે તેલ વગર જ ફ્રાય કરો. તે ઓવરહિટીંગ પ્રોટેક્શન, LED સ્ક્રીન, ઓટોમેટિક શટ-ઓફ અને એવી ઘણી બધી આધુનિક સુવિધાઓ સાથે સુસજ્જ છે. આને Amazon.in પર ફક્ત રૂપિયામાં 8299 મેળવો. BOSCH પ્રોફેશનલ GWS 600 એન્ગલ ગ્રાઈન્ડર: સરસ પ્રદર્શન અને વર્સેટિલિટી માટે રચાયેલ, આ હળવા વજનના ગ્રાઈન્ડરમાં 670W બ્રશ મોટર, 2 પોઝિશન સાઈડ હેન્ડલ, સ્વિચ પર લોક અને બીજી ઘણી સુવિધાઓ આપેલ છે, જેથી તે અસરકારક કટિંગ, ગ્રાઈન્ડીંગ અને પોલિશિંગ જેવા કામો માટે પર્ફેક્ટ છે. આને Amazon.in પર 1,999 રૂપિયા માં મેળવો Ecovacs Deebot N20 PRO રોબોટિક વેક્યુમ ક્લીનર Ecovacs Deebot N20 PRO રોબોટિક વેક્યુમ ક્લીનર સાથે સહેલાઈથી સફાઈ કરવાનો અનુભવ કરો, જે તમારા હુકમ પ્રમાણે કામ કરે છે અને જે 8000 Pa સક્શન, અદ્યતન બુદ્ધિશાળી ટ્રુ-મેપિંગ, સ્માર્ટ એપ કંટ્રોલ, અનોખી વાઈબ્રેટિંગ મોપ સિસ્ટમ અને બીજી વધુ સુવિધાઓ ધરાવે છે. આને Amazon.in પર 27,999 રૂપિયામાં મેળવો. Prestige IRIS ટફન્ડ ગ્લાસ -ટોપ 3 બ્રાસ બર્નર એલપીજી ગેસ સ્ટોવ: Prestige IRIS બર્નર એલપીજી ગેસ સ્ટોવ સાથે તમારા અંદર રહેલા શેફને ઉજાગર કરો. આ ટ્રાઈ-પિન બર્નર, સ્પિલ પ્રૂફ અને એર્ગોનોમિક ડિઝાઈન સાથે આવે છે. આને Amazon.in પર રૂપિયા 3,298 માં મેળવો Cello MF ક્લિક લંચ બોક્સ સેટ: Cello MF ક્લિક લંચ બોક્સ સેટ સાથે તમારા ભોજનને તાજું અને ગરમ રાખો. તેમાં શ્રેષ્ઠ-ઈન્સ્યુલેશન, આંતરિક સ્ટીલ સાથે લીક પ્રૂફ કન્ટેનર અને ઈન્સ્યુલેટેડ ફેબ્રિક જેકેટ છે, જે ખોરાકને ગરમ રાખે છે. આને Amazon.in પર 579 રૂપિયામાં મેળવો સ્કોચ-બ્રાઈટ 2-ઈન-1 બકેટ સ્પિન મોપ: સ્કોચ બ્રાઈટ બકેટ સ્પિન મોપ માઈક્રોફાઈબર ટેક્નોલોજી, 360-ડિગ્રી ટેલિસ્કોપિક હેન્ડલ, ડિટેચેબલ હેન્ડલ્સ અને બીજી ઘણી સુવિધાઓ સાથે સજ્જ છે. આને Amazon.in પર 989 રૂપિયામાં મેળવો. બાથરૂમ માટે Kohler કફ હેલ્થ ફૉસેટ: આ હેન્ડહેલ્ડ સ્પ્રે એર્ગોનોમિક ડિઝાઈન અને આકર્ષક સફેદ ફિનિશ સાથે આવે છે. તેમાં મેટલ નળી પણ છે, જેનાથી તેનો ઉપયોગ સરળ રીતે થઈ શકે.

# અરવલ્લીના મોડાસા ખાતે રન ફોર યુનિટીની રેલીને જિલ્લા કલેકટરએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું



રાકેશ મહેતા : ધનસુરા

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે, માલપુર રોડથી કે.એન શાહ શાળા સુધી આજે જિલ્લા કક્ષાનો રન ફોર યુનિટી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ જોડાયો હતો. જ્યારે રન ફોર યુનિટી રેલીને જિલ્લા કલેકટરશ્રી પ્રશસ્તિ પારિક દ્વારા લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. ત્યાર બાદ રેલી સાથે જોડાયા હતા. ગુજરાતના પનોતા પુત્ર અને આઝાદ ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન ભારતરત્ન સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જ્યંતિ પૂર્વે આ કાર્યક્રમમાં ભારત રત્ન સરદાર પટેલને શ્રધ્ધાંજલી આપવા રન ફોર યુનિટી- એકતા દોડ થકી દેશની એકતા, અખંડીતતા અને સુરક્ષાને મજબુત કરવા એક અનોખો પ્રયાસ કરાયો હતો.દોડ બાદ શપથ ગ્રહણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી, નાયબ પોલીસ અધિક્ષકશ્રી ,નિવાસી અધિક કલેકટરશ્રી,પ્રાંત અધિકારીશ્રી, મામલતદારશ્રી તેમજ રમત ગમત અધિકારીશ્રી અને અન્ય વિભાગીય અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીશ્રીઓ અને પોલીસ વિભાગના જવાનો આ દોડમાં જોડાયા હતા.જેમાં ખાસ આકર્ષણનું કેન્દ્ર નાના બાળકો જેઓ સ્પોર્ટ્સના ખેલાડીઓ હતા.

# છોટાઉદેપુર સેવા સદન ખાતે જિલ્લા કલેકટર અનિલ ધામેલીયાની ઉપસ્થિતિમાં 'રન ફોર યુનિટી' કાર્યક્રમ યોજાયો

કમલેશ પટેલ : સંખેડા

સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતીને સમગ્ર દેશમાં રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવામાં આવશે . તા.૩૧ ઓક્ટોબરના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડીયા ખાતે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણી કરવામાં આવશે. જેના ભાગરૂપે છોટાઉદેપુર સેવા સદન ખાતે જિલ્લા કલેકટરશ્રી અનિલ ધામેલીયાની ઉપસ્થિતિમાં 'રન ફોર યુનિટી' દોડ યોજાઈ હતી. જેમાં ઉપસ્થિત સૌએ રાષ્ટ્રની એકતા અખંડિતતા અને સુરક્ષાને જાળવી રાખવાના શપથ લીધા હતા. જિલ્લા સેવાસદન સામેથી પ્રસ્થાન કરી નગરસેવા સદન સ્ટેટ બેંક ચાર રસ્તા પેટ્રોલ પંપ ચાર રસ્તા થઈ જિલ્લા સેવા સદન ખાતે પૂરી થઈ હતી. 'રન ફોર યુનિટી'માં ધારાસભ્યશ્રી જયંતિભાઈ રાઠવા, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ઈમ્તિયાઝ શેખ, જિલ્લા શિક્ષણ અધિકારી એ.એમ.પરમાર, જિલ્લા વહીવટ તંત્રના અધિકારી- કર્મચારીઓ, પોલીસ જવાનો અને મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા.



# કાચા માલની ખરીદીમાં વેપારીઓ ખેડૂતોને છેતરતા હોવાની સાંસદ મનસુખ વસાવાએ કલેક્ટરને કરી રજૂઆત

ભરત શાહ : રાજપીપળા



નર્મદા જિલ્લામાં નાના ખેડૂતો ને કેટલાક વેપારીઓ છેતરી રહ્યા હોવાની માહિતી સાંસદ મનસુખભાઈ ને મળતા તેમણે આ બાબતે નર્મદા કલેકટર ને પત્ર લખી રજૂઆત કરી છે. સાંસદે લખેલા પત્ર માં જણાવ્યા મુજબ નાના ખેડૂતોને કાચા માલની ખરીદીમાં વેપારીઓ દ્વારા છેતરવામાં આવી રહ્યાં છે. માટે આ મામલે વેપારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે. ડેડીયાપાડા તાલુકામાં ખેડૂતો સાથે ભાવ નક્કી કર્યા બાદ, જ્યારે ખેડૂત માલ લઈને વેપારીને ત્યાં પહોંચે છે ત્યારે વેપારી નક્કી કરેલી કિંમત આપવાનો ઈન્કાર કરે છે. નાના ખેડૂતો બિચારા ટેમ્પાનું ભાડું અને દોડધામ માંથી બચવા ન છુટકે વેપારી કહે તે ભાવે માલ આપીને આવતા રહે છે. વેપારીઓ ચતુરાઈથી નાના ખેડૂતોને લૂંટી રહ્યા છે. આ ઘટનામાં એ.પી.એમ.સી.નું પણ સેટિંગ હોય છે. સમગ્ર મામલે કડકમાં કડક કાર્યવાહી કરવા માટે સાંસદ મનસુખભાઈ વસાવા એ કલેક્ટર, નર્મદા ને રજૂઆત માં જણાવ્યું છે. વેપારીઓ નાના ખેડૂતોને લૂંટી રહ્યા છે. આમાં એ.પી. એમ.સી.નું પણ સેટિંગ હોય માટે સમગ્ર મામલે કડકમાં કડક કાર્યવાહી કરવા રજૂઆત કરી હતી.

# ધનસુરામાં ભાજપના પુર્વ જિલ્લા પંચાયત મહિલા સદસ્યનો સોનાનો દોરો તોડી બાઈક ચાલક ફરાર

રાકેશ મહેતા : ધનસુરા

અરવલ્લી જિલ્લા માં માં ચોરી અને દિનદહાડે ચેન્સનેચિંગ ના બનાવો વધવા લાગ્યા છે જેમાં દિનદહાડે ચોરી ની ઘટનાઓ વધતી જાય છે ત્યારે ધનસુરા ના ભાજપ ના પુર્વ જિલ્લા પંચાયત સદસ્ય દક્ષાબેન પંડ્યા નિયમિત રોજ સાંજના સમયે ચાલવા જતા હોય છે ગઈ કાલે નિયમિત ચાલી ને ટીચર્સ સોસાયટી માં ચાલી ને ઘર તરફ જયી રહયાં હતાં સાંજ ના સમયે બાઈક ઊપર ડબ્બલ સવારી મા આવેલ અજાણ્યા વ્યક્તિઓ માંથી એક વ્યક્તિ બાઈક ઉપરથી ઉતરી આ સિનિયર સિટીઝન ભાજપ ના પુર્વ જિલ્લા પંચાયત સદસ્ય દક્ષાબેન પંડ્યા ના ગળા માં પહેરેલ દોરો તોડી બાઈક ચાલક ફરાર થયો હતો. સાંજનો સમય હોવાથી સોસાયટી વિસ્તાર માં આવન જવાન ઓછી હતી.

# કેવડીયા રેલ્વે સ્ટેશનની નજીક જન શતાબ્દી ટ્રેનની અડફેટે આવેલા શખ્સનું મોત

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લામાં એકમાત્ર કાર્યરત કેવડીયા રેલવે સ્ટેશન પર ગઈકાલે એક વ્યક્તિ ફાટક ક્રોસ કરતા ટ્રેન ની અડફેટમાં આવી જતા મોત ને ભેટ્યો હતો. મળતી માહિતી અનુસાર ઉષાબેન મનસુખભાઈ તડવી, રહે.ગરૂડેશ્વર રેલ્વે ફાટક પાસે તા.ગરૂડેશ્વર નાઓ એ પોલીસ માં જાણ કર્યા મુજબ તેમના ઘરે ઢોર ચારવા આવતા મરનાર બચુભાઈ કરશનભાઈ તડવી ઉ.વ.આ. ૪૧ રહે- કોયારી ફળિયું ગરૂડેશ્વર, જી.નર્મદા નાઓ ગરૂડેશ્વર રેલ્વે ફાટક નં- ૦૪ થી કેવડીયા રેલ્વે સ્ટેશનની નજીક અચાનક પોતે પોતાની જાતે રેલ્વે ફાટક ક્રોસ કરતી વખતે અમદાવાદ થી એકતાનગર જનારી જન શતાબ્દી ટ્રેનની અડફેટે આવતા શરીરે ગંભીર ઈજાઓ તથા હાથ પગ કપાઈ જતા સ્થળ પર તેમનું મોત નિપજતાં ગરુડેશ્વર પોલીસે અકસ્માત મોત દાખલ કરી છે.

# વડાપ્રધાને અમરેલી જિલ્લાના લાઠી પાસે આવેલ દુધાળામાં ગાગડીયો નદી પર નિર્મિત ભારત માતા સરોવર"નું લોકાર્પણ કર્યું

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

બે લાખ ઘનમીટરના ખોદાણ બાદ પાણીની સંગ્રહ ક્ષમતા ૨૪.૫૦ કરોડ લીટર થઈ: અમરેલીના લાઠી- લીલીયા તાલુકાના ખેડૂતોને પરોક્ષ સિંચાઈનો લાભ રાજ્યપાલ આચાર્ય દેવવ્રત,મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીયમંત્રી સી. આર. પાટીલ સહિતના મહાનુભાવો જોડાયા અમરેલી, તા.૨૮ ઓક્ટોબર ૨૦૨૪ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અમરેલી જિલ્લાની મુલાકાત દરમિયાન રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં દુધાળા ખાતે ગાગડીયો નદી પર નિર્મિત ભારતમાતા સરોવરનું લોકાર્પણ કર્યું હતું. વડાપ્રધાને કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં રિમોટની સ્વીચ દબાવી ૭૦ એકરમાં નિર્મિત અને ૨૪.૫૦ કરોડ લીટર પાણીની સંગ્રહ ક્ષમતા ધરાવતા આ ભારત માતા સરોવરની તકતીનું અનાવરણ કર્યું હતુંવડાપ્રધાન સહિતના મહાનુભાવો આ તકે પ્રદર્શનીના માધ્યમથી ગાગડીયો નદીના નવસર્જન અને જળસંચયનાં કામોથી અવગત થયા હતા. આ સાથે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારત માતા સરોવર સહિતના જળસંચયના કામોનું નિરીક્ષણ પણ કર્યું હતું.ગુજરાત સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશનના સહયોગથી અમરેલી જિલ્લામાં ગાગડીયો નદીનું નવસર્જન થયું છે. બાબરાના ચમારડી ગામેથી ઉદ્ભવતી ગાગડીયો નદી પર જળસંચયના કામોથી સરોવર -ચેકડેમની હારમાળા સર્જાઈ છે. ગાગડીયો નદી પર આશરે ૩૦ જેટલા ચેકડેમ સરોવર બાંધવામાં આવ્યા છે. મહત્વનું છે કે, ગાગડીયો નદીને ઊંડી અને પહોળી કરવાની કામગીરીથી આ વિસ્તારમાં ભૂગર્ભ જળસ્તર ઊંચા આવ્યા છે. આ સાથે અમરેલી જિલ્લાના લાઠી- લીલીયા તાલુકાના ખેડૂતોને પરોક્ષ સિંચાઈનો લાભ મળી રહ્યો છે. ગાગડીયો નદી પર જળરાશિથી છલોછલ ભરેલા સરોવર-ચેકડેમથી નયનરમ્ય નજારો સર્જી રહ્યા છે. ભારતમાતા સરોવરની લોકાર્પણ વેળાએ રાજ્યના જળસંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ, રાજ્યના મુખ્ય સચિવ રાજ કુમાર, ધોળકિયા ફાઉન્ડેશનના પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયા, સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.




ઉલ્લેખનીય છે કે, પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ (PPP) મોડલ હેઠળ ગુજરાત સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા ૩૫ કરોડના ખર્ચે લાઠીના દુધાળા ખાતે હેતની હવેલી પાસે ભારતમાતા સરોવરનું નિર્માણ કરવામાં આવ્યું છે. વોટરશેડ ડિપાર્ટમેન્ટ હસ્તકના ૪.૫૦ કરોડ લીટર પાણીની સંગ્રહશક્તિ ધરાવતા ચેકડેમને ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા ઊંડો કરવામાં આવ્યો છે. આ સાથે તેની પહોળાઈ પણ વધારવામાં આવી છે. ચેકડેમની બંને બાજુએ માટી નાખીને તેની મજબૂતાઈમાં વધારો કરવામાં આવ્યો છે.

# મૈરિંગો CIMS હોસ્પિટલ દ્વારા સ્ટ્રોકને કારણે થતા લકવાની ઉચિત સારવાર કરવા માટે સમયસર હસ્તક્ષેપની હિમાયત કરતા 'વિશ્વ સ્ટ્રોક દિવસ' ની ઉજવણી કરાઈ

(એજન્સી) અમદાવાદ । તા. 29

મૈરિંગો CIMS હોસ્પિટલ દ્વારા સ્ટ્રોકના દર્દીઓ માટે સમયસર હસ્તક્ષેપની હિમાયત કરવા સાથે વિશ્વ સ્ટ્રોક દિવસની ઉજવણી કરવામાં આવી હતી અને કેવી રીતે તાત્કાલિક અને ઝડપી હસ્તક્ષેપ દ્વારા વિકલાંગતાથી બચી શકાય છે અને વધુને વધુ દર્દીઓના જીવન બચાવી શકાય છે તે અંગે લોકોમાં જાગૃતિ લાવવા માટેના આ કાર્યક્રમમાં મૈરિંગો CIMS હોસ્પિટલ અમદાવાદના ન્યુરોસાયન્સ વિભાગનું નેતૃત્વ કરતાં સિનિયર કન્સલ્ટન્ટ ન્યુરોસર્જન ડૉ. મુકેશ શર્માએ માહિતી આપી હતી. સ્ટ્રોકના ઘણા દર્દીઓને પ્રારંભિક સંકેતોનો અનુભવ થાય છે જેને તેઓ ગંભીરતાથી લેતા નથી. સ્ટ્રોકના મુખ્ય બે પ્રકાર છે. એક એનિસ્કેમિક સ્ટ્રોક, જે લોહીના ગંઠાવવાથી અથવા થ્રોમ્બસને લીધે થાય છે, અને તે ધમનીને અવરોધે છે. બીજો પકર હેમરેજિક સ્ટ્રોક છે જેમાં મગજની અંદર રક્તવાહિનીમાંથી અનિયંત્રિત રીતે રક્તસ્ત્રાવ થાય છે. આજના સમયમાં યુવાન વયસ્કોમાં સ્ટ્રોકની ઘટનાઓ વધી રહી છે. 18-44 વર્ષની વયના લોકોમાં સ્ટ્રોકના વ્યાપમાં 14.6% વધારો જોવા મળ્યો છે; 45-64 વયની કેટેગરીના પુખ્ત વયના લોકોમાં તે 15.7% જેટલો વધ્યો છે. આ ઈટે અકાળ એથરોસ્ક્લેરોસિસમાં પણ નોંધપાત્ર વધારો થયો છે, જેમાં રક્ત વાહિનીઓ સખત થઈ જવા અને એમાં અવરોધનો સમાવેશ થાય છે, ખાસ કરીને યુવાન વયસ્કોમાં આ વધારો મોટે ભાગે આ વય જૂથમાં સ્ટ્રોક માટે વેસ્ક્યુલર જોખમ પરિબળોમાં વધારાને લીધે થાય છે. સ્ટ્રોકની ગંભીરતા અને તેને રોકવા માટે કેવી રીતે સમયસર હસ્તક્ષેપથી તેના ગંભીર પરિણામોથી બચી શકાય છે તે અંગે સમજાવતા, મૈરિંગો CIMS હોસ્પિટલ અમદાવાદના સિનિયર કન્સલ્ટન્ટ ન્યુરોસર્જન, ડૉ. મુકેશ શર્મા, જણાવ્યું હતું કે "એક ન્યુરોલોજિસ્ટ તરીકે, યુવાન વયસ્કોમાં સ્ટ્રોકના કેસોમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે અને આ ભયાનક વલણની અમે થોડા દાયકાઓ પહેલા લગભગ કલ્પના પણ કરી શકતા ન હતા. આજના લોકોમાં બેઠાડુ જીવનશૈલી, ઉચ્ચ તણાવ, ધૂમ્રપાન અને આહારની અયોગ્ય પસંદગી જેવા પરિબળોને લીધે હાયપરટેન્શન, ડાયાબિટીસ અને ઉચ્ચ કોલેસ્ટ્રોલ એવી બીમારીઓ માટે મુખ્ય પરિબળો છે, અને આ પરિસ્થિતિઓ પરંપરાગત રીતે વૃદ્ધ પુખ્ત વયના લોકો સાથે સંકળાયેલી છે પરંતુ હવે 30 અને 40 ના દાયકાની વયના યુવાન લોકોમાં પણ આ બીમારીઓ વધી રહી છે. આ ચિંતાજનક વધારો નિયમિત આરોગ્ય તપાસ, જીવનશૈલીમાં આધુનિક રીતે ફેરફાર અને પસંદગીઓ અને સ્ટ્રોકના લક્ષણો વિશે લોકોમાં વધુ જાગૃતિ ફેલાવવા સહિત સક્રિય અભિગમની જરૂરિયાત દર્શાવે છે. સ્ટ્રોક માટેના ચેતવણીના સંકેતોને વહેલાસર ઓળખવા અને તેના માટે નિવારક પગલાં લેવાથી યુવા વસ્તીમાં સ્ટ્રોકના જોખમ અને તેની અસરને નોંધપાત્ર રીતે ઘટાડી શકાય છે. આપણાં માટે તંદુરસ્ત જીવનશૈલી માટે સામૂહિક પ્રયાસ કરવાથી આ ચિંતાજનક વલણને રોકવામાં મહત્ત્વપૂર્ણ પગલું છે. સ્ટ્રોકની સારવાર માટે અને સ્ટ્રોક પછીની ઝડપી રિકવરી માટે અદ્યતન માન્ય ટેક્નોલોજી અને ઉચ્ચ કૌશલ્યો સાથેનો ઉપચાર વેગસ નર્વસ સ્ટીમ્યુલેશન છે. આ એક નવી સારવાર છે જે ઘણા દર્દીઓ માટે આશા છે. તે ગતિશીલતા અને હાથપગની શક્તિમાં તબીબી રીતે નોંધપાત્ર વધારો કરી શકે છે.



# જે વધુ ખરીદે એ નહીં, ઓછી વસ્તુઓથી ચલાવી શકે એ સુખી છે..

બફેટ માને છે કે, જેણે સમાજમાં રહેવું છે, ઘર પરિવાર સાથે જોડાયેલા છે એ તમામ લોકોએ જો સુખેથી જીવવું હોય તો નાણાકીય સ્વાસ્થ્ય જાળવી રાખવું અનિવાર્ય છે. આર્થિક ડહાપણ, સૂઝબૂઝ અને શાણપણને ઢંઢોળતી આ શિખામણોમાં બફેટ કહે છે કે, ખર્ચ કર્યા બાદ વધે તેની બચત કરવી એમ નહીં, બલ્કે બચત કર્યા પછી વધે તેમાંથી જ ખર્ચ કરવો. દેવું કદી કરવું નહીં, કારણ કે દેવાદાર અને ગુલામ બંને સરખા જ છે. તમારા બૂટ ચૂતા હોય તો છત્રી લઈ જવાનો કોઈ અર્થ નથી. જે વ્યક્તિ હિસાબ નથી કરતી તેને વાસ્તવિક સ્થિતિનું ક્યારેય ભાન થતું નથી. નાના ખર્ચ પ્રત્યે સજાગ રહો. વહાણનું નાનુ છિદ્ર આખા વહાણને ડુબાડી શકે છે. આજે આપણને એવું લાગે છે કે, ટી.વી., એ.સી. વોશિંગ મશીન, ફર્નિચર, મોબાઈલ્સ, હોમ થિયેટર, ક્લબ મેમ્બરશિપ, સારાં વસ્ત્રો અને કાર તો આપણી પાસે હોવાં જ જોઈએ. એક સમય હતો જ્યારે આમાંથી મોટા ભાગનાં ઉપકરણોનો આવિષ્કાર જ થયો ન હતો, ત્યારે પણ જીવન તો સુખેથી જીવાતું જ હતું! આપણે વિચારવું એ જોઈએ કે જે વસ્તુઓ આપણે લઈએ છીએ તેનાથી આપણને કેટલો આનંદ મળે છે? માત્ર દેખાદેખીથી વસ્તુઓ ખરીદતા રહેવાથી સુખ તો દૂર માનસિક અશાંતિ વધુ ઊંડી ઊતરે છે, કારણ કે સુખી થવું સહેલું છે, પરંતુ બીજાની તુલનામાં સુખી થવું કદી શક્ય નથી. અર્થશાસ્ત્ર એમ કહે છે કે, તમારા ભવિષ્યની જવાબદારીઓ નક્કી કરી ચોક્કસ રકમની બચત કરો. એ બચત કર્યા પછી જે રકમ વધે તેમાંથી વધારાનો ખર્ચ કરો, પરંતુ આપણે બચત તો દૂર દેવું કરીને ઘી પીએ છીએ. ઘી તો હજુ ગુણકારી છે, પરંતુ



વિચારો જેટલી ખરીદી ઓફર્સની લાલચમાં થાય છે તેમાંથી ખરેખર કેટલી અનિવાર્ય હોય છે. બજારમાં રોજ નવી પ્રોડક્ટ આવે છે, પરંતુ એ તો બજારની જરૂરિયાત છે. ઘરની નહીં! આ એ દેશ છે જ્યાં એક તરફ ગરીબી હટાવોના નારા લાગે છે ને બીજી તરફ આઈફોનના બુકિંગ માટે મધરાતે કતારો લાગે છે. આપણા માટે વધુ ને વધુ ભોગવિલાસની જે માનસિકતા છે, તેમાં દરેક વ્યક્તિ વધુ ને વધુ સ્વકેન્દ્રી થતી જાય છે. સોશિયલ મીડિયા થકી પૂરી દુનિયાને મુઠ્ઠીમાં રાખતા આપણે આપણી જ આસપાસ કોઈની સાવ નાની નાની જરૂરિયાતોને પણ નિહાળી શકતા નથી.

આપણે એ ભૂલી જઈએ છીએ કે વિશ્વમાં લાખો લોકો એવા છે જેના માટે આપણા જેવી જિંદગી પણ 'સ્વપ્ન' હોય છે. દીપાવલીના દીપ પ્રગટાવવાની સાથે આપણે એવા અંધકારમાં પણ દૃષ્ટિ ફેરવીએ જ્યાં કોઈને એકાદ મીઠાઈનું બોક્સ કે ચોકલેટનું પેકેટ પણ ખુશ કરી શકે તેમ છે. તમારા ઘરમાં એવાં પડેલાં વસ્ત્રો કે જે તમે પહેરતાં નથી, પરંતુ એ જ વસ્ત્રો કોઈકની દિવાળી સુધારી શકે છે. ન વપરાતી હોય તે તમામ વસ્તુઓ ભંગાર કે રદ્દી નથી, થોડી જહેમત ઉઠાવી આ વસ્તુઓને જરૂરતમંદો સુધી પહોંચાડો. તમારું જૂનું ટીવી કે ખૂણેથી તૂટેલો મોબાઈલ કે પછી જૂની સાઈકલ. જો ખરા જરૂરિયાતવાળા સુધી પહોંચ્યા તો એમના માટે તો આ અમૂલ્ય બક્ષિસ જ છે. જરા બીજા માટે પણ સમય કાઢો. તમને ચાલવાથી પગ દુ:ખે તેની ચિંતા છે, પરંતુ જેને પગ જ નથી એવા પણ લોકો છે. એવા પણ લોકો છે, જે આ રોશનીને નિહાળી શકતા નથી. શોપિંગ મોલમાં જરૂર જાઓ, જિંદગી માણવા માટે જ છે, પરંતુ આપણે માત્ર આપણા માટે જ ખર્ચી શકીએ એ તો સહજ છે, વિશેષ તો એ છે જ્યારે તમે તમારા તેલથી બીજાના દીવામાં અજવાળું કરો.

**આપણે ભારતની અલગ અલગ જગ્યાઓની વાત આ સેગમેન્ટમાં કરીએ છીએ. વિદેશ ફરવા જવાનો આગ્રહ રાખતા આપણે આપણા દેશની જ અનેક સુંદર જગ્યાઓથી અજાણ રહેતા હોઇએ છીએ. આજકાલ લોકોમાં વિદેશનો ક્રેઝ એટલો વધી ગયો છે કે ભારતમાં જ આવેલી સુંદર જગ્યા જોવાને બદલે બજેટ હોય તો ટૂરિસ્ટ પહેલાં વિદેશ ફરી આવવાનું પસંદ કરે છે. આપણા બધાનો સામાન્ય વિચાર એવો હોય છે કે જો દોઢ બે લાખ ખર્ચી જ રહ્યા છીએ તો થાઇલેન્ડ કે માલદીવ્સ શું કામ ન જઇએ? પાસપોર્ટમાં ફોરેન કન્ટ્રીમાં ફર્યાનો થપ્પો તો લાગી જાય, દેખાડો માય ફ્રેન્ડ દેખાડો. ખેર, આપણા દેશની અલગ અલગ જગ્યાની વાત કરીએ છીએ તો આજે આપણા દેશની પ્રાચીન અને પવિત્ર નદીની પણ વાત કરી લઇએ. આપણે પાપ ધોવા ગંગાકિનારે જઇએ છીએ તો એ સિવાય પણ અનેક નદીઓ છે જે બેહદ સુંદર, પ્રાચીન અને પવિત્ર છે. જોકે, હવે ગુજરાતમાં નર્મદા પરિક્રમાનું મહત્ત્વ વધી રહ્યું છે એવામાં જે નદીની ખાસ મુલાકાત લઇ શકાય એવી અમુક નદી વિશે પણ વાત કરી લઇએ..**

# ભારતની પ્રાચીન અને પવિત્ર નદીઓનો પ્રવાસ કરવા જેવો છે



**ગંગા નદી |** ગંગા નદી ભારતની સૌથી પ્રસિદ્ધ અને પવિત્ર નદી છે. હિમાલયથી નીકળીને બંગાળની ખાડીમાં ભળી જતી આ નદીને પવિત્રતાનું પ્રતીક માનવામાં આવે છે. એટલે જ હિન્દુઓ પોતાના સમગ્ર જીવનમાં એકવાર તો ગંગા સ્નાન માટે અવશ્ય આવવાનો પ્રયત્ન કરે છે. ગંગામાં સ્નાન કરવાથી સર્વ પાપ ધોવાઇ જાય છે અને મોક્ષ પ્રાપ્ત થાય છે એ માન્યતા આજેય આપણી અંદર સમાયેલી છે. કહેવાય છે કે ભગીરથ રાજાના પૂર્વજોના શાપિત આત્માઓને શુદ્ધ કરવા માટે ગંગા માતા પૃથ્વી ઉપર અવતરિત થયાં હતાં. આ નદી ઋષિકેશ, હરિદ્વાર, કાનપુર, જાજમૌ, પ્રયાગરાજ, મિર્ઝાપુર, બનારસ, ગાઝીપુર, બક્સર, બલિયા, પટના, હાજીપુર મંગેર તેમજ ભાગલપુર જેવાં અનેક શહેરમાંથી પસાર થાય છે. અલબત્ત, આજેય ગંગાસ્નાન કરવા લોકો ઋષિકેશ અને હરિદ્વાર વધારે જાય છે. તેમ છતાં બાકીનાં શહેરોમાં પણ તમે આ નદીની સુંદરતા નિહાળવા જઇ શકો છો.

**યમુના નદી |** ગંગાની સાથે એની સખી અને સહાયક ગણાતી બીજી સૌથી લાંબી નદી એટલે યમુના નદી. હિન્દુ શાસ્ત્રોમાં યમુનાને પણ વિશેષ સ્થાન મળેલું છે. ભગવાન શ્રી કૃષ્ણનું બાળપણ આ નદીને કિનારે પસાર થયું હોવાને લીધો ભક્તોમાં યમુના માટે પણ વિશેષ લાગણી છે. એવું કહેવાય છે કે આ નદીમાં સ્નાન કરવાથી આપણી અંદરની નકારાત્મકતા દૂર થાય છે. આ નદી દિલ્હી, મથુરા, આગ્રા, ઈટાવા અને પ્રયાગરાજ થઈને પસાર થાય છે.





## ગોદાવરી નદી

ગોદાવરીને પણ ભારતની સૌથી લાંબી નદીઓમાંથી એક માનવામાં આવે છે. એ સિવાય કૃષ્ણા નદી જે મહાબળેશ્વરના પર્વતોમાંથી નીકળે છે. કૃષ્ણા નદી સાથે ભગવાન શ્રીકૃષ્ણનું નામ જોડાયેલું છે એટલે આપણામાં એને પૂજનીય માનવામાં આવે છે. એ પછી કાવેરી નદીનો સમાવેશ થાય છે, જે કર્ણાટક અને તમિલનાડુમાં વહે છે. અહીં જણાવેલી તમામ નદીઓ અત્યંત રમણીય પણ છે.



**નર્મદાનદી**

એક એવી નદી જેના જળ ગુજરાતનાં અનેક ગામને જળ પૂરું પાડે છે. ભારતના મધ્ય વિભાગમાં વહેતી આ નદીને ભારતની પાંચ પવિત્ર નદીઓમાંથી એક માનવામાં આવે છે. ગુજરાતીઓ પોતાનાં પાપ ધોવા ગંગાને બદલે નર્મદાએ જવાનું પસંદ કરતાં હોય છે. હિન્દુઓમાં નર્મદા પરિક્રમાનું વિશેષ મહત્ત્વ છે. આને તીર્થયાત્રા સમાન જ માનવામાં આવે છે. નર્મદા નદી સતપુડાના પર્વતોના ઉત્તર-પૂર્વ ભાગથી નીકળીને મધ્યપ્રદેશ અને ગુજરાત થઈને વહે છે.





## સિંધુ નદી

સિંધુ નદીનો ઉલ્લેખ ભારતના ગ્રંથોમાં છે. આ પણ ભારતની પવિત્ર નદીઓમાંથી એક છે. આમ જોવા જઇએ તો દરેક નદી પવિત્ર જ છે, જે નદીના જળથી જીવન ટકેલું હોય એ પવિત્ર જ કહેવાય. ખેર, સિંધુ નદી પાકિસ્તાન, ચીન અને ભારત એમ ત્રણેય જગ્યાએ વહે છે. આ નદીના તટ ઉપર સિંધુ ઘાટીની સભ્યતાનો વિકાસ થયો હતો. સિંધુનો ઉલ્લેખ સૌથી જૂના વૈદિક ગ્રંથ ઋગ્વેદમાં પણ જોવા મળે છે, જે હિન્દુ સંસ્કૃતિના શરૂઆતના સમય અને તેના મહત્ત્વને દર્શાવે છે. આ નદીની લંબાઇ 1976 માઇલની છે.

# ધન તેરસ એટલે સોના,ચાંદી,વાસણ,કાર,ઘર સ્કૂટર વગેરે ખરીદવાનું વણ માંગ્યું ઉતમ મુહૂર્ત

**એવું માનવામાં આવે છે કે આ દિવસે સોના ચાંદી,વાસણ,સાવરણી ખરીદવા થી લક્ષ્મીજીની કૃપા ભરપુર વર્ષ દરમિયાન રહે છે. રાશી અનુસાર સોના,ચાંદી કે વિવિધ ધાતુ ના વાસણ ખરીદવા થી ઉતમ લાભ થતો હોય છે.ધન તેરસ ના દિવસે કાચ,એલ્યુમિલિમ્,પ્લાસ્ટિક ની ચીજ વસ્તુઓ કે વાસણો ખરીદવા ના જોઈએ. કાચ માં રાહુ નો વાસ હોવાથી ના ખરીદાય.કાળા રંગ,ધારદાર,તૂટેલી ફૂટેલી ચીજ વસ્તુઓ ખરીદવા થી વર્ષ દરમિયાન પરિવાર મા અશાંતિ રહે છે**

હિન્દુ સંસ્કૃતિ માં દિવાળીના પર્વ નું અત્યંત મહત્વ છે આ પર્વની લોકો વિશેષ રાહ જોતા હોય છે જેમ મુસ્લિમ ધર્મ માં ઈદ અને ક્રિશ્ચન માં ક્રિસમસ ધામધૂમથી ઉજવવા માં આવે છે એજ રીતે દિવાળી નો પર્વ એ હિન્દુ લોકો માટે ખાસ હોય છે.આમ તો હિન્દુ સંસ્કૃતિ એ પ્રસંગો અને તહેવારો ની મોજ માં સદા બહાર હોય છે.દિવાળી એટલે દીપોની ઝગમગાટ માં રૂમ ઝૂમ માં લક્ષ્મી દેવી નું ધરા પર આગમન.માં સરસ્વતી, માં લક્ષ્મી અને માં મહાકાળી નું ભકતો ના મનોરથ પૂર્ણ કરવા માટે થતું આગમન માનવામાં આવે છે. વાઘ બારસ ના દિવસે ભકતો માં વિદ્યા અને સંસ્કાર નું સિંચન કરવા માં ભગવતી સરસ્વતી જી ઘરે ઘરે પધારી સમજાવે છે ભકતોને કે નિયમિત પરિવારે ધાર્મિક ગ્રંથો નું વાચન કરવું જોઈએ. ગ્રંથો એ પરિવાર ની શાંતિ,સમૃદ્ધિ અને અંધારી રાત માં રસ્તો દેખાડતા ભોમિયા સમાન છે. જે હિન્દુ ધાર્મિક ગ્રંથો નો આશ્રય લેશે એ ક્યારેય સફળતાની રેસ માં પાછળ રહેશે નહિ. નિષ્ફળતા ની કડવી દવાઓ ચાખવી પડશે નહિ.ધર્મ અને ધાર્મિક ગ્રંથો એ મન મગજ નો ખોરાક સમાન હોય છે. વાઘ બારસ પછી બીજા દિવસે ધન તેરસ આવે છે.

ધન ધોવત હૈ નંદ રાય

વૃંદાવન માં દિવાળી ના પર્વ માં કારતક માસમાં કૃષ્ણ ત્રયોદશી એટલે ધન તેરસ આવતા ઘરે ઘરે લોકો ધન ની પૂજા ધામધૂમથી કરતા હતા.આખા વૃંદાવન માં બધેય ધન ની પૂજા થતી હતી માત્ર નંદરાય ને ત્યાંજ નહતી થતી.મોટા મનના ના નંદ રાય નું સમૃદ્ધ ઘર એટલે લોકો એ માન્યું કે સમૃદ્ધિ છે એટલે ધન ની પૂજાની નંદ રાય જરૂર નથી આખા વૃંદાવન માં સૌથી વધારે વિશાળ સંખ્યા માં ગૌ ધન નંદ બાબા પાસે હતું.એ સમય માં રૂપિયા, સોનું ચાંદી કે વાહનો પર્યાય ધનવાન નહતો. જેની પાસે ગૌ ધન વધારે હોય એ ધનવાન અને સમૃદ્ધિ વાન માણસ માનવા માં આવતો. આખા વ્રજ માં વાત ફેલાઈ કે નંદ બાવા ને ત્યાં ધન તેરસ નિમિતે પૂજા થતી નથી. ગોપીઓ ટોળે વળીને નંદ બાવા ની હવેલી એ પધારી ને યશોદાજી ને પૂછ્યું કે નંદ રાણી,ધન તેરસ ની પૂજા નું મુહૂર્ત વીત્યું જાય છે તમારે પૂજા નથી કરવાની. ત્યારે નંદ રાણી યશોદાજી એના લાલન ને સ્નાન કરાવતા હતા. લાલન પર પંચામૃત નો અભિષેક કરતા યશોદા જી બોલ્યા કે સખી,મેરો ધન નંદ ગોપાલ.. નિત્ય ધન તેરસ ના દિવસે યશોદાજી મુહૂર્ત પર સ્નાન,ભોગ,સુંદર વસ્ત્રો આભૂષણો લાલન ને અર્પણ કરતા હતા.આજપણ વૃંદાવન માં ધન તેરસ ના દિવસે લક્ષ્મી પૂજા ની સાથે લાલન ની પૂજા અર્ચના કરવાનો રિવાજ છે. વિદ્વાનો ના મત અનુસાર જેના ઘર માં ખુદ લક્ષ્મીપતિ માતા યશોદાનું સુખ લેવા અવતર્યા હોય એને ત્યાં ધન ધાન્ય ના ભંડાર ભરપુર ભર્યા ભર્યા રહેવાના.



**સુખની વ્યાખ્યા**

**- રુપાલી દવે**

મંગલ રૂપ નિધાન સાવરો મંગલ રૂપ નિધાન..

જા દિન તે હરિ ગોકુળ પ્રગટે દિન દિન હોત કલ્યાણ..

ભગવાન શ્રી કૃષ્ણ ના પત્ની કાલિંદી એ સુર્ય ભગવાન ના પુત્રી અને યમરાજા ના બહેન છે.નારદજી પાસેથી કાલિંદી એ ભગવાન શ્રી કૃષ્ણ ની વાતો સાંભળી ને મનોમન એ ભગવાન શ્રી ને વરી ચૂક્યા હતા. એણે પિતા ની પાસે ભગવાન શ્રી કૃષ્ણ ને પતિ બનાવવા માટે યમુના જી ના તટ પર તપશ્ચર્યા કરવા આજ્ઞા માંગી. પિતા સુર્ય દેવ એ પુત્રી માટે યમુનાજી ની અંદર સુંદર મહેલ નું નિર્માણ કરાવ્યું ને તપ માટે નિશ્ચયી પુત્રી ને આજ્ઞા આપી. રાજસૂય યજ્ઞ વખતે ભગવાન શ્રી કૃષ્ણ એ યમુનાજી ના તટ પર તપશ્ચર્યા કરી રહેલી સુંદરી સુર્ય પુત્રી કાલિન્દી ની સાથે લગ્ન કરવાની સહમતી આપી. ધન તેરસ ના દિવસે ભગવાન શ્રી કૃષ્ણ એ કાલિન્દી સાથે પાણીગ્રહણ એટલે વિવાહ થયા હતા. ભગવાન શ્રી કૃષ્ણ સાથે બહેન ના લગ્ન ધન તેરસ ના દિવસે થતાં યમરાજા એ સમગ્ર સૃષ્ટિ ને વરદાન આપ્યું કે જે ઘરના દરવાજા બહાર યમ નો દીવો ધન તેરસ થી ભાઈ બીજ સુધી મૂકવામાં આવશે એ પરિવાર માંથી કોઈનું મૃત્યુ આ દિવસો દરમિયાન લખાયું હશે તો પણ ચાર દિવસ માટે ટળી જશે.

પ્રસિદ્ધ કથા અનુસાર દેવો અને દાનવોએ સમુદ્રમંથન કર્યું ત્યારે સમુદ્ર માંથી અનેકો અનેક કામધેનુ ગાય,ઉચ્ચૈશ્રવા ઘોડો,પાંચજન્ય શંખ,મદિરા, હળાહળ વિષ વગેરે ચીજ વસ્તુઓ સાથે લક્ષ્મીજી પ્રગટ થયા હતા એ જ રીતે હાથ માં ઔષધિ નો કુંભ લઈને ધન્વન્તરિ પ્રગટ થયા હતા. એવું માનવામાં આવે છે કે ધન્વન્તરિ ભગવાન પ્રાગટ્ય બાદ પૃથ્વી પર પ્રથમ આયુર્વેદ વિજ્ઞાન નો જન્મ થયો હતો.કારતક મહિના ની કૃષ્ણ ત્રયોદશી ના દિવસે ધન્વન્તરિ ભગવાન નું પ્રાગટ્ય થતાં દેવો,દાનવો અને મનુષ્ય કાયિક,વાચિક,માનસિક રોગો થી મુક્ત થઈ ને નિરોગી તંદુરસ્ત બન્યા હતા.વિષ્ણુ ભગવાન એ સ્વયં પ્રાકૃતિક ઔષધિ નું જ્ઞાન આપવા ધનવંતરી નું સ્વરૂપ ધારણ કર્યું હતું.

ધન તેરસ એટલે સોના,ચાંદી,વાસણ,કાર,ઘર સ્કૂટર વગેરે ખરીદવાનું વણ માંગ્યું ઉતમ મુહૂર્ત.એવું માનવામાં આવે છે કે આ દિવસે સોના ચાંદી,વાસણ,સાવરણી ખરીદવા થી લક્ષ્મીજીની કૃપા ભરપુર વર્ષ દરમિયાન રહે છે. રાશી અનુસાર સોના,ચાંદી કે વિવિધ ધાતુ ના વાસણ ખરીદવા થી ઉતમ લાભ થતો હોય છે.ધન તેરસ ના દિવસે કાચ,એલ્યુમિલિમ્,પ્લાસ્ટિક ની ચીજ વસ્તુઓ કે વાસણો ખરીદવા ના જોઈએ. કાચ માં રાહુ નો વાસ હોવાથી ના ખરીદાય.કાળા રંગ,ધારદાર,તૂટેલી ફૂટેલી ચીજ વસ્તુઓ ખરીદવા થી વર્ષ દરમિયાન પરિવાર મા અશાંતિ રહે છે.આ દિવસે સાવરણી,તાંબા ના વાસણો,મીઠું અને ધાણા ખરીદવા થી ઘરમાં રૂપિયા ની આવક માં વર્ષ દરમિયાન વધારો થાય છે.પરંપરા અનુસાર ધન તેરસ ના દિવસે લોકો નવા વાસણો ખરીદી ને એમાં સવા કિલો કાચા આખા ચોખા ભરીને લક્ષ્મીજી ને અર્પણ કરવાનો રિવાજ છે.વાસણ શું કામ? એ પ્રશ્ન થાય.આ દિવસે ભગવાન ધનવંતરી હાથ માં પીતળ નું પાત્ર ઘડો લઈને પ્રગટ થયા હતા એટલે ધન તેરસ ના દિવસે વાસણો ખરીદવા નો રીવાજ છે.

આ દિવસે ઉતર કે પૂર્વ દિશામાં બાજોઠ મૂકીને એના પર ભગવાન ધનવંતરી સાથે લક્ષ્મીજી અને કુબેર ની મૂર્તિ મૂકીને વિધિવત વિદ્વાન બ્રાહ્મણો દ્વારા પૂજા વિશેષ ધંધાકીય સ્થાન પર થતી હોય છે. સંધ્યા સમય એ ઘર ના મુખ્ય દરવાજા બહાર લોટ માંથી ચોકોર દીવો બનાવી ને ચાર વાટ તેલ માં બોળી ને મૂકવાની. આ ચીકોર દીવો દક્ષિણ દિશા તરફ મૂકી ને પ્રગટાવવા નો. દક્ષિણ દિશા એ યમદેવ ની દિશા હોય છે ને ઉતર દિશા પર કુબેર નું સ્થાન માનવામાં આવે છે. ધન તેરસ ના દિવસે રાશિ અનુસાર નીચે મુજબ શોપિંગ કરી શકાય:

મેષ: ચાંદી ના ઘરેણાં,વાસણ,સિક્કા

વૃષભ : સોના ચાંદી ના ઘરેણાં

મિથુન : પીતળ ના વાસણો

કર્ક : સફેદ કલર ના કપડા ઘર સજાવટ નો સમાન

સિંહ : પીતળ ધાતુ માંથી બનેલ લક્ષ્મી ગણેશ ની મૂર્તિ

કન્યા: તાંબા માંથી બનેલ વાસણો અથવા લીલું પાકીટ

તુલા : ચાંદી ના ઘરેણાં,ચાંદી માંથી બનેલ મૂર્તિઓ,સિક્કા

વૃશ્ચિક : લોખંડ અથવા સ્ટીલ માંથી બનેલ વાસણો

ધન : પીળા રંગ ના વસ્ત્રો, સોના ના ઘરેણાં

મકર : કાળા રંગ ના કપડા અથવા કાળા રંગ નું પાકીટ

કુંભ: બ્લ્યુ કલર ના કપડા, તબા પીતળ ના વાસણો

મીન : પીતળ ની મૂર્તિઓ,પીળા રંગ ના કપડા,લીલા રંગ ની નાની મૂર્તિઓ,સજાવટ નો સમાન

# સોનાક્ષી ટૂંક સમયમાં જ બનશે માતા! ફેન્સે પાઠવી શુભેચ્છા

(એજન્સી) મુંબઈ | તા.29

બોલીવુડ એક્ટ્રેસ સોનાક્ષી સિંહાએ વર્ષ 2024માં લગ્ન કરવાનો નિર્ણય લીધો છે. તેનો આ નિર્ણય ઘણા કારણોસર ચર્ચામાં રહ્યો હતો. આના બે કારણો હતા. પહેલું કારણ એ હતું કે તેના પરિવારના સભ્યો આ સંબંધથી બહુ ખુશ ન હતા અને એક્ટ્રેસે આ નિર્ણય તેના પરિવારની વિરુદ્ધ લીધો હતો.

કેટલાક લોકો હેરાન થઈ ગયા હતા કારણ કે એક્ટ્રેસે આ નિર્ણય પોતાના કરિયરની ટોપ પર હતી ત્યારે લીધો હતો. હાલમાં સોનાક્ષી સિંહા પોતાના નિર્ણયથી ઘણી ખુશ છે અને પતિ ઝહીર ઈકબાલ સાથે જીવનનો આનંદ માણી રહી છે. હાલમાં જ એક્ટ્રેસની કેટલીક તસવીરો વાયરલ થઈ રહી છે જેમાં ફેન્સ તેની પ્રેગ્નન્સી વિશે અનુમાન લગાવી રહ્યા છે. સોનાક્ષી સિંહા અને ઝહીર ઈકબાલે ઈન્સ્ટાગ્રામ પર કેટલીક તસવીરો શેર કરી છે. આ તસવીરો દિવાળી સેલિબ્રેશનની લાગી રહી છે. ફોટોઝની સાથે તેણે કેપ્શનમાં લખ્યું છે કે Guess the pookie. આ ફોટોમાં તેની સાથે એક પેટ ડોગ પણ જોવા મળી રહ્યો છે. જ્યાં એક તરફ કેટલાક લોકો ફોટાના વખાણ કરી રહ્યા છે તો બીજી તરફ કેટલાક લોકોનું ધ્યાન સોનાક્ષી સિંહા તરફ ગયું છે અને તેઓ અનુમાન લગાવી રહ્યા છે કે તે પ્રેગ્નેન્ટ છે. કેટલાક લોકો પહેલાથી જ સોનાક્ષીને અભિનંદન આપતા જોવા મળે છે. જો આપણે સોનાક્ષી સિંહાની વાત કરીએ તો એક્ટ્રેસ દ્વારા આ અંગે કોઈ ઓફિશિયલ જાહેરાત કરવામાં આવી નથી. ફોટો જોઈને ફેન્સ અનુમાન લગાવી રહ્યા છે.

ફેન્સ સોશિયલ મીડિયા પર સોનાક્ષી સિંહાને અભિનંદન આપી રહ્યા છે અને તેના સ્વાસ્થ્ય માટે શુભેચ્છા પાઠવી રહ્યા છે. એક વ્યક્તિએ કેપ્શનમાં લખ્યું છે કે તમારી પ્રેગ્નન્સી માટે અભિનંદન. અન્ય વ્યક્તિએ લખ્યું છે ખે તમારા નાના આવનારને જલ્દી મળવા બદલ અભિનંદન. અન્ય એક વ્યક્તિએ લખ્યું છે કે આવનાર બાળક માટે અભિનંદન. સોનાક્ષી સિંહાની પોસ્ટ પર પ્રતિક્રિયા આપતા અન્ય એક યુઝરે લખ્યું છે કે સોનાક્ષી પ્રેગ્નન્ટ લાગે છે. આ સિવાય અન્ય



એક યુઝરે લખ્યું છે કે એક સુંદર કપલ સાથેનું સુંદર ડોગ. અન્ય એક યુઝરે લખ્યું છે કે બંનેને આંખ આડા કાન ન કરવા જોઈએ.

સોનાક્ષી સિંહાએ પોતાના કરિયર દરમિયાન ઘણી ફિલ્મોમાં કામ કર્યું છે. પરંતુ ઓટીટી પર તેને જે પ્રશંસા મળી તે બોલીવુડમાં મળી નથી. તે ધાકડ નામની વેબ સિરીઝમાં જોવા મળી હતી અને તેના શાનદાર અભિનય માટે પ્રશંસા મેળવી હતી. લગ્ન પછી પણ એક્ટ્રેસ પાસે કેટલાક પ્રોજેક્ટ છે. હાલમાં તે નિકિતા રાય અને ધ બુક ઓફ ડાર્કનેસ ફિલ્મનો ભાગ હશે. આ ફિલ્મમાં તે અર્જુન રામપાલ સાથે જોવા મળશે.

# રાતે બરાબર સૂઈ નથી શકતો સલમાન

## બાબા સિદ્દીકીના પુત્રએ કહ્યું- ફોન પર પૂછે છે હાલચાલ, ઝીશાન-ભાઈજાનને ફરી મળી ધમકી...



12 ઓક્ટોબરે NCP અજીત જૂથના નેતા બાબા સિદ્દીકીની મુંબઈમાં હત્યા કરવામાં આવી હતી. આ હત્યાની જવાબદારી ગેંગસ્ટર લોરેન્સ અને તેની ગેંગે લીધી હતી.

બાબા સિદ્દીકી બોલિવૂડ એક્ટર સલમાન ખાનના ખૂબ નજીકના મિત્ર પણ હતા. તેના મૃત્યુ બાદથી સલમાન તેના પરિવાર સાથે સતત સંપર્કમાં છે. તે દરરોજ રાત્રે બાબાના પુત્ર ઝીશાનને પણ ફોન કરે છે અને પરિવારના ખબર-અંતર પૂછે છે.

સલમાન કહે છે- તે બરાબર સૂઈ નથી શકતો

બાબા સિદ્દીકીના પુત્ર ઝીશાને કહ્યું- 'મારા પિતાની હત્યાથી સલમાન ભાઈ ખૂબ જ દુખી છે. તે વારંવાર તેમને યાદ કરે છે અને મારા પરિવારના હાલચાલ પૂછે છે. આ ઘટનાને 16 દિવસ વીતી ગયા છે અને સલમાન દરરોજ અમારી સાથે વાત કરે છે. તે મોડી રાત્રે ફોન કરે છે અને કહે છે કે તે પણ બરાબર સૂઈ નથી શકતો.

પિતાના અવસાન પછી તેણે મને ઘણો સાથ આપ્યો ઝીશાને આગળ કહ્યું- 'સલમાન ભાઈ અને પાપા સગા ભાઈઓની જેમ એકબીજાની નજીક હતા. પિતાના અવસાન પછી ભાઈએ અમને ઘણો સાથ આપ્યો છે. તેમનો સહયોગ હંમેશા છે અને ભવિષ્યમાં પણ રહેશે.

હજુ મળી રહી છે ધમકીઓ NCP નેતા અને મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી બાબા સિદ્દીકીના ધારાસભ્ય પુત્ર ઝીશાન સિદ્દીકી અને સલમાન ખાનને હજુ પણ જાનથી મારી નાખવાની ધમકી મળી રહી છે. શુક્રવારે સાંજે ધમકીભર્યો ફોન આવ્યો હતો. આ ધમકીભર્યો કોલ ઝીશાનની બાંદ્રા ઈસ્ટ સ્થિત પબ્લિક રિલેશન ઓફિસમાંથી મળ્યો હતો. ઝીશાન અને સલમાન ખાન બંનેને ધમકી આપવામાં આવી હતી અને પૈસાની માંગ કરવામાં આવી હતી.

આ કેસમાં પોલીસે નોઈડાથી મોહમ્મદ તૈયબ ઉર્ફે ગુરફાન નામના વ્યક્તિની ધરપકડ કરી હતી. આરપી દિલ્હીનો રહેવાસી છે. તેની સેક્ટર 39 પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી હતી અને મુંબઈ પોલીસે તેને ટ્રાન્ઝિટ રિમાન્ડ પર લીધો છે.

લોરેન્સ ગેંગે હત્યાની જવાબદારી લીધી હતી બાબા સિદ્દીકીની 12 ઓગસ્ટની રાત્રે તેમના પુત્ર ઝીશાનની ઓફિસની બહાર ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં અત્યાર સુધીમાં 9 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. 3 આરોપીઓ ફરાર છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ આ કેસની તપાસ કરી રહી છે.

હત્યાની જવાબદારી ગેંગસ્ટર લોરેન્સે લીધી હતી, જે પહેલાથી જ બાબાની નજીક સલમાનની પાછળ હતો. તે ઈચ્છે છે કે સલમાન 1998ના કાળિયારના શિકાર કેસમાં બિશ્નોઈ સમુદાયની માફી માંગે.

સલમાન 'બિગ બોસ 18' હોસ્ટ કરી રહ્યો છે બાબાની હત્યા બાદ સલમાનની સુરક્ષા કડક કરવામાં આવી છે. એક્ટર હાલમાં રિયાલિટી શો 'બિગ બોસ 18' હોસ્ટ કરી રહ્યો છે. અગાઉ વીકેન્ડ કા વાર એપિસોડમાં પણ સલમાને હાવભાવ દ્વારા પોતાની લાગણીઓ શેર કરી હતી. એક્ટરે કહ્યું હતું કે તે શોના સેટ પર આવવા માંગતો ન હતો પરંતુ પ્રોફેશનલ કમિટમેન્ટના કારણે તેણે ત્યાં આવવું પડ્યું.



# 'હું અત્યારે સિંગલ છું...'

## અર્જુન કપૂરે કન્ફર્મ કર્યું મલાઈકા અરોરા સાથે બ્રેકઅપ, જાહેરમાં રિલેશનશિપ સ્ટેટસ પર બોલ્યો

(એજન્સી) મુંબઈ | તા.29

બોલિવૂડ એક્ટર અર્જુન કપૂર અને મલાઈકા અરોરાના બ્રેકઅપના સમાચાર ઘણા સમયથી ચર્ચામાં આવી રહ્યા હતા, પરંતુ બંનેમાંથી કોઈએ તેમના રિલેશનશિપ વિશે કંઈપણ કન્ફર્મ કર્યું ન હતું. આખરે હવે અર્જુન કપૂરે જાહેરમાં તેમના બ્રેકઅપના સમાચારને કન્ફોર્મ કર્યા છે. તેણે કહ્યું છે કે તે હવે સિંગલ છે. અર્જુનનો વીડિયો ઈન્ટરનેટ પર ખૂબ જ વાઈરલ થઈ રહ્યો છે.



અર્જુન કપૂરે કન્ફર્મ કર્યું મલાઈકા અરોરા સાથે બ્રેકઅપ અર્જુન કપૂરે એક ઈવેન્ટ દરમિયાન આ વિશે ખુલીને વાત કરી હતી. વાઈરલ વીડિયોમાં જોઈ શકાય છે કે એક પાર્ટી ચાલી રહી છે અને ભીડ બૂમો પાડી રહી હોય છે. ત્યારે અર્જુન કહે છે, 'હું અત્યારે સિંગલ છું.' ત્યાં ઊભેલા વ્યક્તિના ખભા પર હાથ મૂકીને તે આગળ કહે છે કે જ્યારે તેણે ટોલ અને હેન્ડસમ કહ્યું ત્યારે લાગ્યું કે તે લગ્નની વાત કરી રહ્યા છે.

2019માં અર્જુન-મલાઈકા રિલેશનમાં આવ્યા હતા અર્જુન કપૂર અને મલાઈકા અરોરાએ 2019માં એકબીજા સાથેના સંબંધોને સત્તાવાર જાહેર કર્યા હતા અને બંને બધાની સામે પોતાનો પ્રેમ વ્યક્ત કરતા જોવા મળ્યા હતા. પરંતુ થોડા મહિનાઓથી બંને અલગ થયા હોવાના સમાચાર આવી રહ્યા હતા.

હાલમાં જ મલાઈકા અરોરાના પિતાનું અવસાન થયું હતું, તે સમયે અર્જુન કપૂર મલાઈકા અને તેના પરિવાર સાથે જોવા મળ્યો હતો, આવી સ્થિતિમાં ફેન્સને લાગવા માંડ્યું હતું કે કદાચ બંને હજી પણ સાથે છે, પરંતુ અર્જુન કપૂરે હવે આ વાતની પુષ્ટિ કરી હતી.

અગાઉથી ચર્ચા હતી કે બંનેનું બ્રેકઅપ થઇ ગયું છે હાલમાં જ અર્જુને એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટ શેર કરી હતી, જેના પછી લોકોને શંકા થવા લાગી હતી કે તેની અને મલાઈકા વચ્ચે બધુ બરાબર નથી. 23 ઓક્ટોબરે મલાઈકાનો જન્મદિવસ હતો, જેના પર અર્જુન કપૂરે તેને શુભકામનાઓ પાઠવી ન હતી, પરંતુ બાદમાં તેણે એક રહસ્યમય પોસ્ટ શેર કરી અને લખ્યું, 'તમે કોણ છો તે ક્યારેય ભૂલશો નહીં.' આ ડાયલોગ 'ધ લાયન કિંગ'નો હતો, પરંતુ લોકો તેને મલાઈકા સાથે જોડી રહ્યા હતા. અર્જુન કપૂરનું વર્ક ફ્રન્ટ અર્જુન કપૂરના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો તે દિવાળીના અવસર પર આવી રહેલી રોહિત શેટ્ટીની 'સિંઘમ અગેન'માં જોવા મળશે. આ ફિલ્મમાં તેનું વિલનનું પાત્ર બતાવવામાં આવ્યું છે.

# દારૂની બોટલો, ચારેકોર ગંદકી...:દિલજીતના કોન્સર્ટ બાદ JLN સ્ટેડિયમને ભારે નુકસાન, ખેલાડીઓમાં રોષ

(એજન્સી) મુંબઈ | તા.29

તાજેતરમાં જ દિલ્હીના જવાહરલાલ નેહરુ સ્ટેડિયમમાં દિલજીત દૌસાંઝનો કોન્સર્ટ હતો, જેમાં સિંગરને લાઈવ સાંભળવા માટે ભારે ભીડ ઉમટી પડી હતી. કોન્સર્ટ ખૂબ જ સફળ રહ્યો, પરંતુ તે પછી સ્ટેડિયમની હાલત દયનીય બની ગઈ છે. જ્યાં જુઓ ત્યાં કચરો, દારૂની બોટલો અને ફૂડ પણ રનિંગ ટ્રેક પર સડી રહ્યું છે. ખુરશીઓ તૂટી ગઈ છે અને ટ્રેક પર દોડવા માટે જે હર્ડલ તૈયાર કરવામાં આવી હતી તે પણ તૂટી ગઈ છે. આ જોઈને એથલીટ બેઅંત સિંહ ગુસ્સે થઈ ગયો. તેણે અધિકારીઓ પર સવાલો ઉઠાવ્યા છે.

દિલજીત દોસાંઝના કોન્સર્ટ બાદ વિવાદ પંજાબી સિંગર દિલજીત દોસાંઝનો 26 અને 27 ઓક્ટોબરે દિલ્હીના જવાહરલાલ નેહરુ સ્ટેડિયમમાં કોન્સર્ટ યોજાયો હતો. જેમાં હજારો લોકોએ હાજરી આપી હતી. કોન્સર્ટ બાદનો સ્ટેડિયમનો વીડિયો બેઅંત સિંહે ઈન્સ્ટાગ્રામ શેર કર્યો હતો. બિઅંત સિંહે અધિકારીઓને સવાલ કર્યો કે તેઓએ ભીડને આ રીતે ખાવા-પીવાની વસ્તુઓ વેરવિખેર કરવાની મંજૂરી કેવી રીતે આપી?

દારૂની બોટલો, તૂટેલા ટ્રેક્સ, સ્ટેડિયમમાં ગંદકી...ખરાબ હાલત જવાહરલાલ નેહરુ સ્ટેડિયમમાં ઘણા ખેલાડીઓ દરરોજ પ્રેક્ટિસ કરે છે અને દેશ માટે ઓલિમ્પિક મેડલ જીતવાનું સપનું જોતા હોય છે. પરંતુ હવે તે સ્ટેડિયમની હાલત એટલી ખરાબ છે કે પગ મુકવાની પણ જગ્યા નથી. ખેલાડીઓ પ્રેક્ટિસ કરી શકતા ન હોવાથી નારાજ છે.

'ભારતીય ખેલાડીઓએ તેમની સ્થિતિ દેખાડી દીધી' વીડિયોમાં બિઅંત સિંહે કહ્યું કે, તેમની ફરિયાદ દિલજીત દોસાંઝ વિરુદ્ધ નથી, પરંતુ આયોજકો વિરુદ્ધ છે, જેમણે ટ્રેનિંગ માટે છેલ્લા 7 દિવસથી સ્ટેડિયમ બંધ રાખ્યું છે. વીડિયોમાં તેણે કહ્યું, 'ભારતીય એથ્લેટ્સને તેમની સ્થિતિ દેખાડી દીધી છે. ઉભરતા ખેલાડીઓ અહીં પ્રેક્ટિસ કરે છે, પરંતુ લોકો અહીં ડ્રિંક, ડાન્સ અને





પાર્ટી પણ કરે છે. આ કારણે સ્ટેડિયમ 10 દિવસ સુધી બંધ રહેશે. હર્ડલ રેસ જેવા ઘણાં સાધનો તોડી નાખવામાં આવ્યા છે અને સામાન અહીં-ત્યાં ફેંકી દેવામાં આવ્યો છે.

26-27 ઓક્ટોબરના રોજ કોન્સર્ટ હતો દિલજીત દોસાંઝનો કોન્સર્ટ 26 અને 27 ઓક્ટોબરે હતો, જેમાં હજારો લોકો જવાહર લાલ નેહરુ સ્ટેડિયમ પહોંચ્યા હતા. દિલજીતના કોન્સર્ટ માટે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) અને સારેગામા વચ્ચે કરાર કરવામાં આવ્યો હતો. આયોજકો મુજબ સ્ટેડિયમ 1 નવેમ્બર સુધી ભાડે લીધું છે.

# અમીષાનો 'કહો ના પ્યાર હૈ'નો કિસ્સો

## ફિલ્મ માટે મોર્ગન સ્ટેનલીની નોકરી છોડી, જો સફળતા ન મળી હોત તો ઈન્ડસ્ટ્રી છોડી દેત...

(એજન્સી) મુંબઈ | તા.29

અમીષા પટેલે ફિલ્મ 'કહો ના પ્યાર હૈ'થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. ફિલ્મનું શૂટિંગ શરૂ થવાના ત્રણ દિવસ પહેલા જ તેને કાસ્ટ કરવામાં આવ્યો હતો. એક્ટ્રસના કહેવા પ્રમાણે, આ ફિલ્મ તેના નસીબમાં લખેલી હતી. આ પહેલા તેણે 'અગ્નિ પ્રેમ' અને 'હિમાલય પુત્ર' જેવી ફિલ્મોની ઓફર ફગાવી દીધી હતી. આટલું જ નહીં, તેણે આ ફિલ્મ માટે મોર્ગન સ્ટેનલીની નોકરી પણ નકારી દીધી હતી.

BeautybyBiE સાથેની વાતચીત દરમિયાન અમીષા પટેલે જણાવ્યું કે તે અને રાકેશ રોશન કેવી રીતે મળ્યા. તેને તેની પ્રથમ ફિલ્મની ઓફર કેવી રીતે મળી? અમિષાએ કહ્યું, 'હું મારા પરિવાર સાથે લગ્નમાં હાજરી આપવા ગઈ હતી. જ્યાં હું રાકેશ રોશનને મળી હતી.

અમીષાએ કહ્યું, 'જ્યારે હું તેમની (રાકેશ) પાસેથી પસાર થઈ ત્યારે તેમણે મારી સામે જોયું અને પછી મારા પિતા સામે જોયું અને પૂછ્યું, ગર્લફ્રેન્ડ? મારા પિતાએ કહ્યું ના રાકેશ. આ મારી દીકરી અમીષા છે. તે હાલમાં જ બોસ્ટનથી અભ્યાસ પૂરો કરીને પરત આવી છે.

જ્યારે અમીષા પટેલને પૂછવામાં આવ્યું કે, તેને 'કહો ના પ્યાર હૈ' ફિલ્મ કેવી રીતે મળી? આ અંગે અમીષાએ કહ્યું કે, બીજા જ દિવસે રાકેશ રોશને મને તેમના ઘરે ડિનર માટે બોલાવી હતી. મને કલ્પના નહોતી કે તે મને 'કહો ના પ્યાર હૈ' ફિલ્મ ઓફર કરશે. તેમણે મને મારી નોકરી અને ભવિષ્યના પ્લાન વિશે પૂછ્યું, તેથી મેં તેને મારુ CV બતાવ્યું અને મને મોર્ગન સ્ટેનલી પાસેથી મળેલી નોકરી વિશે જણાવ્યું, જેનાથી તે ઘણા પ્રભાવિત થયા.

અમીષાના કહેવા પ્રમાણે, જ્યારે રાકેશ રોશનના ઘરે વોશરૂમ ગઈ ત્યારે રાકેશ અને હૃતિકે તેના વિશે વાત કરી. રાકેશે કહ્યું કે તેને તેની ફિલ્મ માટે એક્ટ્રેસ મળી ગઈ છે અને તે ખૂબ જ ખુશ છે. જ્યારે અમીષા વોશરૂમમાંથી પાછી આવી ત્યારે દિગ્દર્શક રાકેશે તેને પોતાની ફિલ્મ 'કહો ના પ્યાર હૈ' ઓફર કરી.

શરૂઆતમાં એક્ટ્રેસને કંઈ સમજાયું નહીં. પરંતુ થોડા સમય પછી અમીષા ફિલ્મમાં કામ કરવા માટે રાજી થઈ ગઈ. વિચાર્યું કે જો આ ફિલ્મ હિટ નહીં થાય તો તે ફરીથી તેના કામ પર પરત ફરી જશે.

આ ફિલ્મ વર્ષ 2000માં રિલીઝ થઈ હતી 'કહો ના પ્યાર હૈ' વર્ષ 2000માં રિલીઝ થઈ હતી. કમાણી સાથે આ ફિલ્મે ઘણા રેકોર્ડ પોતાના નામે કર્યા. શાહરૂખની ફિલ્મ 'દિલ સે' પછી હૃતિકની આ ફિલ્મ સંગીતના તમામ એવોર્ડ જીતનારી બીજી ફિલ્મ હતી.



# 'મેરે કરણ-અર્જુન આયેંગે':30 વર્ષ બાદ ફરી ધૂમ મચાવશે ફિલ્મ, સલમાને કરી જાહેરાત

(એજન્સી) મુંબઈ | તા.29

શાહરૂખ ખાન અને સલમાન ખાનની ફિલ્મ 'કરણ અર્જુન' ફરી એકવાર મોટા પડદા પર રીલિઝ થઈ રહી છે. સલમાન ખાને આ સમાચાર સોશિયલ મીડિયા પર શેર કરતાની સાથે જ લોકો ખુશીથી ઉછળી પડ્યા હતા. સલમાન ખાને તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર ફિલ્મનું ટીઝર શેર કર્યું છે અને જણાવ્યું છે કે ફિલ્મ ક્યારે રિલીઝ થશે.

30 વર્ષ બાદ ફરી રિલીઝ થશે ફિલ્મ અભિનેતા સલમાન ખાને પોતાની પોસ્ટમાં લખ્યું, 'રાખી જીએ સાચું કહ્યું હતું કે... મેરે કરણ-અર્જુન આયેંગે'. આ ફિલ્મ 22મી નવેમ્બરે દુનિયાભરના સિનેમાઘરોમાં ફરીથી રિલીઝ થવા માટે તૈયાર છે. લગભગ 30 વર્ષ બાદ કરણ-અર્જુન ફિલ્મ મોટા પડદા પર રીલિઝ થવા જઈ રહી છે.

હૃતિક રોશને ખુશી વ્યક્ત કરી હૃતિક રોશને પણ ફિલ્મોની રી-રિલીઝ પર પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો છે. આ ફિલ્મ તેના પિતા રાકેશ રોશન દ્વારા બનાવવામાં આવી છે. હૃતિકે પોસ્ટમાં લખ્યું છે કે, 'કરણ અર્જુનની રિલીઝ પહેલા સિનેમા એકદમ અલગ



હતું. કરણ અર્જુન ફરીથી સિનેમાઘરોમાં આવવા માટે તૈયાર છે. 'કરણ અર્જુન' હિન્દી સિનેમાની આઈકોનિક હિટ ફિલ્મ છે શાહરૂખ અને સલમાનની ફિલ્મ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી હતી અને તે 1995ની સૌથી મોટી હિટ ફિલ્મોમાંની એક હતી. 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે' પછી તે વર્ષની સૌથી મોટી હિટ ફિલ્મ હતી. 'કરણ અર્જુન' ઓછામાં ઓછા 76 જગ્યાએ 50 અઠવાડિયા સુધી ચાલી હતી. જ્યારે આ ફિલ્મ 26 જગ્યાએ 75 અઠવાડિયા સુધી ચાલી.

# સોનુ નિગમના કોન્સર્ટમાં સ્ટેજ પર મારામારી, લોકોએ કહ્યું- દારૂડિયાનો નશો ઉતારી દેવાયો

(એજન્સી) મુંબઈ | તા.29

કલાકાર સ્ટેજ પર પરફોર્મ કરતો હોય છે ત્યારે ઘણી વખત દર્શક તેની સાથે ખરાબ વર્તન કરતા હોય છે. આવો જ હાલ સોનુ નિગમનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેના એક વ્યકિત દારૂ પીને સ્ટેજ પર આવી જાય છે અને સોનુ સાથે ખરાબ વર્તન કરે છે. જાણીએ શું છે સમગ્ર મામલો.

સોશિયલ મીડિયા પર એક વીડિયો સામે આવ્યો છે. જેમાં જોઈ શકાય છે કે સોનુ નિગમ સ્ટેજ પર પરફોર્મ કરી રહ્યો છે ત્યારે અચાનક એક વ્યક્તિ સ્ટેજ પર આવે છે અને સોનુ તરફ આગળ વધે છે. તે વ્યક્તિ નશામાં છે. આથી તેને જોઈને સોનુ પાછળ હતી જાય છે અને ત્યાં હાજર સિક્યોરિટી ગાર્ડ તરત જ સ્ટેજ પર આવી જાય છે અને તે વ્યક્તિને મારપીટ કરે છે.

સિક્યોરિટી ગાર્ડ તે વ્યક્તિને માર મારીને સ્ટેજ પરથી નીચે લઈ જાય છે. હવે આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે અને લોકો તેના પર ઘણી કોમેન્ટ્સ કરી રહ્યા છે. આના પર એક યુઝરે લખ્યું કે તે ખૂબ જ અદ્ભુત હતું. અન્ય યુઝરે લખ્યું કે તે ખૂબ જ સારું કહેવાય કે આ ઘટનાથી સોનુના સુર ન બગડ્યા, ત્રીજા યૂઝરે કહ્યું, સોનુજીનું ધ્યાન રાખો. યુઝર્સ આવી કોમેન્ટ કરીને સોનુના વખાણ કરી રહ્યા છે.

# પાકિસ્તાનના કોચ ગેરી કર્સ્ટને રાજીનામું આપ્યું



(એજન્સી) ઇસ્લામાબાદ તા 29

પાકિસ્તાનની ODI અને T-20 ટીમના કોચ ગેરી કર્સ્ટને રાજીનામું આપી દીધું છે. 56 વર્ષીય કર્સ્ટન અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ વચ્ચે મતભેદો હતા. તે જ સમયે, PCBએ જેસન ગિલેસ્પીને ઓસ્ટ્રેલિયા પ્રવાસમાં ટીમના કોચ તરીકે નિયુક્ત કર્યા છે.

પીસીબીએ સોમવારે એક નિવેદન જારી કરીને કહ્યું- 'ગિલેસ્પી આવતા મહિને ઓસ્ટ્રેલિયાના મર્યાદિત ઓવરોના પ્રવાસ પર પાકિસ્તાન પુરુષ ક્રિકેટ ટીમના કોચ હશે. ગેરી કર્સ્ટને પોતાનું રાજીનામું સુપરત કર્યું છે, જેને સ્વીકારી લેવામાં આવ્યું છે.

કર્સ્ટનને 6 મહિના પહેલા એપ્રિલ-2024માં પાકિસ્તાની ટીમના કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. આ સાથે જ ઓસ્ટ્રેલિયાના પૂર્વ ઝડપી બોલર જેસન ગિલેસ્પીને પાકિસ્તાની ટેસ્ટ ટીમના કોચ બનાવવામાં આવ્યો હતો. બંનેએ 2 વર્ષનો કરાર કર્યો હતો. ગેરી કર્સ્ટને 28 વર્ષની લાંબી રાહ બાદ 2011માં ભારતને ODI વર્લ્ડ કપ જીતાડ્યો હતો.

### કર્સ્ટનના રાજીનામાના 3 કારણો...

- PCBએ પસંદગીના અધિકારો છીનવી લીધા પીસીબીએ કર્સ્ટન અને ગિલેસ્પી પાસેથી ટીમ પસંદગીના અધિકારો છીનવી લીધા હતા. આ અધિકારો માત્ર પસંદગી સમિતિ પાસે હતા.
- કેપ્ટનના નામ પર સહમતિ નથી એક દિવસ પહેલા પી.સી.બી રિઝવાનને ODI અને T-20 ટીમનો નવો કેપ્ટન બનાવવામાં આવ્યો છે. કર્સ્ટન ઇચ્છતા હતા કે તેના અભિપ્રાયને ધ્યાનમાં લેવામાં આવે.
- આ ચર્ચાને કારણે ટીમ અને નવા લિમિટેડ ઓવરોના કેપ્ટનની જાહેરાતમાં વિલંબ થયો હતો.

**PCB ODI વર્લ્ડ કપ 2023 પછી સપોર્ટ સ્ટાફમાં ઘણા ફેરફારો કરે છે**

ICC ODI વર્લ્ડ કપ 2023 પછી, PCBએ તેના સપોર્ટ સ્ટાફમાં ઘણા ફેરફાર કર્યા છે. ટીમ ODI વર્લ્ડ કપ 2023ની સેમિફાઇનલ માટે ક્વોલિફાય કરી શકી નથી. તાજેતરમાં જ મિકી આર્થર, ગ્રાન્ટ બ્રેડબર્ન અને એન્ડ્રુ પુટિકે પણ પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું. આર્થરને એપ્રિલ 2023માં પાકિસ્તાન પુરૂષ ક્રિકેટ ટીમના ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. બ્રેડબર્નને ગયા વર્ષની શરૂઆતમાં ટીમના મુખ્ય કોચ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.

# અફઘાનિસ્તાનની ટીમે પહેલી ટુર્નામેન્ટ જીતી

## ઈમર્જિંગ એશિયા કપમાં શ્રીલંકાને હરાવવું, કોઈપણ ફોર્મેટ કે એજ ગ્રુપમાં પહેલો ખિતાબ

(એજન્સી) દુબઈ તા 29

અફઘાનિસ્તાન-A પ્રથમ વખત ઈમર્જિંગ એશિયા કપ ટાઈટલ જીત્યું છે. રવિવારે અલ અમીરાત સ્ટેડિયમમાં રમાયેલી ફાઈનલમાં ટીમે શ્રીલંકા-Aને 7 વિકેટે હરાવ્યું હતું. અફઘાનિસ્તાન ક્રિકેટ માટે આ ઐતિહાસિક જીત છે. ક્રિકેટના કોઈપણ ફોર્મેટ અથવા વય જૂથ ટૂર્નામેન્ટમાં ટીમનો આ પ્રથમ ખિતાબ છે. અફઘાનિસ્તાન-A ટીમ વર્ષ 2017 અને 2019માં સેમિફાઈનલમાં પહોંચી હતી. આ વખતે તે પ્રથમ વખત ફાઈનલમાં પહોંચી હતો અને ટાઈટલ પણ જીત્યું હતું. આ મેચમાં શ્રીલંકાના કેપ્ટન નુવાનીડુ ફર્નાન્ડોએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. અફઘાનિસ્તાન સામે પહેલા રમતા શ્રીલંકાએ 20 ઓવરમાં 7 વિકેટે 133 રન બનાવ્યા હતા.



### સહાને અણનમ 64 રન બનાવ્યા હતા

શ્રીલંકા Aની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી અને આ ટીમની 4 વિકેટ માત્ર 15 રનના સ્કોર પર પડી હતી. અહીંથી સહન અરાચિગેએ ટીમ માટે મહત્વપૂર્ણ ઈનિંગ રમી હતી. તેણે અડધી સદી ફટકારી હતી. તેણે 47 બોલમાં 64 રન બનાવ્યા હતા. પવન રત્નાયકેએ 20 રનનું યોગદાન આપ્યું હતું. નિમેષ વિમુક્તિએ પણ 23 રનની ઈનિંગ રમી હતી. અફઘાનિસ્તાન-A તરફથી બિલાલ સામીએ 3 જ્યારે અલ્લાહ ગઝનફરે 2 રન બનાવ્યા હતા.

**દીકુલ્લાહની અણનમ અડધી સદી :** અફઘાનિસ્તાન તરફથી સિદીકુલ્લા અટલે અણનમ 55 રન બનાવ્યા હતા. કરીમ જનાતે 33 રનની ઈનિંગ રમી હતી. મોહમ્મદ ઈશાકે અણનમ 16 રન બનાવ્યા હતા. સહન અરાચિગે, દુષણ હેમંથા અને ઈશાન મલિંગાને 1-1 વિકેટ મળી હતી. અફઘાનિસ્તાન સેમિફાઈનલમાં ભારતને હરાવીને ફાઈનલમાં પહોંચ્યું હતું.

# ન્યુઝીલેન્ડ સામે સિરીઝ હારવાની ગંભીરને મળી સજા

(એજન્સી) નવી દિલ્હી તા 29

ન્યુઝીલેન્ડ સામેની ટેસ્ટ સિરીઝ બાદ ટીમ ઈન્ડિયાએ આગામી સિરીઝ દક્ષિણ આફ્રિકા સામે રમવાની છે. દક્ષિણ આફ્રિકા સામે 4 મેચની T20 શ્રેણી 8 નવેમ્બરથી શરૂ થવાની છે. આ શ્રેણી પહેલા જ ભારતીય ટીમ મેનેજમેન્ટે મોટો નિર્ણય લીધો છે અને મુખ્ય કોચની જવાબદારી વીવીએસ લક્ષ્મણને આપી છે. જો કે ગૌતમ ગંભીર ટીમનો મુખ્ય કોચ છે, પરંતુ ઓસ્ટ્રેલિયા પ્રવાસને કારણે તે દક્ષિણ આફ્રિકા સામેની T20 શ્રેણીમાં ટીમની સાથે રહેશે નહીં. ભારતીય ટેસ્ટ ટીમને બોર્ડર-ગાવસ્કર સિરીઝ માટે ઓસ્ટ્રેલિયા જવાનું છે. ટીમ 10 નવેમ્બરે ઓસ્ટ્રેલિયા જવા રવાના થશે. દરમિયાન, દક્ષિણ આફ્રિકા સામે ટેસ્ટ શ્રેણી પણ છે, જેના કારણે NCAના વડા વીવીએસ લક્ષ્મણ ટીમ સાથે કોચ તરીકે જઈ રહ્યા છે. દક્ષિણ આફ્રિકા સામે 8, 10, 13 અને 15 નવેમ્બરે ચાર T20 મેચ રમાશે. આ મેચો ડરબન, ગકબેરહા, સેન્ચુરિયન અને જોહાનિસબર્ગમાં યોજાશે.દક્ષિણ આફ્રિકા સામેની T20 શ્રેણી માટે યુવા ખેલાડીઓથી સજ્જ ટીમની પસંદગી કરવામાં આવી છે. આ ટીમનો કેપ્ટન સૂર્યકુમાર યાદવ છે.

# KKR રસેલને રિટેન નહીં કરે !



(એજન્સી) કોલકત્તા તા 29

IPL 2025 મેગા ઓક્શન પહેલા 31 ઓક્ટોબર સુધી તમામ 10 ટીમોએ રિટેન્શન પ્લેયર્સની લિસ્ટ જાહેર કરવાની છે. આવી સ્થિતિમાં, દરેક ફ્રેન્ચાઈઝી હાલમાં તેમના સ્ટાર ખેલાડીઓ સાથે અલગ-અલગ રીતે વ્યવહાર કરવાનો પ્રયાસ કરી રહી છે કે કોને રિટેન કરવા જોઈએ અને કોને રિલીઝ કરવા જોઈએ? રિટેન્શન મામલે કોલકાતા નાઈટ રાઈડર્સ આશ્ચર્યજનક નિર્ણય લઈ રહી હોય તેવું લાગી રહ્યું છે. પહેલા કેપ્ટન શ્રેયસ અય્યર અને હવે સ્ટાર ઓલરાઉન્ડર આન્દ્રે રસેલને KKR રિટેન નહીં કરે તેવી ચર્ચા હાલ માર્કેટમાં હેડલાઈન બનાવી રહી છે. વર્તમાન ચેમ્પિયન કોલકાતા નાઈટ રાઈડર્સ રિટેન્શન મામલે કેટલાક આશ્ચર્યજનક નિર્ણય લઈ રહી હોય તેવું લાગી રહ્યું છે. ટીમના કેપ્ટન શ્રેયસ અય્યરના જવાની સતત ચર્ચાઓ ચાલી રહી છે અને હવે એક રિપોર્ટમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે સ્ટાર ઓલરાઉન્ડર આન્દ્રે રસેલને આ વખતે બહાર કરવામાં આવી શકે છે. કોલકાતા ફક્ત 4 ખેલાડીઓને જાળવી શકે છે, જ્યારે વધુ 2 પર 'રાઈટ ટુ મેચ' વિકલ્પ અપનાવશે. રેવસ્પોર્ટ્સના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે વર્તમાન ચેમ્પિયન કોલકાતા નાઈટ રાઈડર્સમાં 4 ખેલાડીઓને જાળવી રાખવા માટે હાલમાં સમજૂતી થઈ છે. જેમાં ગત સિઝનના પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ સુનીલ નારાયણ, વરુણ ચક્રવર્તી, હર્ષિત રાણા અને રિંકુ સિંહ સામેલ છે. કેપ્ટન શ્રેયસ અય્યરને લઈને હજુ પણ શંકા છે. આન્દ્રે રસેલને લઈને સૌથી મોટો નિર્ણય લેવાનો છે, જેને હાલમાં જાળવી રાખવામાં આવે તેવું લાગતું નથી.રેવસ્પોર્ટ્સના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે વર્તમાન ચેમ્પિયન કોલકાતા નાઈટ રાઈડર્સમાં 4 ખેલાડીઓને જાળવી રાખવા માટે હાલમાં સમજૂતી થઈ છે. જેમાં ગત સિઝનના પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ સુનીલ નારાયણ, વરુણ ચક્રવર્તી, હર્ષિત રાણા અને રિંકુ સિંહ સામેલ છે. કેપ્ટન શ્રેયસ અય્યરને લઈને હજુ પણ શંકા છે. આન્દ્રે રસેલને લઈને સૌથી મોટો નિર્ણય લેવાનો છે, જેને હાલમાં જાળવી રાખવામાં આવે તેવું લાગતું નથી. આ તે છે જ્યાં સોદો અટકી જાય છે. હવે KKRના માલિકો અને ટીમ મેનેજમેન્ટ રસેલને ટીમ સાથે રહેવા માટે સમજાવવામાં સક્ષમ છે.

# માંજરેકરે કહ્યું- પુણે ટેસ્ટમાં હાર માટે બેટર જવાબદાર

(એજન્સી) નવી દિલ્હી તા 29

પૂર્વ ભારતીય ક્રિકેટર સંજય માંજરેકરે પુણેમાં રમાયેલી બીજી ટેસ્ટમાં ન્યૂઝીલેન્ડ સામેની હાર માટે ભારતીય બેટર્સને જવાબદાર ગણાવ્યા છે. સરફરાઝ ખાન પહેલા બેટિંગ ક્રમમાં વોશિંગ્ટન સુંદરને પ્રમોટ કરવા બદલ તેમણે કેપ્ટન રોહિત શર્માની પણ ટીકા કરી છે. પુણે ટેસ્ટમાં ભારતને હરાવ્યા બાદ ન્યુઝીલેન્ડે ત્રણ ટેસ્ટ મેચની શ્રેણીમાં 2-0થી લીડ મેળવી લીધી છે અને શ્રેણી પણ કબજે કરી લીધી છે. ભારતને 12 વર્ષ બાદ હોમ સિરીઝમાં હારનો સામનો કરવો પડ્યો છે. સંજયે પુણે ટેસ્ટમાં ભારતની હારના કારણો અંગે ક્રિકેટ વેબસાઈટ ક્રિકઈન્ફો સાથે વાત કરી હતી. સ્પિનરોને રમવામાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો

માંજરેકરે કહ્યું કે વિરાટ કોહલી ફરી એકવાર મિશેલ સેન્ટનરના બોલનું યોગ્ય રીતે મૂલ્યાંકન કરવામાં નિષ્ફળ રહ્યો અને ખોટો શોટ રમીને આઉટ થયો. જ્યારે કેપ્ટન રોહિત શર્મા સ્પિન સામે ઓછો આત્મવિશ્વાસ ધરાવતો દેખાતો હતો. ભારતના ટોપ-4 બેટર્સમાંથી ત્રણમાં સ્પિન સામે આત્મવિશ્વાસનો અભાવ હતો. આવી પીચો પર સેશનના પહેલા અને અડધા ભાગમાં સ્પિન સામે બેટિંગ કરવી મુશ્કેલ છે.તેમણે કહ્યું કે જ્યારે શુભમન ગિલ અને યશસ્વી જયસ્વાલ ક્રિઝ પર હતા ત્યારે એવું લાગ્યું કે તેઓ મેચને ભારતીય ટીમની તરફેણમાં ફેરવી શકે છે. ગિલ સ્પિનર સામે સંઘર્ષ કરતો જોવા મળ્યો હતો. સંજય માંજરેકરે પણ રોહિત શર્માની કેપ્ટનશિપ પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદરને ફોર્મમાં ચાલી રહેલા બેટર સરફરાઝ ખાન કરતા પહેલાં બેટિંગ કરવા મોકલવો યોગ્ય ન હતો.



# માથા પર બોલ વાગવાથી ઘાયલ થયો આ ખેલાડી, છેલ્લી મેચમાં જ કર્યું હતું ટેસ્ટ ડેબ્યૂ

(એજન્સી) બાંગ્લાદેશ તા 29

દક્ષિણ આફ્રિકા સામે પ્રથમ ટેસ્ટ મેચમાં બાંગ્લાદેશને હારનો સામનો કરવો પડ્યો હતો. હવે ટીમે બીજી ટેસ્ટ મેચમાં કોઈપણ ભોગે જીત મેળવીને શ્રેણી બરોબરી કરવી પડશે, પરંતુ તે પહેલા ટીમને ઝટકો લાગ્યો છે, કારણ કે છેલ્લી મેચમાં અડધી સદી ફટકારનાર બેટ્સમેન આ મેચમાંથી બહાર થઈ ગયો છે. દરેક ખેલાડીને તેની કારકિર્દીમાં કોઈને કોઈ તબક્કે ઈજાનો સામનો કરવો પડે છે, જેના કારણે તે થોડો સમય મેદાન પર રમી શકતો નથી. પરંતુ ક્યારેક એવું બને છે, જ્યારે કોઈ ખેલાડી ડેબ્યૂ કર્યા પછી તરત જ ઈજાગ્રસ્ત થઈ જાય છે અને પછીની મેચ રમી શકતો નથી. કમનસીબે, બાંગ્લાદેશ ક્રિકેટ ટીમના યુવા વિકેટકીપર-બેટ્સમેન ઝાકર અલી સાથે કંઈક આવું જ બન્યું છે, જે દક્ષિણ આફ્રિકા સામેની બીજી ટેસ્ટ મેચમાંથી બહાર થઈ ગયો છે. અહેવાલો અનુસાર, ઝાકરને માથામાં ઈજા થઈ હતી, જેના કારણે તે બીજી ટેસ્ટમાં રમી શકશે નહીં. બાંગ્લાદેશ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે 29 ઓક્ટોબર મંગળવારથી ટેસ્ટ શ્રેણીની છેલ્લી મેચ શરૂ થઈ રહી છે.



**પ્રેક્ટિસ સેશન દરમિયાન થયો ઈજાગ્રસ્ત :** ઝાકર બીજી મેચમાં પણ રમવાનો હતો, પરંતુ તે પહેલા જ તે ઈજાગ્રસ્ત થઈ ગયો હતો. રિપોર્ટ અનુસાર, મેચના બે દિવસ પહેલા 27 ઓક્ટોબર, રવિવારે ટીમના પ્રેક્ટિસ સેશન દરમિયાન ઝાકર ઈજાગ્રસ્ત થયો હતો. બાંગ્લાદેશ ટીમના ફિઝિયોએ જણાવ્યું કે નેટ્સમાં બેટિંગ કરતી વખતે ઝાકરના માથા પર બોલ વાગ્યો હતો, જેના કારણે તેણે પ્રેક્ટિસ છોડી દેવી પડી હતી. ફિઝિયોએ એ પણ જણાવ્યું કે ઝેકરને ઉશ્કેરાવાની લાંબી સમસ્યા છે અને તે અગાઉ પણ તેની સાથે સંઘર્ષ કરી રહ્યો છે.

# પાકિસ્તાનની ટીમમાં ભૂકંપ, સૌથી તોફાની બેટ્સમેન લેવા જઈ રહ્યો છે સંન્યાસ !

(એજન્સી) પાકિસ્તાન તા 29

પાકિસ્તાન ક્રિકેટ ટીમના બેટ્સમેન ફખર ઝમાન આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસ લઈ શકે છે. તાજેતરમાં જ આ ખેલાડીને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાંથી બહાર કરી દેવામાં આવ્યો હતો અને તેની ઝિમ્બાબ્વે અને ઓસ્ટ્રેલિયા શ્રેણી માટે પણ પસંદગી કરવામાં આવી ન હતી. પાકિસ્તાન ક્રિકેટ ટીમના વિસ્ફોટક બેટ્સમેન ફખર ઝમાન આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહી શકે છે. પાકિસ્તાને આ ડાબા હાથના બેટ્સમેનને ઝિમ્બાબ્વે અને ઓસ્ટ્રેલિયા શ્રેણી માટે ટીમમાં તક આપી નથી. આ સિવાય તેને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાંથી પણ બહાર કરી દેવામાં આવ્યો છે, જેના પછી નિરાશ થઈને ફખર ઝમાને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો છે.પાકિસ્તાની મીડિયા અનુસાર, PCBના આ નિર્ણયથી ફખર ઝમાનને હચમચાવી દેવામાં આવ્યો છે અને હવે તે નિવૃત્તિનું મોટું પગલું ભરી શકે છે. પાકિસ્તાનમાં સૌથી મોટો મુદ્દો એ છે કે ફખર ઝમાનને શા માટે બહાર ફેંકવામાં આવ્યો.



PCBએ માહિતી આપી હતી કે ફખર ઝમાન ફિટનેસ ટેસ્ટમાં ફેલ થયો હતો, ત્યારબાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો.બીજી તરફ ફખરના ચાહકો આરોપ લગાવી રહ્યા છે કે બાબર આઝમનો પક્ષ લેવો ખેલાડી માટે મોંઘો સાબિત થયો છે. બાબર આઝમને ટેસ્ટ ટીમમાંથી બહાર કર્યા બાદ ફખર ઝમાને સોશિયલ મીડિયા પર આ નિર્ણય પર આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું, ત્યારબાદ PCBએ તેને નોટિસ મોકલી હતી. ત્યારપછી ફખર ફિટનેસ ટેસ્ટમાં ફેલ થતાં તે ટીમની બહાર થઈ ગયો હતો.

# સાલાહના ગોલ વડે લિવરપૂલે આર્સનલ સામે પરાજયને ખાળ્યો



સ્ટાર સ્ટ્રાઈકર મોહમ્મદ સાલાહે શાનદાર રમતનું પ્રદર્શન કરીને અંતિમ મિનિટોમાં ગોલ કરતાં ઈંગ્લિશ પ્રીમિયર લીગ ફૂટબોલ ચેમ્પિયનશિપમાં આર્સનલ સામે પોતાની લિવરપૂલ ટીમને પરાજયથી બચાવી હતી. મેચમાં બે વખત પાછળ રહ્યા બાદ આખરે લિવરપૂલે આર્સનલ સામેની મેચ રસાકસી બાદ 2-2થી ડ્રો કરી હતી.

ડ્રોના પરિણામના કારણે પ્રીમિયર લીગના પોઈન્ટ ટેબલમાં લિવરપૂલે પોતાનું ટોચનું સ્થાન ગુમાવી દીધું છે. લિવરપૂલે નવ મેચમાં સાત વિજય, એક પરાજય અને એક ડ્રોના પરિણામ સાથે 22 પોઈન્ટ સાથે માન્ચેસ્ટર સિટી બાદ બીજા ક્રમે છે.

# પેરિસમાં ફ્લોપ શૉ થયા બાદ સરકાર એક્શનમોડમાં

(એજન્સી) પેરિસ તા 29

પેરિસ ઓલિમ્પિક 2024માં ભારતનું પ્રદર્શન અપેક્ષા કરતાં અત્યંત વિરોધાભાસી રહ્યું હતું. ટોક્યો ગેમ્સમાં ભારતે એક ગોલ્ડ સહિત સાત મેડલ્સ જીત્યા હતા પરંતુ પેરિસમાં સંખ્યા ઘટીને છની હતી. પેરિસમાં ભારતે પાંચ બ્રોન્ઝ અને એક સિલ્વર જીત્યો હતો. પેરિસ ઓલિમ્પિકના ફ્લોપ શૉ બાદ હવે સરકારની સ્પોર્ટ્સ મિનિસ્ટ્રી એક્શન મોડમાં આવી ગઈ છે. સરકાર ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ (ટોપ્સ) અંગે આકરાં નિર્ણય લેશે અને અનેકની બાદબાકી થાય તેવી સંભાવના છે. ભારતીય એથ્લેટ્સ માટે હવે ટોપ્સમાં સ્થાન મેળવવાનું આસાન રહેશે નહીં. મિશન ઓલિમ્પિક સેલ (એમઓસી) આ અંગે ચર્ચા કરી રહી છે અને ટૂંક સમયમાં નિર્ણય લઈ શકે છે. સમિતિના બે સભ્યોએ જણાવ્યું હતુ કે આગામી સપ્તાહમાં નવા પસંદગીના માપદંડ અંગે નિર્ણય લેવામાં આવશે પરંતુ ખેલાડીઓને અપાતા ફંડિંગમાં કોઈ ઘટાડો કરવામાં આવશે નહીં. ભારતના 300 એથ્લેટ્સને ટોપ્સ હેઠળ નાણાકીય સહાય મળે છે. એમઓસીના એક અધિકારીએ જણાવ્યું હતું કેજો પસંદગીના નિયમો આકરાં બનાવવામાં આવશે તો ખેલાડીઓની સંખ્યા અડધી 150 સુધી પહોંચી જશે. એવો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે કે જે એથ્લેટ્સ મેડલ માટેની મજબૂત દાવો રજૂ કરશે તેને ટોપ્સ સ્કીમનો હિસ્સો બનાવવામાં આવે. જોકે કેટલાક સભ્યો આ પ્રસ્તાવથી સહમત નથી. તેમનું માનવું છે કે નવા નિયમોના કારણે ઘણા ખેલાડીઓ સ્કીમની બહાર થઈ જશે. પેરિસ ગયેલા એથ્લેટ્સે હજુ ખર્ચના બિલ મૂક્યા નથી

TOP
Target Olympic Podium

# બોર્ડર ગાવસ્કર ટ્રોફી પહેલા સ્ટાર ખેલાડીએ મચાવી ધૂમ

(એજન્સી)પૂણે તા 29

ન્યુઝીલેન્ડ સામેની સિરીઝ બાદ ભારતે ઓસ્ટ્રેલિયાના પ્રવાસે જવાનું છે. ઓસ્ટ્રેલિયા પ્રવાસમાં ભારતે 5 ટેસ્ટ મેચ રમવાની છે. આ પ્રવાસ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરવામાં આવી છે. ટીમની કપ્તાની રોહિત શર્માના હાથમાં છે. ટીમનો વાઈસ કેપ્ટન જસપ્રિત બુમરાહ છે. આ સાથે જ યુવા બોલર હર્ષિત રાણાને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. તેણે રણજી ટ્રોફીમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. તેણે પોતાના ઓલરાઉન્ડ પ્રદર્શનથી બધાને પ્રભાવિત કર્યા છે. રણજી ટ્રોફીમાં દિલ્હી તરફથી રમતા હર્ષિત રાણાએ આસામ સામે ધૂમ મચાવી છે. તેને 19.3 ઓવરમાં 80 રન આપીને 5 વિકેટ લીધી હતી. આસામના બેટ્સમેન પાસે તેની ઝડપ અને સ્વિંગનો કોઈ જવાબ બોલિંગના કારણે આસામની ટીમ પ્રથમ દાવમાં માત્ર 330 રન જ બનાવી શકી હતી.

# મુંબઈ ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાનો રસ્તો નથી સરળ, વાનખેડેમાં આવું પ્રદર્શન...

**કંઈક એવું અદ્ભુત કર્યું છે જેની કોઈને અપેક્ષા નહોતી, ઓછામાં ઓછી વર્તમાન ન્યૂઝીલેન્ડ ટીમ પાસેથી. આટલા વર્ષોમાં કોઈ પણ ટીમ ભારત આવીને ટેસ્ટ સિરીઝમાં ટીમ ઈન્ડિયાને હરાવી શક્યું નથી, પરંતુ ન્યૂઝીલેન્ડે તે એવા સમયે કર્યું જ્યારે ટીમ ઈન્ડિયા પહેલા કરતા વધુ મજબૂત માનવામાં આવતી હતી. પહેલા બેંગલુરુ અને પછી પુણેમાં ન્યુઝીલેન્ડે ટીમ ઈન્ડિયાને હરાવ્યું. હવે છેલ્લી મેચ મુંબઈમાં યોજાવા જઈ રહી છે, જ્યાં એક તરફ કિવી ટીમ માટે ઈતિહાસ રચવાની તક છે તો બીજી તરફ ટીમ ઈન્ડિયા માટે પોતાની ઈજ્જત બચાવવાનો પડકાર છે. જો કે ટીમ ઈન્ડિયાએ ઐતિહાસિક વાનખેડે સ્ટેડિયમમાં ઘણી મેચો જીતી છે, પરંતુ અહીં તેનો રેકોર્ડ બિલકુલ એકતરફી નથી.**



### 1 નવેમ્બરથી મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાશે

ટેસ્ટ સિરિઝની ત્રીજી અને છેલ્લી મેચ 1 નવેમ્બરથી મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાશે. ટીમ ઈન્ડિયા માટે આ છેલ્લી તક હશે જ્યાં તે ન્યૂઝીલેન્ડને હરાવીને શ્રેણીને વધુ સારી રીતે સમાપ્ત કરવા માંગશે. તે જ સમયે, સતત 2 મેચ જીતીને શ્રેણી પર કબજો જમાવનાર ન્યુઝીલેન્ડની ટીમ વધુ આત્મવિશ્વાસ અને ઉચ્ચ ભાવના સાથે આ મેચમાં પ્રવેશ કરવા અને વિજય નોંધાવવા માંગે છે. જો ન્યુઝીલેન્ડ આમ કરે છે, તો તે ભારત આવીને ટીમ ઈન્ડિયાને ક્લીન સ્વીપ કરનારી બીજી ટીમ બની જશે, જ્યારે તે 3 મેચની શ્રેણીની તમામ મેચ જીતનારી પ્રથમ ટીમ પણ બની શકે છે.

### કેવો છે વાનખેડેમાં ટીમ ઈન્ડિયાનો રેકોર્ડ?

લગભગ 12 વર્ષ પછી ઘરઆંગણે ટેસ્ટ સિરીઝ હારવા બદલ ટીમ ઈન્ડિયાની પહેલેથી જ આકરી ટીકા થઈ રહી છે, આવી સ્થિતિમાં મુંબઈમાં જીતથી ઓછું કંઈ સહન કરવામાં આવશે નહીં, નહીં તો શરમ અનેકગણી થઈ જશે. પરંતુ શું ટીમ ઈન્ડિયા માટે આટલું સરળ થઈ જશે? આખરે, વાનખેડે સ્ટેડિયમના આંકડા શું કહે છે? જો જોવામાં આવે તો ભારતના મોટાભાગના મેદાનોની જેમ વાનખેડેમાં પણ ટીમ ઈન્ડિયાની જીતના આંકડા ઉંચા છે. તેમ છતાં, આ બિલકુલ એકતરફી નથી. ટીમ ઈન્ડિયાએ લગભગ 50 વર્ષમાં વાનખેડે સ્ટેડિયમમાં કુલ 26 ટેસ્ટ મેચ રમી છે.

**આ મેદાન ન્યુઝીલેન્ડ માટે ખાસ :** અહીં છેલ્લી મેચ 3 વર્ષ પહેલા 2021માં ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાઈ હતી અને તે મેચ ટીમ ઈન્ડિયાએ જીતી હતી. તેમ છતાં, આ મેદાન ન્યુઝીલેન્ડ માટે ખાસ છે કારણ કે તેના ઈતિહાસની બે શ્રેષ્ઠ ક્ષણો અહીં બની છે. જો આપણે માત્ર 2021 ટેસ્ટની વાત કરીએ તો તે મેચમાં ન્યુઝીલેન્ડના લેફ્ટ આર્મ સ્પિનર એજાઝ પટેલે પ્રથમ ઈનિંગ્સમાં તમામ 10 વિકેટ લીધી હતી અને તે ક્રિકેટના ઈતિહાસમાં આવું કરનાર માત્ર ત્રીજો બોલર બન્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### ટ્રુડોની ફરી ખુલી પોલ, નિજ્જર કેસને લઈ પોલીસ કમિશનરનું મોટું નિવેદન

ખાલિસ્તાની આતંકવાદી નિજ્જર હત્યા કેસ પર કેનેડાના પીએમએ શું નથી કહ્યું. જસ્ટિન ટ્રુડોએ આ મુદ્દે ભારત સાથેના સંબંધો બગાડવામાં કોઈ કસર છોડી નથી. ભારતીય રાજદ્વારીઓ પર ગંભીર આક્ષેપો કર્યા. ટ્રુડોએ આ બધું કર્યા પછી હવે કેનેડાના પોલીસ કમિશનર કહી રહ્યા છે કે આ હત્યામાં ભારતની સંડોવણીના કોઈ પુરાવા નથી. કમિશનરનું નિવેદન આશ્ચર્યજનક છે કારણ કે, તેમનું નિવેદન ટ્રુડોના તે નિવેદનને સંપૂર્ણપણે નકારી કાઢે છે જેમાં કેનેડાના પીએમએ ભારત સરકાર પર સીધો આરોપ લગાવ્યો હતો. ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની ગયા વર્ષે જૂનમાં કેનેડાના વેનકુવરમાં હત્યા કરવામાં આવી હતી. નિજ્જરને ગુરુદ્વારાની બહાર ગોળી મારી દેવામાં આવી હતી. આ મામલો ભારત અને કેનેડા વચ્ચેના ડિપ્લોમેટિક મડાગાંઠ બદલાઈ ગયો છે. હવે રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ (RCMP)ના કમિશનર માઈક ડુહેમે કેનેડાની મીડિયાને આ મામલે મોટું નિવેદન આપ્યું છે. ડ્યૂહેમનું નિવેદન ટ્રુડોના આરોપો સાથે બિલકુલ મેળ ખાતું નથી. 14 ઓક્ટોબરે કેનેડાના હતી, જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે તેમને નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોનો હાથ હોવાના મજબૂત પુરાવા મળ્યા છે.

### નરેન્દ્ર મોદી ચપટી વગાડતા યુદ્ધ સમાપ્ત કરાવી શકે છે....જેલેન્સકી

અઢી વર્ષ કરતાં વધુ સમયથી રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. તમામ પ્રયાસો છતાં રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ સમાપ્ય થવાનું નામ નથી લઈ રહ્યું. આ દરમ્યાન યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વખાણ કર્યા છે. ઝેલેન્સકીએ કહ્યું કે, પીએમ મોદી રશિયા-યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવામાં મોટી અસર કરી શકે છે. પીએમ મોદીના વખાણ કરતા તેમણે કહ્યું કે આ કોઈપણ યુદ્ધમાં તેમનો પ્રભાવ દર્શાવે છે. તેમણે કહ્યું કે આ ભારતનો પ્રભાવ પણ દર્શાવે છે. પત્રકારોના એક સવાલના જવાબમાં વોલોડીમિર ઝેલેન્સકીએ પીએમ મોદી દ્વારા યુક્રેન અને રશિયા વચ્ચે વાતચીત કરવાની શક્યતા પર પોતાના વિચારો વ્યક્ત કર્યા. ઝેલેન્સકીએ રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધને સમાપ્ત કરવા માટે ભારતમાં વાતચીતની શક્યતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, અલબત્ત, ભારતમાં આ થઈ શકે છે અને પીએમ મોદી વાસ્તવમાં આ કરી શકે છે. તેણે એમ પણ કહ્યું કે જો કે, મને લાગે છે કે આપણે આપણી જાતને તૈયાર કરવાની અને તે મુજબ તૈયારી કરવાની જરૂર છે કારણ કે યુદ્ધ આપણી ધરતી પર લડવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે અમારી પાસે એક પ્લેટફોર્મ છે, જે શાંતિ સમિટ છે. પીએમ મોદીએ બ્રિક્સ અઠવાડિયે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રશિયાના કઝાન શહેરમાં આયોજિત 16મી બ્રિક્સ સંમેલનમાં ભાગ લીધો હતો.

### ઈઝરાયલમાં આતંકવાદી હુમલો, મોસાદ હેડકવાર્ટર પાસે ટ્રકે લોકોને કચડયા

ઈઝરાયલના સૌથી મોટા શહેર એવા તેલ અવીવ પાસે એક પૂરપાટ વેગે જતી ટ્રક બસ સ્ટોપને અથડાઈ હતી. આ દરમ્યાન બસ સ્ટોપ પર ઊભા રહેલા 35 લોકો ટ્રકની ઝપટે આવી જતા ઈજાગ્રસ્ત થયા હતા. જો કે, હાલ છ લોકોની સ્થિતિ ખૂબ જ ગંભીર હોવાનું સામે આવ્યું છે. બસ સ્ટોપ ઘટનાસ્થળે હાજર લોકોએ ટ્રકથી કરાયેલા હુમલા અંગે જાણકારી આપી હતી. આ ટ્રકે મોસાદના હેડ કવાર્ટર પાસે ઘણા લોકોને કચડી દીધા હતા. આ ઘટના અંગે પોલીસનું કહેવું છે કે, ટ્રકચાલકને ઝડપી લઈને તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે. ઘટનાની માહિતી આપતા ઈઝરાયલ પોલીસે તેને હુમલો ગણાવ્યો અને કહ્યું કે હુમલાખોર આરબ નાગરિક છે. પોલીસે જણાવ્યું કે, આ અથડામણ ઈઝરાયલની મોસાદ ગુપ્તચર સંસ્થાના હેડક્વાર્ટર પાસે થઈ હતી. એક અઠવાડિયાના વેકેશન પછી ઈઝરાયલીઓ કામ પર પાછા ફરતા હતા ત્યારે તેલ અવીવના ઉત્તરપૂર્વમાં, રામત હાશરોન શહેરમાં દરમિયાન કેટલાક લોકો વાહનોની નીચે ફસાઈ ગયા હતા.

### ઈરાન પર હુમલા વખતે અમેરિકી ફાયટર સાબદા હતા

ઈઝરાયલે ઈરાન પર શનિવારે પરોઢિયે તેનો અત્યાર સુધીનો સૌથી મોટો હવાઈ હુમલો કર્યો હતો. આમાં 100થી વધુ ફાઈટર પ્લેનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેણે રાજધાની તહેરાન સહિત ઈરાનના ઘણા વિસ્તારોમાં સૈન્ય લક્ષ્યોને નિશાન બનાવ્યા હતા. હુમલા વિશે માહિતી આપતા, ઈઝરાયલી સેનાએ શનિવારે કહ્યું હતું કે તેનો હુમલો સફળ રહ્યો છે અને તમામ વિમાનો ઓપરેશન પાર પાડીને સલામત રીતે પરત ફર્યા છે. હુમલા બાદ અમેરિકાએ કહ્યું હતું કે તે વાકેફ છે પરંતુ તે તેમાં સામેલ નથી. જો કે હવે અમેરિકાને લઈને એક નવી માહિતી સામે આવી છે. અહેવાલમાં ભારપૂર્વક જણાવવામાં આવ્યું હતું કે જો કે યુએસએ પોતે હુમલામાં ભાગ લીધો ન હતો, યુએસ સેન્ટ્રલ કમાન્ડનો કાફલો જરૂર પડ્યે હસ્તક્ષેપ કરવા તૈયાર છે. તેણે એમ પણ કહ્યું હતું કે ઈઝરાયેલી વાયુસેનાએ અમેરિકન સમર્થન પર આધાર રાખ્યા વિના પાઈલોટ બચાવ માટે એક સ્વતંત્ર યોજના તૈયાર કરી હતી.

## બાંગ્લાદેશમાં ફરી શરૂ થયું આંદોલન, જાણો શું છે કારણ, રાષ્ટ્રપતિના આ નિવેદનના કારણે શરૂ થયો વિરોધ

# શેખ હસીના હજુ પણ છે બાંગ્લાદેશના વડાપ્રધાન ?

(એજન્સી) બાંગ્લાદેશ તા 29

પાડોશી દેશ બાંગ્લાદેશમાં ફરી એકવાર હિંસક પ્રદર્શનો શરૂ થયા છે. રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીન વિરુદ્ધ લોકો રસ્તાઓ પર વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે અને તેમને હટાવવાની માંગણી કરવામાં આવી રહી છે. તેમના એક નિવેદનને લઈને આ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. બાંગ્લાદેશમાં એક નવું સંકટ ઊભું થયું છે. સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે કે શું શેખ હસીના હજુ પણ દેશના વડાપ્રધાન છે અને જો આવું છે તો શું સેના દ્વારા બનાવવામાં આવેલી મોહમ્મદ યુનુસની વચગાળાની સરકાર ગેરકાયદે છે ? કારણ કે બંધારણ મુજબ વડાપ્રધાન પદ ત્યારે જ ખાલી થશે, જ્યારે તેઓ પોતાનું રાજીનામું રાષ્ટ્રપતિને સોંપશે. પરંતુ ઓગસ્ટમાં બાંગ્લાદેશ છોડીને ભારત પહોંચેલા શેખ હસીનાએ રાજીનામું આપ્યું છે કે કેમ તે હવે મોટો પ્રશ્ન બની ગયો છે. પાડોશી દેશ બાંગ્લાદેશમાં ફરી એકવાર હિંસક પ્રદર્શનો શરૂ થયા છે. રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીન વિરુદ્ધ લોકો રસ્તાઓ પર વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે અને તેમને હટાવવાની માંગણી કરવામાં આવી રહી છે. તેમના એક નિવેદનને લઈને આ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે.રાષ્ટ્રપતિ ભવન બહાર વિરોધ પ્રદર્શન રાજધાની ઢાકામાં રાષ્ટ્રપતિના નિવાસ સ્થાન બંગભવનની સામે વિદ્યાર્થી સંગઠન દ્વારા જોરદાર પ્રદર્શન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ ભવન સામે હજારો લોકો એકઠા થયા અને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા હતા. કેટલાક મહિનાઓ પહેલા બાંગ્લાદેશમાં શેખ હસીના સરકાર વિરુદ્ધ વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરનાર વિદ્યાર્થી સંગઠન હવે રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીનને હટાવવાની માંગ કરી રહ્યું છે.



### ઘી અને માખણ માંથી વધુ ફાયદાકારક શું ?

ભેદભાવ વિરોધી વિદ્યાર્થી આંદોલન કે જેણે શેખ હસીનાને સત્તા પરથી હટાવવા માટે અભિયાન ચલાવ્યું હતું, એ જ સંગઠને કેન્દ્રીય શહીદ મિનાર પાસે રેલી કાઢી અને શહાબુદ્દીનના રાજીનામાની માંગ કરી હતી. રાષ્ટ્રપતિ આવાસની બહાર પ્રદર્શન હિંસક બની ગયું હતું. દેખાવકારોએ પોલીસ બેરીકેટ્સ હટાવવાનો પ્રયાસ કર્યો હતો. આ પછી તેમને કાબૂમાં લેવા માટે પોલીસે લાઠીચાર્જનો આશરો લીધો અને ટીયર ગેસના શેલ પણ છોડ્યા હતા.

### શું શેખ હસીના હજુ પણ બાંગ્લાદેશના પીએમ છે ?

જ્યારે બાંગ્લાદેશમાં 5 ઓગસ્ટે તખ્તાપલટ થયો, ત્યારે એવું કહેવામાં આવી રહ્યું હતું કે શેખ હસીનાએ ઉતાવળમાં વડાપ્રધાન પદ પરથી રાજીનામું આપી દીધું અને દેશ છોડી દીધો, પરંતુ રાષ્ટ્રપતિના આ નિવેદનથી શેખ હસીનાના રાજીનામા પર જ સવાલો ઉભા થયા છે. મોહમ્મદ શહાબુદ્દીને કહ્યું કે તેમણે શેખ હસીનાનું રાજીનામું મેળવવા માટે ખૂબ પ્રયાસ કર્યા, પરંતુ કદાચ તેમની પાસે સમય નહોતો. તેમના નિવેદનથી સવાલો ઉઠી રહ્યા છે કે શું શેખ હસીનાએ રાજીનામું આપ્યું નથી અને હજુ પણ તેઓ બાંગ્લાદેશના વડાપ્રધાન છે ? કારણ કે થોડા દિવસો પહેલા હસીનાના પુત્ર વાજિદ જોયે પણ આવો જ દાવો કર્યો હતો.

### પહેલા રાષ્ટ્રપતિ, પછી આર્મી ચીફનો વારો!

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રાષ્ટ્રપતિના નિવેદનથી સર્જાયેલા હોબાળા બાદ યુનુસ સરકારના એક વરિષ્ઠ સલાહકાર અને બે વિદ્યાર્થી નેતાઓ ન્યાયતંત્રના વરિષ્ઠ સભ્યને મળ્યા હતા અને તેમને રાષ્ટ્રપતિ બનાવવાના પ્રસ્તાવ પર ચર્ચા કરવામાં આવી હતી. જમાત-એ-ઈસ્લામીની વિદ્યાર્થી પાંખની રાજકીય પકડને નબળી કરવા માટે રાષ્ટ્રપતિ પછી આ વિદ્યાર્થી નેતાઓનું આગામી ટાર્ગેટ આર્મી સ્ટાફ વકાર-ઉઝ-ઝમાન હોઈ શકે છે. આ પછી આગામી પગલું બાંગ્લાદેશના બંધારણને બદલવાનું હશે, જેની માંગ ભેદભાવ વિરોધી વિદ્યાર્થી સંગઠન દ્વારા કરવામાં આવી હતી.

### વચગાળાની સરકાર પર બંધારણીય સંકટ

વિદ્યાર્થીઓની આ માંગ વચ્ચે મોહમ્મદ યુનુસની વચગાળાની સરકારની બંધારણીય માન્યતાને લઈને પણ સવાલ ઉઠી રહ્યા છે. જો શેખ હસીનાએ વડાપ્રધાન પદ પરથી રાજીનામું આપ્યું નથી, તો શું સેના દ્વારા રચાયેલી મોહમ્મદ યુનુસની વચગાળાની સરકાર ગેરકાયદે છે ? હકીકતમાં બાંગ્લાદેશના બંધારણના અનુચ્છેદ 57 (A) મુજબ, વડાપ્રધાન કોઈપણ સમયે રાષ્ટ્રપતિને પોતાનું રાજીનામું આપી શકે છે, જેના પછી વડાપ્રધાનનું પદ ખાલી થઈ જાય છે. પરંતુ બાંગ્લાદેશના રાષ્ટ્રપતિનું કહેવું છે કે તેમની પાસે શેખ હસીનાનું રાજીનામું નથી. આવી સ્થિતિમાં શું માનવું જોઈએ કે શેખ હસીના હજુ પણ બાંગ્લાદેશના વડાપ્રધાન છે.

### વચગાળાની સરકારને બચાવવાનો પ્રયાસ

બાંગ્લાદેશના બંધારણના અનુચ્છેદ 106 મુજબ, જો દેશમાં એવો સમય આવે છે કે જ્યારે કાયદાને લગતો કોઈ પ્રશ્ન રાષ્ટ્રપતિ સમક્ષ ઊભો થાય અથવા થવાની સંભાવના હોય, અને જે ખરેખર જનહિતનો મુદ્દો હોય, તો તેના માટે તેમના પગલાં રાષ્ટ્રપતિએ સુપ્રીમ કોર્ટનો અભિપ્રાય લેવો જોઈએ. આ માટે રાષ્ટ્રપતિ તે મુદ્દો સુપ્રીમ કોર્ટના એપેલેટ ડિવિઝનને મોકલી શકે છે. જેના પર સુનાવણી બાદ કોર્ટ પોતાનો અભિપ્રાય રાષ્ટ્રપતિ સુધી પહોંચાડી શકે છે.

# શિન્ઝો આબેની પાર્ટી 15 વર્ષ બાદ બહુમતીથી ચૂકી: જાપાનમાં કોઈને બહુમતી નહીં

(એજન્સી) ટોક્યો તા 29

જાપાનમાં સત્તારૂઢ લિબરલ ડેમોક્રેટિક પાર્ટી (LDP) ગઠબંધન સંસદમાં બહુમતી મેળવવામાં સફળ રહ્યું નથી. એલડીપીને માત્ર 191 બેઠકો મળી અને 65 બેઠકો ગુમાવી. છેલ્લા 15 વર્ષમાં પાર્ટીનું આ સૌથી ખરાબ પરિણામ છે. એલડીપી અને તેના સહયોગી કોમેટોને મળીને 215 બેઠકો મળી છે.સરકાર ચલાવવા માટે ગઠબંધનને 233 બેઠકો મેળવવી પડશે. જાપાનના વડાપ્રધાન શિગેરુ ઈશિબાએ ગયા મહિને પાર્ટીના અધ્યક્ષ પદ માટે ચૂંટણી જીતી હતી,

ત્યાર બાદ તેઓ દેશના વડાપ્રધાન બન્યા હતા. આ પછી ઈશિબાએ ચૂંટણી યોજવાની જાહેરાત કરી હતી. ચૂંટણીના પરિણામો બાદ જાપાનના પીએમે કહ્યું કે ચૂંટણી પરિણામો તેમની તરફેણમાં આવ્યા નથી. જનતાએ કઠોર ચુકાદો આપ્યો છે. તેઓ તેને નમ્રતાથી સ્વીકારી રહ્યા છે, પરંતુ આ ક્ષણે તેઓ વધુ પક્ષો ઉમેરવાનો પ્રયાસ કરી રહ્યાં નથી. ચૂંટણી પહેલા જાપાની મીડિયામાં દાવો કરવામાં આવી રહ્યો હતો કે જો એલડીપીને બહુમતી નહીં મળે તો પીએમ ઈશિબા પદ છોડી શકે છે. જો આવું થયું હોત, તો તે બીજા વિશ્વ યુદ્ધ પછી સૌથી ઓછા સમયગાળા માટે



વડાપ્રધાન તરીકે સેવા આપનાર વ્યક્તિ બની ગયા હોત. જો કે, ઈશીબાએ કહ્યું કે તેઓ પદ પર રહેશે.2009 પછી આ પ્રથમ વખત છે જ્યારે એલડીપીને બહુમતી મળી નથી. બીબીસી અનુસાર, બહુમતી હાંસલ ન કરવા પાછળનું કારણ એ છે કે એલડીપીના નેતાઓ ઘણા કૌભાંડોમાં ઘેરાયેલા છે. આ જ કારણ છે કે એલડીપીની લોકપ્રિયતા સતત ઘટી રહી છે. આ વર્ષની શરૂઆતમાં, LDP ની મંજૂરી રેટિંગ 20% થી નીચે આવી ગયું હતું. એલડીપીની સૌથી મોટી હરીફ, જાપાનની કોન્સ્ટિટ્યુશનલ ડેમોક્રેટિક પાર્ટી (સીડીપી) એ વધુ સારું પ્રદર્શન કર્યું. CDP નેતા યોશિહિકો નોડાએ કહ્યું કે, તેઓ વર્તમાન સરકારને હટાવવા માટે ગઠબંધન બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. સીડીપી ગઠબંધન પાસે હાલમાં 163 બેઠકો છે અને તે સરકાર બનાવવાથી દૂર છે. NHK ન્યૂઝ અનુસાર, જાપાનમાં આ વખતે મહિલાઓ રેકોર્ડ સંખ્યામાં મત મેળવીને સાંસદ બનવામાં સફળ રહી છે.

આ વખતે 465 સીટોવાળા ગૃહમાં 73 મહિલાઓ જીતી છે. 2021ની ચૂંટણીમાં માત્ર 45 મહિલાઓ જ જીતી શકી હતી.એલડીપી સાંસદો પર પાર્ટીને મળેલા રાજકીય દાનની ઉચાપત કરવાનો આરોપ હતો. ખાતામાં છેડછાડ કરીને તેણે પાર્ટીના પૈસા પોતાના ખાતામાં ટ્રાન્સફર કર્યા. મામલો સામે આવ્યા બાદ પીએમ કિશિદાએ ઘણા કેબિનેટ મંત્રીઓ અને અન્યોને તેમના પદ પરથી હટાવી દીધા હતા.જો કે, આનાથી લોકોનો ગુસ્સો શાંત થયો ન હતો. જેના કારણે ફ્યુમિયો કિશિદાએ વડાપ્રધાન પદ પરથી રાજીનામું આપવું પડ્યું હતું.

# ઈઝરાયલના હુમલામાં ઈરાનના પરમાણુ સ્થળો ધ્વસ્ત, સેટેલાઈટ ફોટા વાયરલ



(એજન્સી) ઈરાન તા 29

ઈરાન પર ઈઝરાયલના હુમલાથી તેને ભારે નુકસાન થયું છે. સેટેલાઇટ તસવીરો સામે આવતા આ વાતની સાક્ષી પુરી રહી છે. ઈરાનની રાજધાની તહેરાનના દક્ષિણપૂર્વમાં ઈરાનના ગુપ્ત લશ્કરી થાણા પર ઈઝરાયલના હુમલા જે ભૂતકાળમાં નિષ્ણાતોએ કહ્યું હતું કે તહેરાનના તત્કાલીન પરમાણુ શસ્ત્રો કાર્યક્રમ સાથે સંકળાયેલું હતું, તેણે નોંધપાત્ર નુકસાન પહોંચાડ્યું છે. ઈઝરાયલના આ હુમલામાં અન્ય સૈન્ય મથકને પણ નુકસાન થયું હતું, જે ઈરાનના બેલેસ્ટિક મિસાઈલ કાર્યક્રમ સાથે જોડાયેલું હતું. સેટેલાઇટ ઈમેજના વિશ્લેષણમાં દર્શાવે છે કે કેટલીક ક્ષતિગ્રસ્ત ઈમારતો ઈરાનના લશ્કરી થાણામાં આવેલી છે.

ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સીને શંકા છે કે ઈરાને અગાઉ પણ ત્યાં પરમાણુ હથિયારો સાથે જોડાયેલા વિસ્ફોટકોનું પરીક્ષણ કર્યું છે. ઈરાન લાંબા સમયથી આગ્રહ કરી રહ્યું છે કે તેનો પરમાણુ કાર્યક્રમ શાંતિપૂર્ણ છે. જો કે, ઇન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સી (IAEA), પશ્ચિમી ગુપ્તચર એજન્સીઓ અને અન્ય લોકો કહે છે કે તહેરાન-2003 સુધીમાં સક્રિય રીતે શસ્ત્રો કાર્યક્રમ ચલાવી રહ્યું હતું. અન્ય નુકસાન નજીકના ખોજીર લશ્કરી થાણા પર જોઈ શકાય છે, જે વિશ્લેષકો માને છે કે, ભૂગર્ભ ટનલ સિસ્ટમ અને મિસાઈલ ઉત્પાદન સ્થળ છે.ઈરાને શરૂઆતમાં મોટું નુકસાન થવાનો ઈનકારર કર્યો હશે, પરંતુ રવિવારે તેના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ ખામેનેઈના નિવેદને પણ ઈઝરાયલનો હુમલો હળવો ન હોવાનો સંકેત આપ્યો હતો. સંયુક્ત રાષ્ટ્રમાં ઈરાનના મિશને ટિપ્પણી માટેની વિનંતીનો તરત જ જવાબ આપ્યો ન હતો.

### નેતન્યાહુએ કહ્યું- ઈરાનને મોટું નુકસાન થયું છે

ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ રવિવારે કહ્યું હતું કે ઈઝરાયલના હુમલાથી ઈરાનને "ગંભીર નુકસાન" થયું છે, તે હજી સ્પષ્ટ નથી કે ઈઝરાયલના હુમલામાં કેટલી સાઈટ્સને નિશાન બનાવવામાં આવી હતી. ઈરાનની સેનાએ હજુ સુધી નુકસાનની કોઈ તસવીરો જાહેર કરી નથી. ઈરાની અધિકારીઓએ અસરગ્રસ્ત વિસ્તારોની ઓળખ ઈલામ, ખુઝેસ્તાન અને તહેરાન પ્રાંત તરીકે કરી હતી. શનિવારે ઈલામ પ્રાંતમાં ઈરાનના તાંગે બિજાર કુદરતી ગૅસ ઉત્પાદન સાઇટની આસપાસ પ્લેનેટ લેબ્સ પીબીસીની ઉપગ્રહની છબીઓમાં બળી ગયેલા ક્ષેત્રો જોઇ શકાય છે. જો કે હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે આ તસવીરો હુમલા સાથે સંકળાયેલી છે કે નહીં. ઈલામ નજીક, પારચીનમાં પ્લેનેટ લેબ્સના ફોટામાં સૌથી વધુ નુકસાન જોઈ શકાય છે.

# Google સામે આ દંપતીએ જીતી કાનૂની લડાઈ, કંપની પર લાગ્યો 26,000 કરોડનો દંડ

(એજન્સી) યુકે તા 29

યુનાઈટેડ કિંગડમ (યુકે)માં એક દંપતી સામે ગૂગલે 15 વર્ષની કાનૂની લડાઈ હારી છે. આ કિસ્સામાં, યુરોપિયન કોર્ટે ગૂગલને તેના શોપિંગ કમ્પેરિઝન સર્વિસ માર્કેટમાં અયોગ્ય વર્ચસ્વ માટે 2.4 બિલિયન પાઉન્ડ (આશરે રૂ. 26,000 કરોડ) નો દંડ ચૂકવવાનો આદેશ આપ્યો છે.

ગૂગલે યુકેમાં એક દંપતી સામે 15 વર્ષની કાનૂની લડાઈ હારી છે અને તેની શોપિંગ કમ્પેરિઝન સર્વિસના માર્કેટ વર્ચસ્વનો દુરુપયોગ કરવા બદલ તેને 2.4 બિલિયન પાઉન્ડ (આશરે રૂ. 26,172 કરોડ) દંડ ચૂકવવાનો આદેશ આપવામાં આવ્યો છે. કપલના સ્ટાર્ટઅપને નુકશાન થાય છે ગૂગલે આ નિર્ણય પર નિરાશા વ્યક્ત કરી છે. એક મીડિયા અહેવાલ અનુસાર, કપલ શિવાન રાફ અને એડમે કહ્યું કે તેમની કિંમત સરખામણી વેબસાઈટ 'ફાઉન્ડમ'ને ગૂગલના સ્પામ ફિલ્ટરને કારણે સર્ચ



પેનલ્ટીનો સામનો કરવો પડ્યો. જ્યારે તેણે 2006 માં તેનું સ્ટાર્ટઅપ શરૂ કર્યું, ત્યારે તેણે ગ્રાહકો પાસેથી ઉત્પાદનોની કિંમતોની તુલના કરવા માટે ચાર્જ વસૂલ્યો, પરંતુ વેબસાઈટ શરૂ થતાંની સાથે જ તે સર્ચ રેન્કિંગમાં ખૂબ જ નીચે ધકેલાઈ ગઈ. એડમે કહ્યું કે તેણે તેની વેબસાઈટની રેન્કિંગ નીચે આવી ગઈ હતી. શિવૌને કહ્યું કે શરૂઆતમાં તેને લાગ્યું કે આ એક ભૂલ છે. તેણે ગૂગલને તેના પ્રતિબંધો હટાવવા માટે ઘણી વખત વિનંતી પણ કરી હતી, પરંતુ 2 વર્ષથી વધુ સમય પછી પણ તેને કંપની તરફથી કોઈ પ્રતિસાદ મળ્યો નથી. પોતાની સમસ્યા સમજાવતા તેમણે કહ્યું કે ટ્રાફિક વગર ગૂગલે યુકેમાં એક દંપતી સામે 15 વર્ષની કાનૂની લડાઈ હારી છે અને તેની શોપિંગ કમ્પેરિઝન સર્વિસના માર્કેટ વર્ચસ્વનો દુરુપયોગ કરવા બદલ તેને 2.4 બિલિયન પાઉન્ડ (આશરે રૂ. 26,172 કરોડ) દંડ ચૂકવવાનો આદેશ આપવામાં આવ્યો છે. ધંધો ચલાવવો મુશ્કેલ છે. દંપતીને 2008 ના અંત સુધીમાં શંકા થવા લાગી, જ્યારે ક્રિસમસના થોડા અઠવાડિયા પહેલા, તેમને એક મેસેજ મળ્યો કે તેમની સાઈટ અચાનક લોડ થવામાં ઘણો સમય લઈ રહી છે. તેઓએ પહેલા વિચાર્યું કે આ એક સાયબર એટેક છે, પરંતુ વાસ્તવમાં ઘટના કઈક અલગ જ હતી.

## ફર્સ્ટ લેડી જીલ બાઈડેન વ્હાઈટ હાઉસમાં આયોજિત સમારોહમાં હાજર રહી શક્યા ન હતા

# અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેને દીવાળીની ધામધુમથી કરી ઉજવણી

(એજન્સી) અમેરિકા તા 29

કમલા હેરિસ હાજર ન રહ્યા અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેને સોમવારે રાત્રે વ્હાઈટ હાઉસમાં દિવાળીનો કાર્યક્રમ યોજ્યો હતો. આ દરમિયાન તેમણે દીવો પ્રગટાવ્યો. આ કાર્યક્રમમાં ધારાશાસ્ત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓ સહિત ભારતીય મૂળના 600થી વધુ અમેરિકન નાગરિકોએ ભાગ લીધો હતો. હવે વ્હાઈટ હાઉસમાં દિવાળી ગર્વભેર ઉજવાય છે. 2003માં તત્કાલિન યુએસ પ્રમુખ જ્યોર્જ ડબલ્યુ બુશે વ્હાઈટ હાઉસમાં દિવાળી ઉજવવાની પરંપરા શરૂ કરી હતી. જો કે, તેમણે ક્યારેય વ્યક્તિગત રીતે દિવાળીની ઉજવણીમાં ભાગ લીધો ન હતો. દર વર્ષની જેમ આ વખતે પણ અમેરિકામાં ભારતીય મૂળના પ્રવાસીઓએ ભારે ઉત્સાહ



સાથે દિવાળીની ઉજવણી કરી હતી. વ્હાઈટ હાઉસમાં દિવાળીની ઉજવણીની પરંપરાને આગળ વધારતા રાષ્ટ્રપતિ બાઈડેને કહ્યું કે મારા માટે એ સન્માનની વાત છે કે રાષ્ટ્રપતિ તરીકે મને વ્હાઈટ હાઉસમાં દિવાળીના કાર્યક્રમનું આયોજન કરવાની તક મળી. ફર્સ્ટ લેડી જીલ બાઈડેન વ્હાઈટ હાઉસમાં આયોજિત સમારોહમાં હાજર રહી શક્યા ન હતા જોકે, વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસ અને ફર્સ્ટ લેડી જીલ બાઈડેન વ્હાઈટ હાઉસમાં આયોજિત સમારોહમાં હાજર રહી શક્યા ન હતા. રાષ્ટ્રપતિ બાઈડેને કહ્યું કે ફર્સ્ટ લેડી જીલ બાઈડેન અહીં આવવા માંગતા હતા પરંતુ તે વિસ્કોન્સિનની યાત્રા કરી રહ્યા છે અને કમલા હેરિસ પણ પ્રચાર કરી રહ્યા છે. બાઈડેને કહ્યું કે દક્ષિણ-એશિયન અમેરિકન સમુદાયે અમેરિકન જીવનના દરેક ભાગને સમૃદ્ધ બનાવ્યો છે. તે વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતો સમુદાય છે. હવે વ્હાઈટ હાઉસમાં દિવાળી ગર્વભેર ઉજવાય છે. 2003માં તત્કાલિન યુએસ પ્રમુખ જ્યોર્જ ડબલ્યુ બુશે વ્હાઈટ હાઉસમાં દિવાળી ઉજવવાની પરંપરા શરૂ કરી હતી. જો કે, તેમણે ક્યારેય વ્યક્તિગત રીતે દિવાળીની ઉજવણીમાં ભાગ લીધો ન હતો. દર વર્ષની જેમ આ વખતે પણ અમેરિકામાં ભારતીય મૂળના પ્રવાસીઓએ ભારે ઉત્સાહ સાથે દિવાળીની ઉજવણી કરી હતી. ન્યૂયોર્કથી લઈને સાન ફ્રાન્સિસ્કો, ઓહિયો, ન્યુ જર્સી અને કેલિફોર્નિયામાં દિવાળીની ઉજવણી કરવામાં આવી હતી. અમેરિકાના હિંદુ મંદિરોમાં મોટા પાયે મંત્રોચ્ચાર અને પ્રાર્થના કરવામાં આવી હતી. વ્હાઈટ હાઉસમાં દીપ પ્રગટાવતા બાઈડેને કહ્યું કે દક્ષિણ એશિયન અમેરિકન સમુદાયે અમેરિકન જીવનના દરેક ભાગને સમૃદ્ધ બનાવ્યો છે વ્હાઈટ હાઉસમાં દીપ પ્રગટાવતા બાઈડેને કહ્યું કે દક્ષિણ એશિયન અમેરિકન સમુદાયે અમેરિકન જીવનના દરેક ભાગને સમૃદ્ધ બનાવ્યો છે. આ વાત સાચી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### હૈદરાબાદમાં 30 કલાક સુધી ડિજિટલ એરેસ્ટ : પોલીસ સહાયથી અંતે છૂટકારો

હૈદરાબાદ : દેશમાં હાલના દિવસોમાં ડિજિટલ એરેસ્ટની ઘટનાઓ સતત વધી રહી છે. હૈદરાબાદમાં નકલી મની લોન્ડરિંગ કેસમાં ફસાવવાની ધમકી આપી એક સોફ્ટવેર એન્જિનિયરને ૩૦ કલાકથી પણ વધુ સમય સુધી ડિજિટલ એરેસ્ટમાં રાખવામાં આવ્યો હતો. શુક્રવારની રાતે શરૂ થયેલી આ ઘટનામાં પીડિતને મિયાપુરમાં પોતાના ઘરથી અમીરપેટ સુધી ૧૫ કિમીની યાત્રા કરવી પડી હતી. કેસમાંથી મુક્તિ માટે સાયબર ક્રિમિનલોએ ૪૦ લાખ રૂપિયા માંગ્યા હતાં. પોલીસે જણાવ્યું હતું કે પીડિત એન્જિનિયર વીડિયો કોલ પર વાત કરતા ઘરથી લગભગ ૧૫ કિમી દૂર અમીરપેટમાં એક લોજમાં ચાલ્યો ગયો હતો. છેતરપિંડી આચરનારાઓએ તેને ધમકી આપી હતી કે જો તેણે તેમના આદેશનું પાલન ન કર્યુ તો તેના પરિવારને કાયદાકીય મુશ્કેલીમાં નાખી દેવામાં આવશે અને તેની ધરપકડ કરવામાં આવશે.રવિવાર સવારે ચાર વાગ્યે પીડિતનો કોલ અચનાક બંધ થઇ જતાં તેણે હૈદરાબાદ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન પર કોલ કર્યો હતો અને તેમને સમગ્ર ઘટનાની જાણ કરી હતી. પોલીસ કોન્સ્ટેબલે પીડિતને એક કલાકથી વધુ સમય માટે ફોન પર વ્યસ્ત રાખ્યો હતો જ્યાં સુધી તેના પરિવારના સભ્યો લોજ આવી પહોચ્યા નહીં. ફોન રિસિવ કરનાર કોન્સ્ટેબલ ગણેશ સતત પીડિત સાથે વાત કરતો હતો જેથી તે પોતાને એકલો ન સમજે.

### પટણામાં સીએમ આવાસની પાસે નીતીશના પૂતળાનું દહન

પટણા : બિહારની રાજધાની પટણામાં એક ચોંકાવનારી ઘટના જોવા મળી હતી. સોમવારે એક અજ્ઞાત વ્યકિત મુખ્યપ્રધાન નીતીશકુમારના સત્તાવાર રહેઠાણની પાસે પહોંચી ગયો હતો અને ત્યાં તેણે સીએમના પૂતળાને આગ ચાંપી હતી.રિપોર્ટ અનુસાર આ ઘટના એવા સમયે સામે આવી જ્યારે નીતીશકુમારે પોતાના નિવાસસ્થાને એનડીએની બેઠક બોલાવી હતી. આ બેઠકમાં કેન્દ્રીય પ્રધાનો, રાજ્ય મંત્રીઓ, સાંસદો અને રાજ્ય મંત્રીઓ, સાંસદો અને રાજ્ય વિધાનમંડળના સભ્યોને બોલાવવામાં આવ્યા હતાં. વીવીઆઈપી વિસ્તારમાં સીએમના પૂતળાના દહનની ઘટના પછી પોલીસ તે વ્યકિતને ખેંચીને બહાર લઇ ગયા હતામ. આરોપીએ માથાનું મુંડન કરાવ્યું હતું.

આ વ્યકિતએ જણાવ્યું હતું કે તે પોતાની માતાની હત્યાથી દુઃખી છે અને આ હત્યામાં ભાજપના એક નેતાનો હાથ છે. આ વ્યકિતએ આરોપ મૂક્યો હતો કે તમામ પોલીસ અધિકારી, સંબધિત પોલીસ સ્ટેશનના એસએચઓથી લઈને જિલ્લા પોલીસ સુધી સત્તાધારી પાર્ટીના નેતાને બચાવવા કાવતરું ઘડી રહ્યાં છે. ઘટનાસ્થળે હાજર પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર તેમને આવી ઘટના થવાનો અંદાજ ન હતો. બૂમો પાડનાર આ વ્યકિતના અવાજથી લાગતું હતું કે તે દાનાપુરનો રહેવાસી છે.નીતિશકુમારે ચાર વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી પહેલા સોમવારે એનડીએની બેઠક બોલાવી હતી. બેઠકમાં નીતીશકુમારે ભાજપ સાથે રહેવાની વાત કરી છે. તેમણે વિધાનસભા ચૂંટણીમાં ૨૨૦થી વધારે બેઠકો મેળવવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે.

### પાલનપુરમાં ટ્રાફિક જામ સાથે ખરીદી માટે બજારોમાં તેજીનો માહોલ, વેપારીઓમાં ખુશી જોવા મળી

મહેશ સોલંકી : પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર શહેરમાં દિવાળી નિમિત્તે બજારોમાં ભારે ભીડ જોવા મળી હતી.આથે ઠેર ઠેર ચાર રસ્તા પર ટ્રાફિક જામ નાં દ્રષ્યો શહેરમાં જોવાં મળ્યાં હતાં કલાકો સુધી ટ્રાફિક જામ નાં કારણે વાહનચાલકો ને મુશ્કેલી વેઠવી પડી રહી છે ત્યારે બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર શહેરમાં ઘણાં સમય પછી બજારોમાં ભીડ જોવા મળી હતી લોકો દિવાળી નિમિત્તે ખરીદી માટે બહાર નીકળતાં વેપારીઓ ખુશખુશાલ જોવા મળ્યા હતા પાલનપુર શહેરમાં ફટાકડા ની દુકાન હોય રેડીમેડ કપડાં ની દુકાન કે ખાણીપીણી ના સ્ટોલ લારી ગલ્લા વાળા સૌ કોઈ વેપારીઓ ઘરાગી નાં કારણે ખુશ જોવા મળ્યા હતા આજે ધનતેરસના દિવસે સોના ચાંદી ની ખરીદી માટે સોના ચાંદી ની દુકાન પર ભીડ જોવા મળી હતી ધનતેરસના દિવસે લક્ષ્મી જી પુજા અર્ચના કરવામાં આવે છે માટે આજનાં દિવસે સોના ચાંદી ની ખરીદી કરવી શુભ માનવામાં આવે છે સોના ચાંદી ની કિંમત માં દિન પ્રતિદિન વધારો થાય છે છતાં પણ આજનાં દિવસે શહેરના તમામ સોના ચાંદી ની દુકાનોમાં ભારે ભીડ જોવાં મળી હતી સોનાના ભાવમાં વધારો સતત વધારો જોવા મળ્યો હતો સોનાના દાગીના ની ખરીદી માટે બજારોમાં તેજીનો માહોલ રહ્યો હતો કરોડો રૂપિયાના સોના ચાંદી ની વેચાણ થયું હતું માટે સોના ચાંદી નાં વેપારીઓ માં ખુશી જોવા મળી હતી.

### નખત્રાણા મધ્યે શ્રી મારૂ કંસારા સોની સમાજનું સ્નેહમિલન યોજાશે

મહેશ એલ.સોની : નખત્રાણા

નૂતનવર્ષે સૌને જયશ્રી કૃષ્ણ કરી એકબીજાને મળી શુભેચ્છા પાઠવી નવા વર્ષની શરૂઆત કરવામાં આવતી હોય છે. જોકે હાલ સમયને ધ્યાનમાં રાખી દરેક સમાજો કે સંસ્થાઓ દ્વારા સ્નેહમિલન યોજવામાં આવતાં હોય છે ત્યારે શ્રી નખત્રાણા મારૂ કંસારા સોની સમાજ, શ્રી મારૂ કંસારા સોની મહિલા મંડળ, શ્રી મારૂ કંસારા સોની યુવક મંડળ તેમજ સમગ્ર જ્ઞાતિજનોનું સ્નેહમિલન ભાઈબીજના તારીખ૩/૧૧/૨૦૨૪ ને રવિવારના રોજ શ્રી મારૂ કંસારા સોની સમાજવાડી મધ્યે સવારના ૯ : ૦૦ કલાકે યોજવામાં આવનાર છે. એવું સમાજનાં પ્રમુખ શ્રી મહેશભાઈ બુદ્ધભટ્ટી, શ્રી ભરતભાઈ એલ. કટ્ટા, શ્રી જયેશભાઈ સોલંકી મહામંત્રીશ્રીઓની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## રાષ્ટ્રીય એકતા દિનની ઉજવણીના ભાગરૂપે જામનગરમાં'રન ફોર યુનિટી'કાર્યક્રમ યોજાયો




વિશાલ જે હરવરા : જામનગર

દેશમાં દર વર્ષે તા.૩૧ ઓક્ટોબરના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિનની ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે આજ રોજ જામનગર મહાનગરપાલિકા તથા જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે શહેરના રણમલ તળાવ ખાતે રન ફોર યુનિટી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મેયરશ્રી વિનોદભાઈ ખીમસુરીયા, ડેપ્યુટી મેયરશ્રી ક્રિષ્નાબેન સોઢા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી નિલેશભાઈ કગથરા, ધારાસભ્યશ્રી દિવ્યેશભાઈ અકબરી, જિલ્લા કલેક્ટરશ્રી બી.કે.પંડ્યા, મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ડી.એન.મોદી, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રી ઝાલા, કોર્પોરેટરશ્રી કિશનભાઈ માડમ સહિતના મહાનુભાવોએ ફ્લેગ ઓફ કરી પ્રસ્થાન કરાવ્યું હતું. આ દોડમાં જામનગર જિલ્લા હોમગાર્ડ્સ કમાન્ડન્ટશ્રી જી.એલ. સરવૈયા, જિલ્લા રમત ગમત અધિકારીશ્રી બી. જે.રાવલિયા, જામનગર જિલ્લા પોલીસ, એન.સી.સી.કેડેટ્સ, હોમગાર્ડ્સ યુનીટ, વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ, શહેરીજનો વગેરે ઉત્સાહભેર સહભાગી થયા હતા. આ દોડ રણમલ તળાવ ગેઈટ નં.1 ના પાર્કિંગથી શ્યામજી કૃષ્ણવર્મા સ્ટેચ્યુથી મયુર મેડિકલ થઈ લેઉઆ પટેલ સમાજ ખાતે પૂર્ણ થઈ હતી.

## કચ્છની કાંકરેજ ગાય સાડા પાંચ લાખમાં વેચાઈ



મહેશ એલ.સોની નખત્રાણા

નખત્રાણા તાલુકાના મોટા વાલકા ગામનાં સુમરા જુસબ હાજી અલી નામનાં માલધારીએ રોજના ૧૦ લિટર દૂધ આપતી પોતાની કાંકરેજ ગાયને અમદાવાદના રહેવાસી લાલા રબારી નામનાં વ્યકિતને રૂપિયા પાંચ લાખ એકાવન હજારમાં વેચી હતી. આમ સૌથી ઉંચા ભાવે વેચાનાર પ્રથમ ગાય બની હતી.અત્રે ઉલ્લેખનીય છે કે બન્નીની કુંઢી ભેંસ પણ થોડા સમય પહેલાં લાખોના ભાવે વેચાઈ હતી.

## જામનગરમાં ટ્રેકટર તથા ટ્રોલી ની ચોરી કરનાર ઇસમોને પકડી 14 ચોરીઓનો ભેદ ઉકેલતી લોકલ ક્રાઇમ બ્રાન્ચ

વિશાલ જે હરવરા : જામનગર



જામનગર પોલીસ અધિક્ષક શ્રી પ્રેમસુખ ડેલૂ સાહેબ (IPS) નાઓના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી.ના પોલીસ ઈન્સ. શ્રી વી.એમ.લગારીયા તથા પો.સ.ઈ શ્રી.પી.એન.મોરી તથા પો.સ.ઇ શ્રી.એ.કે.પટેલ નાઓ તથા એલ.સી.બી.સ્ટાફ ના માણસો જામનગર જીલ્લામા બનેલ વણશોધાયેલ ચોરીઓના ગૂના શોધી કાઢવા માટે કાર્યરત હતા,અને પોલીસ અધિક્ષકશ્રી જામનગર નાઓએ કાયમી માટે વહેલી સવારના પાંચ વાગ્યાથી પ્રેટ્રોલીંગ ફરવા સૂચના કરેલ હતી, દરમ્યાન એલ.સી.બી. સ્ટાફના અરજણભાઇ કોડીયાતર, રાકેશભાઇ ચૌહાણ, ક્રિપાલસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ જાડેજા, મયુદિનભાઇ સૈયદ, કિશોરભાઇ પરમાર, તથા નારણભાઇ વસરા નાઓને પેટ્રોલીંગ,દરમ્યાન સંયુક્ત રીતે બાતમીદારોથી હકિકત મળેલ કે, જામનગર જીલ્લાના લાલપુર,જામજોધપુર, શેઠ વડાળા, કાલાવડ પંચ-એ તથા પંચ બી ડીવી પોલીસ સ્ટેશન વિસ્તાર ના ગામડામા દોઢેક વર્ષના સમય ગાળા દરમ્યાન ટ્રેક્ટર તથા ટ્રોલી (લારી) ચોરીના બનાવ બનેલ,સદરહુ ચોરીઓ સંડોવાયેલ (૧) ઘેલુભા નારૂભા જેઠવા (૨) અરશીભાઈ પુંજાભાઈ કંડોરીયા નાઓએ સાથે મળી કરેલ છે. જે બાતમી આધારે મજકુર બન્નેને પકડી વિશ્વાસમા લઇ પુછપરછ કરતા નીચે જણાવેલ ગુન્હાઓ કરેલ ની કબુલાત કરેલ હોય,જેથી મજકુર ઈસમો વિરૂધ્ધ પોલીસ સબ ઈન્સ શ્રી એ.કે.પટેલ નાઓએ કાયદેસર કાર્યવાહી કરી પંચ બી ડીવી પોલીસ સ્ટેશનને સોપી આપેલ છે.

# મહિલાએ સ્કૂટીથી ટર્ન લીધો અને એક પછી એક CMના કાફલાની ગાડીઓમાં થઇ ટક્કર

- ગાડીએ અચાનક બ્રેક લગાવવી પડી હતી. આ અકસ્માતમાં મુખ્યમંત્રીની કારને સામાન્ય નુકસાન થયું
- દુર્ઘટના તિરુવનંતપુરમના વામનપુરમમાં ત્યારે થઇ જ્યારે સીએમ પિનરાઇ વિજયન કોટ્ટયમ પ્રવાસથી પરત ફરી રહ્યા હતા

(એજન્સી) નવી દિલ્હી | તા 29



સોશિયલ મીડિયા પર હાલમાં એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં એક મહિલાના કારણે મુખ્યમંત્રીના કાફલાના તમામ વાહનો એકબીજા સાથે અથડાયા હતા. આ કેરળના સીએમ પિનરાઈ વિજયનનો કાફલો હતો. જ્યાં સોમવારે સાંજે કાફલામાં સામેલ દરેક વાહન અકસ્માતનો ભોગ બની હતી અને એકબીજા સાથે અથડાયા હતા. વાસ્તવમાં, આ અકસ્માત ત્યારે થયો જ્યારે કાફલાની સામે સ્કૂટર પર જઈ રહેલી મહિલાએ અચાનક તેનું સ્કૂટર જમણી તરફ ફેરવ્યું. જેના કારણે આગળની ગાડીએ અચાનક બ્રેક લગાવવી પડી હતી. આ અકસ્માતમાં મુખ્યમંત્રીની કારને સામાન્ય નુકસાન થયું છે. સીએમ પિનરાઈ વિજયન સંપૂર્ણપણે સુરક્ષિત છે અને તેમને કોઈ ઈજા થઈ નથી.

અકસ્માતનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં જોઈ શકાય છે કે મુખ્યમંત્રીનો કાફલો એક રસ્તા પરથી ઝડપથી પસાર થઈ રહ્યો છે. ત્યારે કાફલાની સામે સ્કૂટર પર સવાર મહિલાએ અચાનક જમણી તરફ ટર્ન લીધો.મહિલાએ સ્કૂટર ફેરવતા જ કાફલાની આગળ દોડતી સફેદ એસયુવી કારે ઝડપથી બ્રેક લગાવી. અચાનક બ્રેક મારવાના કારણે એસયુવીની પાછળ દોડી રહેલા છ એસ્કોર્ટ વાહનો એક પછી એક અથડાયા હતા. કાફલામાં એમ્બ્યુલન્સ પણ સામેલ હતી અને તે પણ અકસ્માતનો ભોગ બની હતી. એમ્બ્યુલન્સ પણ આગળ જતા વાહન સાથે અથડાઈ હતી.અકસ્માત બાદ તરત જ ગભરાટ ફેલાયો હતો. કાફલાના વાહનોમાં રહેલી સુરક્ષા ટીમના અધિકારીઓ તરત જ વાહનોમાંથી બહાર આવી ગયા હતા અને પરિસ્થિતિનો તાગ મેળવવાનું શરૂ કર્યું હતું. તે જ સમયે, એમ્બ્યુલન્સમાં તબીબી સ્ટાફ પણ વાહનમાંથી બહાર આવ્યો અને મદદ માટે તૈયાર થઈ ગયો હતો. થોડા સમય માટે, કાફલાના દરેક વાહનનું મૂલ્યાંકન કરવામાં આવ્યું અને પછી કાફલો ફરીથી આગળ વધ્યો. આ દુર્ઘટના તિરુવનંતપુરમના વામનપુરમમાં ત્યારે થઈ જ્યારે સીએમ પિનરાઈ વિજયન કોટ્ટયમ પ્રવાસથી પરત ફરી રહ્યા હતા. આ અકસ્માત બાદ પોલીસે કેસની તપાસ શરૂ કરી હતી. મહિલા સ્કૂટર ચાલકની ઓળખ કરવાના પ્રયાસો હાથ ધરાયા છે.

## ઠેબા ચોકડી પાસે જુના કોપર કંન્ટ્રોલ કેબલ ચોરીના ગુન્હાનાને શોધી કાઢતી જામનગર પંચકોષી એ ડીવીઝન પોલીસ

વિશાલ જે હરવરા : જામનગર



જામનગર જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી પ્રેમસબુ ડેલુ સાહેબ IPS નાઓ દ્વારા જામનગર જીલ્લામાં અનડિટેક વાહન ચોરી ના ગુન્હાના આરોપીને પકડી પાડવા અસરકારક કાર્યવાહી કરવા કડક સૂચના કરવામાં આવેલ હોય તેમજ નાયબ પોલીસ અધિક્ષક શ્રી આર.બી.દેવધા સાહેબ જામ. ગ્રામ્ય વિભાગ જામનગર તથા પંચ એ ડિવી. પો.સ્ટે.ના પો. ઈન્સ. એમ.એન. શેખ સાહેબના માર્ગદર્શન મુજબ પ્રો.પો.સબ ઈન્સ. એ.આર. પરમાર તથા સર્વલન્સ સ્ટાફના માણસો પો.સ્ટે. વિસ્તારમાં ચોરીના વણશોધાયેલ ગુન્હા શોધી કાઢવા પો.સ્ટે. વિસ્તારમા ચોરી સાથે સંકળાયેલ ઈસમો અંગે ખાનગી બાતમીદાર થી સોર્સ મેળવી તથા પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમા હતા તે દરમ્યાન પંચ એ ડિવી. પો.સ્ટે. ના પો.હેડ કોન્સ. નિર્મળસિંહ બી.જાડેજા તથા પો. કોન્સ. ચેતનભાઈ ઘાઘરેટીયા તથા પો. કોન્સ. હરદેવસિંહ ઝાલા તથા પો.કોન્સ. જયદિપસિંહ જાડેજા ને સંયુક્ત રીતે ખાનગી બાતમી આધારે હકિકત મળેલ કે પંચકોષી એ ડીવીઝન પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુ.ર.નં. ૧૧૨૦૨૦૪૫૨૪૦૯૦૭/૨૦૨૪ બી.એન.એસ. કલમ ૩૦૩(૨), ૩૨૯(૧),૫૪ મુજબના ગુન્હાના કામે ચોરીમા ગયેલ મુદામાલ સાથે ચાર ઈસમો એક સફેદ કલરની સ્વીફ ફોર વ્હીલ ગાડી લઈને નિકળવવાના છે અને જે સ્વીફ ગાડીમાં પાછળના ભાગમાં દ્વારકેશ લખેલ છે જે હકિકત આધારે પોકેટ-કોપ તથા જામ કમાન્ડ એન્ડ કંટ્રોલના સી.સી.ટી.વી કેમરાની મદદથી ચોર ઈસમો ને ધુવાવ ગામથી સમરસ હોસ્ટેલ તરફ જતા રસ્તે પુલની બાજુમા ચોરીમાં ગયેલ.

### મહારાષ્ટ્રમાં NDAનું ટેન્શન વધ્યું

## ચૂંટણી લડવા ખૂબ રડ્યા આ નેતા, પછી અચાનક થઈ ગયા ગાયબ

(એજન્સી) નવી દિલ્હી | તા 29



મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ રાજકીય ચહલ-પહલ વધી ગઈ છે. ત્યારે ટિકિટ ન મળવાથી નારાજ શિવસેના (શિંદે જૂથ)ના નેતા શ્રીનિવાસ વનગા અચાનક ગાયબ થઈ ગયા છે. તેમનો ફોન છેલ્લા 13 કલાકથી બંધ છે. તે ટિકિટ ન મળવાને કારણે વનગા ખૂબ જ દુઃખી છે અને તે તેના વિશે ખૂબ રડ્યા હતા અને હવે તે ગાયબ છે.

શિવસેના (શિંદે જૂથ)ના નેતા શ્રીનિવાસ વનગાના પરિવારનું કહેવું છે કે, 'પ્રેસ કોન્ફરન્સ બાદ તે પોતાની કારમાં ક્યાંક નીકળી ગયો હતો, તેના બંને ફોન પણ બંધ છે. હવે પાલઘર પોલીસ વનગાને શોધી રહી છે.' મુખ્યમંત્રી એકનાથ શિંદેએ તેમની પત્ની સાથે વાત કરી અને પરિવારને ખાતરી આપી કે શ્રીનિવાસને યોગ્ય સન્માન આપવામાં આવશે.

શ્રીનિવાસ વનગાએ મુખ્યમંત્રી એકનાથ શિંદે આરોપ છે કે, 'શિંદેએ મારી સાથે છેતરપિંડી કરી છે. બળવા દરમિયાન સમર્થન આપનારા 40માંથી 39 ધારાસભ્યોને ફરીથી ટિકિટ આપવામાં આવી છે, પરંતુ મને ટિકિટ આપવામાં આવી નથી.' મહારાષ્ટ્રમાં 20મી નવેમ્બરે ચૂંટણી યોજાશે અને 23મી નવેમ્બરે મતગણતરી થશે, એક જ તબક્કામાં ચૂંટણી યોજાશે. મહારાષ્ટ્રમાં કુલ 288 વિધાનસભા બેઠકો છે, જેમાંથી બહુમત માટે 145 બેઠકો જરૂરી છે. 2019ની ચૂંટણીમાં ભાજપને 105, શિવસેનાને 56, NCPને 54, કોંગ્રેસને 44 અને અન્યને 29 બેઠકો મળી હતી.

## તિરૂપતિમાં હોટેલો પછી ઈસ્કોન મંદિરને બોમ્બથી ઉડાવવાની ધમકી

તિરુપતિ : આંધ્રપ્રદેશમાં તિરુપતિ ખાતે અડધો ડઝન હોટેલોમાં બોમ્બ મૂક્યાની ધમકી આપવામાં આવ્યા પછી હવે ઈસ્કોન મંદિરને બોમ્બથી ઉડાવવાની ધમકી આપવામાં આવી છે. અધિકારીઓ મુજબ પોલીસે મંદિરની સુરક્ષા વધારી દીધી છે. પોલીસે જણાવ્યું હતું કે ૨૭મી ઓક્ટોબરે મોડી રાત્રે ધમકીનો ઈ-મેઈલ મળ્યો હતો. તેમા કહેવામાં આવ્યું હતું કે ઈસ્કોન મંદિરમાં બોમ્બ છે.આંધ્રપ્રદેશ પોલીસે રવિવારે જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ દિવસમાં તિરુપતિ શહેરમાં લગભગ અડધો ડઝન હોટેલોમાં બોમ્બ મૂકવામાં આવ્યો હોવાની ધમકી મળી હતી. ધમકી મળ્યા પછી પોલીસ બોમ્બ વિરોધી સ્કવોડ સાથે ઈસ્કોન મંદિર પહોંચી હતી અને તપાસ અભિયાન શરૂ કર્યુ હતું. જો કે સંકુલમાં કોઈપણ પ્રકારનો વિસ્ફોટક કે શંકાસ્પદ સામાન પકડાયો નથી. આ ઉપરાંત સોમવારે કુલ ૯૦ ફ્લાઈટ્સને બોમ્બથી ઉડાવવાની ધમકી મળી હતી. છેલ્લા ૧૫ દિવસમાં ભારતીય વિમાની કંપનીઓની ૪૧૦થી વધુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સને બોમ્બથી ઉડાવવાની ધમકી મળી છે.

## અમદાવાદ મંડળ થી દિવાળી અને છઠ પૂજા દરમિયાન 22 સ્પેશિયલ ટ્રેનોનું સંચાલન

(એજન્સી) અમદાવાદ । તા. 29

મુસાફરો ની સુવિધા અને મુસાફરીની માંગને પહોંચી વળવાના ઉદ્દેશ્ય સાથે, આ વર્ષે પશ્ચિમ રેલ્વે દિવાળી/છઠ પૂજાના તહેવારોની મોસમ દરમિયાન 200 વિશેષ ટ્રેનો ચલાવી રહી છે. તેમાંથી 22 ટ્રેનો અમદાવાદ ડિવિઝન દ્વારા વિવિધ સ્થળો માટે ચલાવવામાં આવી રહી છે, વધારાની વિશેષ ટ્રેનોના સંચાલન ની દેખરેખ વરિષ્ઠ અધિકારીઓ દ્વારા મંડળ અને હેડક્વાર્ટર સ્તરે કરવામાં આવી રહી છે. આ જ રીતે ટ્રેનો ની વેઈટિંગ લિસ્ટનું પણ રીઅલ ટાઈમના આધારે દરરોજ નિરીક્ષણ કરવામાં આવે છે.

પશ્ચિમ રેલવે મુસાફરોને સુરક્ષિત રીતે તેમના ગંતવ્ય સ્થાન સુધી પહોંચાડવા માટે તમામ શક્ય પ્રયાસો કરી રહી છે અને આ દિશામાં જરૂરી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ભીડ પર નજર રાખવા અને નિયંત્રણ કરવા માટે, અમદાવાદ, સાબરમતી, ગાંધીધામ અને અસારવા જેવા ઉચ્ચ ટ્રાફિક સ્ટેશનો પર સ્ટાફની મહત્તમ તૈનાતી સુનિશ્ચિત કરવામાં આવી છે. આ સિવાય અમદાવાદ, અસારવા અને સાબરમતી સ્ટેશનો પર પ્લેટફોર્મ ટિકિટના વેચાણ પર 06 નવેમ્બર 2024 સુધી કામચલાઉ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. આ પગલાનો હેતુ પ્લેટફોર્મ પર ભીડનું સંચાલન કરવા અને સ્ટેશન પરિસરમાં મુસાફરોની સરળ અવરજવર સુનિશ્ચિત કરવાનો છે. ક્રાઉડ મેનેજમેન્ટ હેઠળ અમદાવાદ મંડળ દ્વારા વોર રૂમની રચના કરવામાં આવી છે. જ્યાં વરિષ્ઠ અધિકારીઓ 24 કલાક મોનીટરીંગ કરી રહ્યા છે. ઉચ્ચ અધિકારીઓ પણ પ્લેટફોર્મ પર ભીડના સમયમાં ઉપલબ્ધ હોય છે. તબીબી કટોકટી માટે ડૉક્ટરની ટીમ અને એમ્બ્યુલન્સ જરૂરી હોય તો સતર્ક છે. પશ્ચિમ રેલ્વેએ આ સ્ટેશનો પર ભીડ વ્યવસ્થાપનના યોગ્ય અમલીકરણ માટે અનેક સાવચેતીના પગલાં લીધા છે અને વિવિધ વિસ્તૃત વ્યવસ્થાઓ કરવામાં આવી છે. ભીડ વ્યવસ્થાપનના અસરકારક અમલીકરણ માટે,અમદાવાદ અને સાબરમતી સ્ટેશનો પર પેસેન્જર હોલ્ડિંગ એરિયા બનાવવામાં આવ્યા છે. મુસાફરોની આરામદાયક પ્રતીક્ષા માટે તેમાં પંખા લગાવ્યા છે.આ વિસ્તાર પ્લેટફોર્મ પર રાહ જોઈ રહેલા મુસાફરોની સંખ્યામાં ઘટાડો કરશે અને મુસાફરો માટે સલામત અને સરળ મુસાફરી સુનિશ્ચિત કરીને ટ્રેનોમાં મુસાફરોને સરળતાથી પ્રવેશવાની મંજૂરી આપશે.

**પશ્ચિમ રેલવે - ભાવનગર ડિવિઝન**

**બોગીઓનું ડિસમેનટેલિંગ , રિપેરિંગ, મેન્યુઅલ ક્લિનિંગ અને પેઇન્ટિંગ**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી, ડેપ્યુટી ચીફ મિકેનિકલ એન્જિનિયર, કોચ રિપેર વર્કશોપ, ભાવનગર પરા વર્કશોપ, પશ્ચિમ રેલવે તરફથી નીચેની કામગીરી માટે ઈ-ટેન્ડર મંગાવવામાં આવે છે. **ઇ-ટેન્ડર નંબર :** BVPW-2024-25-Bogie-16 **કામનું નામ :** કામના અવકાશ મુજબ 02 વર્ષ માટે બીવીપી વર્કશોપમાં બોગીઓનું ડિસમેનટેલિંગ , રિપેરિંગ, મેન્યુઅલ ક્લિનિંગ અને પેઇન્ટિંગ શોટ /ગ્રિટ બ્લાસ્ટિંગ દ્વારા સફાઇ. **કામની અંદાજિત કિંમત:** ₹1,88,24,571.34/- **બીડ સિક્યુરિટી :** ₹2,44, 100/- **ટેન્ડર દસ્તાવેજ ફી :** ₹0.00/- **ટેન્ડર દરખાસ્તની માન્યતા :** 60 દિવસ **કાર્ય પૂર્ણ કરવા માટે સમયગાળો :** સ્વીકૃતિ પત્ર જારી કર્યાની તારીખથી 24 મહિના. **ટેન્ડર જમા કરવાની છેલ્લી તારીખ અને સમય :** 18/11/2024 સવારે 11:00 કલાકે. **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય :** 18/11/2024 સવારે 11:30 કલાકે. **રજૂકર્તા :** ડેપ્યુટી ચીફ મિકેનિકલ એન્જિનિયર, ચીફ વર્કશોપ મેનેજરની ઓફિસ, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, પશ્ચિમ રેલ્વે ઇમેઇલ: dycmews @bvp.railnet.gov.in **મહત્વપૂર્ણ નોંધ :** ટેન્ડર ફક્ત https://www.ireps.gov.in પર ઇલેક્ટ્રોનિક રીતે જમા કરવામાં આવશે અને આ ઈ-ટેન્ડર સામે કોઇ મેન્યુઅલ દરખાસ્તને મંજૂરી આપવામાં આવશે નહીં અને આ ઑફિસમાં મળેલી કોઈપણ મેન્યુઅલ દરખાસ્તને અવગણવામાં આવશે અને ખોલવામાં આવશે નહીં. 133

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે અમદાવાદ**

**સિગ્નલ અને ટેલિકોમ કાર્ય**

**ડેપ્યુટી ચીફ સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર, વર્ક્સ, પશ્ચિમ રેલવે, ત્રીજો માળ, "એ" વિંગ, નિર્માણ ભવન, ડીઆરએમ ઓફિસ પાસે, જીસીએસ હોસ્પિટલની સામે, અમદાવાદ-382345,**ભારતના રાષ્ટ્રપતિ વતી કાર્યરતા, નીચેના કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરો છે. **(1) ટેન્ડર નંબર :** DY.CSTE/C/DFC/ADI/2024-25/102 **(2) કામનું નામ :** ભાવનગર ડિવિઝનના ભીમનાથ -ધોલેરા લોજિસ્ટિક હબ વચ્ચે નવી બીજી લાઇનના સંદર્ભમાં ભીમનાથ ધોલેરા સેક્સન માં ઓએફસી અને છ ક્વાડ કેબલનું ટ્રેન્ચિંગ, પાથરવું, જોઈન્ટિંગ અને ટર્મિનેશન ની સાથે ઇન્ડોર અને આઉટડોર ટેલિકોમ સાધનોની સપ્લાય, ઇન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ **(3) કામની અંદાજિત કિંમત :** ₹3,22,24,183/- (ત્રણ કરોડ બાવીસ લાખ ચોવીસ હજાર એકસો ત્યાંશી માત્ર) **(4) બિડ સુરક્ષા :** ₹3,11,100/- (ત્રણ લાખ અગિયાર હજાર માત્ર એકસો) **(5) ઈ-ટેન્ડર જમા કરવાની અને ખોલવાની તારીખ :** ઈ-ટેન્ડર જમા કરવાનો સમય : 15.11.2024 ના રોજ 15.00 કલાક સુધી અને 15.11.2024 ના રોજ 15.30 કલાકે ખુલવાનો. **( 6 ) ઈ-ટેન્ડર દસ્તાવેજો સબમિટ કરવાનો અંતિમ સમય અને તારીખ :** 15.11.2024 ના રોજ 15.30 કલાકે. **(7) વેબસાઈટની વિગતો અને નોટીસ બોર્ડ જ્યાં ટેન્ડરની વિગતો જોઈ શકાશે અને ઓફિસનું સરનામું :** ડેપ્યુટી ચીફ સિગ્નલ એન્ડ ટેલિકોમ એન્જિનિયર (બાંધકામ), પશ્ચિમ રેલવે, અમદાવાદ (ગુજરાત 382345) **(8) કાર્ય પૂર્ણ કરવાની અવધિ :** સ્વીકૃતિ પત્ર જારી થયાની તારીખથી અઢાર (18) મહિના. **વેબસાઇટ :** www.ireps.gov.in 68

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# ભાજપ નેતાઓને માપમાં રહેવા નીતિશ કુમારનો મેસેજ, દિગ્ગજ નેતાને પાછળ બેસાડી અપમાનિત કર્યા

(એજન્સી) નવી દિલ્હી | તા 29



બિહારમાં મુખ્યમંત્રી નીતિશ કુમારે એનડીએના નેતાઓની બોલાવેલી બેઠકમાં કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહને પહેલી હરોળમાં સ્થાન નહીં આપીને અમમાનિત કરતાં ભાજપ અને જેડીયુ વચ્ચે લડાઈ જામી છે. ગિરિરાજ સિંહને બીજી હરોળમાં છેક છેલ્લી ખુરશી પર જગ્યા અપાઈ હતી. ગિરિરાજને અપમાનિત કરીને નીતિશ કુમારે ભાજપ હાઈકમાન્ડને પોતાની હરકતો બંધ કરાવવા મેસેજ આપ્યો હોવાનું પણ મનાય છે.ગિરિરાજ સિંહની હિંદુ સ્વાભિમાન યાત્રા દરમિયાન કરાયેલાં મુસ્લિમ વિરોધી નિવેદનો સામે નારાજગી વ્યક્ત કરવા નીતિશ કુમારે ગિરિરાજ સિંહને કોરાણે મૂક્યા હોવાનું કહેવાય છે. નીતિશ કુમારને લાગે છે કે, ભાજપની કેન્દ્રીય નેતાગીરી જાણી જોઈને મુસ્લિમ મતબેંકને પોતાનાથી દૂર કરવા માટે ગિરિરાજ સિંહ સહિતના નેતાઓ પાસે મુસ્લિમ વિરોધી નિવેદનો કરાવી રહી છે.આ યાત્રા દરમિયાન ગિરિરાજ સિંહે હુંકાર કર્યો હતો કે, કોઈ મુસલમાન તમને એક થપ્પડ મારે તો તેને સો થપ્પડ મારો. ગિરિરાજ સિંહે હિંદુઓને દુશ્મનો સામે હથિયાર ઉઠાવવા માટે પણ હાકલ કરી હતી.ગિરિરાજ સિંહની ભાગલપુરથી નિકળેલી યાત્રામાં થયેલાં ઉશ્કેરણીજનક નિવેદનો બદલ અસદુદ્દીન ઓવેસીની પાર્ટી એઆઈએમઆઈએમના નેતાઓએ કિશનગંજમાં ગિરિરાજ સિંહ સામે કેસ પણ નોંધાવ્યો છે.

ગિરિરાજ સિંહના નિવેદનો સામે જેડીયુના નેતાઓએ ઉગ્ર વાંધો લીધો હતો. નીતિશ કુમાર સરકારના મંત્રીઓ લેશી સિંહ, ઝમા ખાન અને જેડીયુના પ્રવક્તા નીરજ કુમારે ગિરિરાજ સિંહના નિવેદનોની ઝાટકણી કાઢીને કહ્યું હતુ કે, જે જીતમાં મુસલમાનો સામેલ નાહોય એવી જીત અમને જોઈતી નથી. આરજેડીના તેજસ્વી યાદવે હુંકાર કરેલો કે, મુસ્લિમો સામે આંખ ઉઠાવીને જોવાની હિંમત પણ કરી તો પણ પરિણામો ભોગવવાં પડશે. ગિરિરાજ સિંહે મુસલમાનોને ઘૂસણખોર ગણાવીને તેમના કારણે હિંદુઓ સલામત નથી અને મંદિરોમાં જઈને પૂજા પણ કરી શકતા નથી એવો દાવો કર્યો હતો.

**ઈ-હરાજી સૂચના**

નવરતન સ્પેશિયાલિટી કેમિકલ્સ LLP, પ્લોટ નંબર 400, છારોડી, સાણંદ - વિરમગામ રોડ, તાલુકો સાણંદ, અમદાવાદ ખાતે ક્ષતિગ્રસ્ત બચાવ માટે 'વરસાદ અને પાણીમાં ડૂબેલા પીવીસી ફ્લેક્સ બેનરો' માટે 'જ્યાં છે ત્યાં' ના ધોરણે 'લોટ ધોરણે' નિકાલ માટે રસ ધરાવતા ખરીદદારો પાસેથી ઈ-ઓક્શન ફોર્મ મંગાવવામાં આવે છે.

નિરીક્ષણ અને EMD જમા કરાવવાની છેલ્લી તારીખ - 12-11-2024.
ઈ-ઓકશન 14-11-2024 ના રોજ યોજાશે.
ઈ-ઓક્શન ફોર્મ માટે
શ્રી હરપ્રીત સિંહનો મોબાઈલ :-
+91- 8178624994 પર સંપર્ક કરો

Bid2Win પ્રાઈવેટ લિમિટેડ (ઓક્શનર)
વધુ માહિતી માટે : www.bid2win.in

**પશ્ચિમ રેલવે**

**સામગ્રી વ્યવસ્થાપન વિભાગ**

**વિવિધ સામગ્રી પુરવઠો**

**ઈ-પ્રોક્યુરમેન્ટ ટેન્ડર નોટિસ નંબર:- S/61/2024. તારીખ :- 25-10-2024**

| ક્રમ નં. | ટૂંકા વર્ણનની વસ્તુઓ | જથ્થો | ટેન્ડર તારીખ |
|---|---|---|---|
| 707 | લીડ એસિડ બેટરી 75AH. | 80 સેટ | 22-નવે-24 |
| 708 | ઉચ્ચ પહોંચ પેન્ટોગ્રાફ માટે સ્પેરનો સમૂહ. | 500 સેટ | 25-નવે-24 |
| 709 | અવરોધિત ખનિજ અવાહક તેલ | 52953 લિટર | 26-નવે-24 |
| 710 | ઓછી જાળવણી લીડ એસિડ બેટરી | 714 નંગ | 27-નવે-24 |

વિગતવાર સૂચના EMD, ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો અંગે કૃપા કરીને વેબસાઈટ www.ireps.gov.in અને www.wr.indianrailways.gov.in ની મુલાકાત લો. 0678

અમને લાઈક કરો: facebook.com/WesternRly | અમને ફોલો કરો: twitter.com/WesternRly

## ગેસ ગળતરમાં વધુ એકનું મોત, મૃત્યુઆંક 3 થયો

શહેરના નારોલ વિસ્તારમાં આવેલી એક ફેક્ટરીમાં કેમિકલ રિએક્શનની ઘટના બનતા બે કર્મચારીના મૃત્યુ થયા હતાં. જ્યારે સાત લોકોને મણિનગરની LG હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ચાર લોકોની હાલત ગંભીર હોવાથી તેઓને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા, જેમાં આજે મંગળવારે વેન્ટિલેટર ઉપર રહેલા 55 વર્ષીય મહેન્દ્રભાઈનું સારવાર દરમિયાન મૃત્યુ થયું છે. ઘટનાને પગલે નારોલ પોલીસ દ્વારા ફેક્ટરી માલિક વિનોદ અગ્રવાલ અને સુપરવાઈઝર મંગલ સિંહ રાજપૂરોહિત સામે ગુનો નોંધી આરોપી વિનોદ અગ્રવાલની ધરપકડ કરી છે.

## મ્યુનિ.ની ૩૧ જગ્યાઓ પર વકફ બોર્ડનો ગેરકાયદે દાવો

અમદાવાદમાં વકફ બોર્ડ દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ની 31 જમીનો પર કબજો કરવામાં આવ્યો હોવાના ચોંકવનારા અહેવાલ સામે આવ્યા છે. લીગલ કમિટીમાં સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે કબજો કરાયો હોવાનો મોટો ધડાકો થયો છે. હવે લીગલ કમિટીનાં ચેરમેન પોતે વકફ બોર્ડની જમીનો અંગે પરામર્શ કરશે. બીજી તરફ નકલી જજ મોરિસ ક્રિશ્ચિયન અને વકફનાં જમીન વિવાદ બાદ અમદાવાદ લીગલ કમિટીએ મહત્ત્વપૂર્ણ નિર્ણય પણ કર્યો છે. અમદાવાદ મનપાની તરફેણમાં તમામ ચુકાદા લાવવા લીગલ કમિટી દ્વારા પ્રયાસ કરાશે.

### સોની બજારના વેપારીઓની ધનતેરસ બગડી...! જે.કે. અને આર.કે. સહિત 3 પેઢી પર GST નાં દરોડા, વેપારીઓમાં કચવાટ!

# સોની બજારમાં GSTના દરોડા, હોલસેલ વેપારીઓને ત્યાં દરોડાથી ફફડાટ

(એજન્સી) રાજકોટ I તા.29

રાજકોટમાં ધનતેરસને દિવસે સોની બજારમાં GSTના દરોડા. સોની બજારમાં સોનાના હોલસેલ વેપારી જે.કે. અને આર.કે. સહીત ત્રણ પેઢી પર GST ના દરોડા. ધનતેરસના દિવસે GST વિભાગ દ્વારા કાર્યવાહીથી વેપારીઓમાં કચવાટ. આજે ધનતેરસનો તહેવાર હોઈ લોકો આજે સોના-ચાંદીની ખરીદી કરવાનું મહત્ત્વ હોય છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં ધનતેરસનાં તહેવારને લઈ સોના-ચાંદીની દુકાનમાં લોકો ખરીદી કરવા ઉમટ્યા છે. ત્યારે રાજકોટમાં સોની બજારમાં જીએસટી વિભાગ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. સોની બજારમાં સોનાનાં હોલસેલનાં વેપારીઓને ત્યાં જીએસટીનાં દરોડા પડતા અન્ય વેપારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. રાજકોટનાં સોની બજારમાં જે.કે. અને આર.કે. સહિત ત્રણ પેઢી પર જીએસટીનાં દરોડા પડ્યા હતા. ધનતેરસનાં દિવસે જીએસટી વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવતા વેપારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી. સુરત શહેરની અંદર ખુબ મોટા અને જાણીતા જ્વેલેરીના વેપારીઓ છે. ગુરૂપુષ્ય નક્ષત્ર અને ધનતેરસ વખતે ખુબ સારા પ્રમાણમાં દાગીનાનું વેચાણ થતું હોય છે, ત્યારે સુરતમાં લોકો લગ્નસરાને ધ્યાનમાં રાખીને શુભ મુહૂર્તમાં આભૂષણો ખરીદી લેતા હોય છે. આ વખતે પણ એ જ પ્રકારે તેજીનો માહોલ સુરત શહેરમાં જોવા મળ્યો હતો. જોકે, GST વિભાગના દરોડા પડતા સામે દિવાળીએ દોડધામ મચી છે. જ્વેલર્સને ત્યાં GSTના દરોડા સુરતમાં આઠથી વધુ જ્વેલર્સને ત્યાં GST વિભાગના દરોડાના સમાચાર સમગ્ર શહેરમાં વાયુવેગે ફેલાઈ ગયા હતા. જેના કારણે મોટા મોટા જ્વેલેરી શોરૂમના માલિકોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું.

**મોટા મોટા જ્વેલેરી શોરૂમના માલિકોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું**




### બેનામી વ્યવહાર મળી આવવાની શક્યતા

બેનામી વ્યવહાર મળી આવવાની શક્યતા ધનતેરસે મોટા પ્રમાણમાં લોકો સોનાની ખરીદી કરતા હોય છે, તેવા સમયે GST વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે. સ્ટેટ જીએસટીના દરોડાને પગલે જ્વેલર્સમાં ભારે હલચલ જોવા મળી છે. સ્ટેટ જીએસટી સૂત્રોના જણાવ્યા અનુસાર મોટા પ્રમાણમાં જીએસટી ચોરી મળી આવવાની શક્યતા છે. સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા અલગ અલગ ટીમ બનાવીને દસ્તાવેજોની તપાસણી શરૂ કરી દેવામાં આવી છે. જ્વેલર્સને ત્યાંથી કરોડો રૂપિયાના બેનામી હિસાબ મળી આવે તેવી ચર્ચા જોરશોરથી ચાલી રહી છે.

### કાર્યવાહીથી વેપારીઓમાં ફફડાટ!

સોની બજારમાં સોનાના હોલસેલની 3 પેઢી પર GST ના દરોડા પડતા વેપારીઓમાં ફફડાટ જોવા મળ્યો હતો. વિભાગનાં અધિકારીઓએ પેઢીનાં દસ્તાવેજો સહિતની તપાસ હાથ ધરી છે. જીએસટી વિભાગની (GST Department) તપાસમાં મસમોટા ખુલાસા થાય તેવી ચર્ચાઓએ વેગ પકડ્યો છે. ધનતેરસનાં દિવસે જીએસટી વિભાગની કાર્યવાહીથી ચકચાર મચી જવા પામી હતી.

### અમદાવાદ પોલીસ કમિશ્નરનો મહત્ત્વનો આદેશ

## પોલીસ સતત 24 કલાક નહીં કરી શકે નોકરી



(એજન્સી) અમદાવાદ I તા.29

અમદાવાદ પોલીસ કમિશ્નર કચેરી સામે જ જાહેરમાં ત્રણ પોલીસ ડ્રાઈવર દારૂ પીતા પકડાયા હતા. આ ત્રણ પોલીસ કર્મચારી સતત 24 કલાકની નોકરી કરી ઘરે જતાં હોવાની વિગતોથી પોલીસ કમિશ્નરે એક આદેશ કર્યો છે. આ આદેશ મુજબ પોલીસ સતત 24 કલાક નોકરી કરશે તો શિક્ષાત્મક કાર્યવાહી કરાશે. પોલીસ વાન અને પી.આઈના ડ્રાઈવર તેમજ ડ્યૂટી સ્ટાફને 12કે 8 કલાકની શિફ્ટમાં જ નોકરી કરવા આદેશ અપાયો છે.પોલીસ સતત 24 કલાક નોકરી કરે તો સુપરવાઈઝરી અધિકારીઓએ રિપોર્ટ કરવો. આવા કર્મચારી સામે શિક્ષાત્મક કાર્યવાહી કરાશે તેવો પરિપત્ર પોલીસ કમિશ્નરે જારી કર્યો છે.

#### પોલીસ તંત્રમાં ઊભા થયા સવાલ

અમદાવાદના 50 જેટલા પોલીસ સ્ટેશનોમાં મંજૂર સ્ટાફ કરતાં ઓછો સ્ટાફ છે. કુલ 125થી 150 કર્મચારીઓ જ હોય છે. તેમાં પોલીસ સ્ટેશનની કામગીરીથી માંડી પેટ્રોલિંગ વાહનોમાં ડ્યુટી સહિતનો સ્ટાફ ક્યાંથી લાવવો? તેવો સવાલ પોલીસ તંત્રમાં ચર્ચાઈ રહ્યો છે.

#### શિક્ષાત્મક પગલાંની કરી જોગવાઈ

પોલીસ સ્ટેશનની ફર્સ્ટ મોબાઈલ, સેકન્ડ મોબાઈલ, કેદી જાપ્તા મોબાઈલ, પીસીઆર અને શી ટીમની ગાડીઓ તથા અન્ય વાહનોમાં ફરજ બજાવતાં ડ્રાઈવર સહિતના કર્મચારીઓ પાસે બંદોબસ્ત કે ખૂબ અછત હોય તો જ 12 કલાકની શિફ્ટવાઈઝ નોકરીની વહેંચણી કરવી.

## છેલ્લી ઘડીએ ફટાકડા બજારમાં ખરીદીનો માહોલ

### અમદાવાદની બજારમાં ફટાકડાની અવનવી વેરાઈટીનો ઉમેરો, ગત વર્ષ કરતા ભાવમાં 10% જેટલો વધારો



#### ■ શિવાકાશી ગામથી આવે છે અમદાવાદમાં ફટાકડા

(એજન્સી) અમદાવાદ I તા.29

દિવાળીના તહેવારની શરૂઆત થઈ ગઈ છે, ત્યારે અમદાવાદ શહેરના ફટાકડા બજારમાં અવનવી વેરાઈટીના ફટાકડા આવી ગયા છે. દર વર્ષે બજારમાં અવનવા ફટાકડાની વેરાઈટી આવતી હોય છે, ત્યારે નાના બાળકો માટે આ વર્ષે ખાસ વિવિધ પ્રકારના ફટાકડાનો ઉમેરો થયો છે. ખાસ કરીને દિવસ અને દિવસો જે પ્રકારે પ્રદૂષણ વધતું જઈ રહ્યું છે, તેને ધ્યાનમાં રાખીને છેલ્લા ત્રણ વર્ષથી ગ્રીન ફટાકડાનું વેચાણ થઈ રહ્યું છે. તથા આ વર્ષે નવી વેરાઈટીમાં ખાસ નાના બાળકોને ધ્યાનમાં રાખીને અને તેઓ દાઝી ન જાય તથા પ્રદૂષણ પણ ઓછું ફેલાય તે પ્રકારના ફટાકડા બજારમાં વેચાઈ રહ્યા છે.

અમદાવાદ શહેરમાં આ વર્ષે દિવાળી મહાપર્વને ધ્યાનમાં રાખીને બજારના નાના-મોટા સ્ટોલ અને મોટા ફટાકડા બજારમાં પણ અવનવા ફટાકડા આવ્યા છે. ખાસ કરીને વાત કરવામાં આવે તો ગુજરાતમાં તથા દેશભરમાં જેટલા પણ ફટાકડા વેચાય છે તે દક્ષિણ ભારતમાં તમિલનાડુના શિવાકાશી ગામથી આવે છે. આ ગામમાં લગભગ 1000થી 1500 જેટલી ફટાકડા બનાવવાની ફેક્ટરી છે. અમદાવાદ શહેરમાં પણ શિવાકાશી ગામથી જ ફટાકડા આવે છે. છેલ્લા કેટલાક વર્ષથી પ્રદૂષણ ઘટાડવા માટે ગ્રીન ફટાકડાનો કોન્સેપ્ટ આવ્યો છે. આ ફટાકડામાં હાનિકારક કેમિકલ છે, તેનો ઓછો ઉપયોગ કરવામાં આવે છે.




**સરકાર માન્ય ટેગ સાથેના ફટાકડાની ખરીદીનો માહોલ જામ્યો છે**

#### ગત વર્ષની સરખામણીમાં ભાવમાં વધારો થયો છે

અમદાવાદના બજારમાં આ વર્ષે ખાસ બાળકો માટે ડક, હેલોવીન, બબલ બી, ડ્રોન તારામંડળ વિવિધ વેરાયટીના ફટાકડા છે. ઉપરાંત બોમ્બથી લઈને તમામ પ્રકારના ફટાકડા ઉપલબ્ધ છે, જેમાં 10 રૂપિયાથી લઈને 10,000 રૂપિયા સુધીના વિવિધ પ્રકારના ફટાકડા અમદાવાદના ફટાકડા બજારમાં ઉપલબ્ધ છે. આ બાબતે અંબિકા ફટાકડાના વેપારી આશિષભાઈએ જણાવ્યું હતું કે, ગ્રીન ફટાકડાથી પ્રદૂષણમાં ઘટાડો કરી શકાય છે. તદુપરાંત ગ્રીન ફટાકડામાં વધુનો વધુ ઉપયોગ થવાથી પ્રદુષણ પણ નિયંત્રણ આવશે. કેમિકલ મેળવેલા હોય છે જે પ્રદૂષણ ફેલાવતા પાર્ટિકલ્સને ત્યાં ને ત્યાં જ નાશ કરે છે જેથી તે વાતાવરણમાં ફેલાતા નથી. કાચા માલ-સામાનના ભાવ વધારો થવાથી ફટાકડાના ભાવમાં આવશ્ય ગત વર્ષની સરખામણીએ આઠથી દસ ટકા જેટલો વધારો નોંધાયો છે.

## અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા દિવાળી તેમજ નૂતન વર્ષના દિવસો આરતી તેમજ દર્શનનાં સમયમાં ફેરફાર કરવામાં આવ્યો

મહેશ સોલંકી : અંબાજી

અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા આગામી દિવસોમાં દિવાળી તેમજ નૂતન વર્ષના વેકેશન દરમિયાન અંબાજી દર્શનાર્થે મોટી સંખ્યામાં યાત્રાળુઓ આવતાં હોય છે ત્યારે તેમની સગવડતા ખાતર દર્શન કરવામાં કોઈ તકલીફ નાં પડે તે માટે આગામી દિવસોમાં આરતી અને દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે તારીખ ૨/૧૧/૨૦૨૪ નાં શનિવાર કારતક સુદ એકમના રોજ આરતી નો સમય સવારે ૬ થી ૬,૩૦ રહેશે દર્શન નો સમય સવારે ૬,૩૦થી ૧૧,૩૦ નો રહેશે રાજભોગ બપોરે ૧૨, કલાકે બપોરે ૧૨,૩૦ થી ૧૬,૧૫ રહેશે સાંજે આરતી નો સમય ૧૮,૩૦ થી ૧૯ રહેશે તેમ જ દર્શન નો સમય ૧૯ થી રાત્રે ૨૧ કલાક સુધી રહેશે તારીખ ૦૩/૧૧/૨૯૨૪ કારતક સુદ બીજ થી તારીખ ૦૬/૧૧/૨૦૨૪ કારતક સુદ પાંચમ સુધી આરતી નો સમય સવારે ૬,૩૦ થી ૭ વાગ્યા નો રહેશે દર્શન નો સમય સવારે ૭ થી ૧૧,૩૦ નો રહેશે રાજભોગ બપોરે ૧૨ કલાકે બપોરે દર્શન નો સમય ૧૨,૩૦ થી ૧૬,૧૫ રહેશે સાંજે આરતી નો સમય ૧૮,૩૦ થી ૧૯ વાગ્યા સુધી સાંજે દર્શન નો સમય ૧૯ વાગ્યે થી રાત્રે ૨૧ વાગ્યે સુધી રહેશે તારીખ ૭/૧૧/૨૯૨૪ થી આરતી તેમજ દર્શન નો સમય નીચે મુજબ રહેશે જેમાં આરતી નો સમય સવારે ૭,૩૦ થી ૮ વાગ્યા સુધી દર્શન નો સમય સવારે ૮ થી ૧૧,૩૦ વાગ્યા સુધી રહેશે રાજભોગ બપોરે ૧૨ વાગે તેમજ દર્શન નો સમય ૧૨,૩૦ થી ૪,૧૫ સુધી રહેશે આરતી નો સમય ૧૮ ,૩૦ થી ૧૯ વાગ્યા સુધી દર્શન નો સમય ૧૯ વાગ્યે થી રાત્રે ૨૧ વાગ્યે સુધી રહેશે



## ઑક્ટોબરમાં ઉનાળા જેવી ગરમી, હવે બેવડી ઋતુ અનુભવાશે

(એજન્સી) અમદાવાદ I તા.29

ગુજરાતમાંથી ચોમાસાએ વિદાય લેતાં જ ઠંડીનું આગમન થવાને બદલે ગરમી શરુ થઈ ગઈ છે. રાજ્યમાં હાલ કેટલાંક ભાગોમાં રાતના



સમયે ઠંડકનો અનુભવ થાય છે. પરંતુ, દિવસ દરમિયાન લોકોએ ઉકળાટનો સામનો કરવો પડે છે. જોકે, હાલ હવામાન વિભાગ દ્વારા પણ તાપમાન ઘટવાની કોઈ સંભાવના વ્યક્ત કરવામાં આવી નથી. ત્યારે દર વખત કરતાં આ વર્ષે ઑક્ટોબર મહિનો સામાન્ય કરતાં વધારે ગરમ નોંધાયો છે. ઑક્ટોબર માસમાં જ્યાં ઠંડીની બદલે ઉનાળા જેવી ગરમીનો અનુભવ થશે.

નોંધનીય છે કે, હાલ રાજ્યના ઘણા વિસ્તારોમાં અત્યારે 40 ડિગ્રી જેટલું તાપમાન નોંધાઈ રહ્યું છે. રાજ્યનું મહત્તમ તાપમાન 40 ડિગ્રી નોંધાયું છે.

## સગીરાનું મગજ બહાર કાઢી નાખ્યું: શખસે પૂર્વ માલિકની બે સગીર પુત્રીના માથામાં પાઈપના ફટકા મારી 1.76 લાખની લૂંટ કરી

(એજન્સી) અમદાવાદ I તા.29

અમદાવાદના ઘોડાસરમાં તુષાર કોષ્ટી નામનો શખસ પોતાના પૂર્વ માલિક અભિ કુમારની બે સગીર પુત્રીના માથામાં પાઈપના ફટકા મારી 1.76 લાખની લૂંટ અને ATM કાર્ડ લઈને ફરાર થઈ ગયો હતો.





આરોપી

આ હુમલામાં બંને દીકરીઓ હાલ જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાઇ રહી છે. ફરિયાદીના મોબાઈલ ઉપર 10 હજાર ઊપડ્યાનો મેસેજ આવતા તેઓ ઘરે પહોંચ્યા અને ઘરનું દશ્ય જોતા જ હેબતાઇ ગયા. ફરિયાદી અભિકુમાર સિદ્ધપરા જય અંબે ડેરી પાર્લર ચલાવે છે. તેમણે દોઢ વર્ષ પહેલાં આરોપી તુષાર ભોલેનાથ કોષ્ટીને નોકરી ઉપર રાખ્યો હતો. તે ફરિયાદીના ઘરે જ રહેતો હતો. પરંતુ તેને દારૂ પીવાની લત પડતા તેને નોકરીમાંથી કાઢી મૂક્યો હતો. આરોપીએ બીજે નોકરી શોધી લીધી હતી. પરંતુ આરોપી ફરિયાદીના ઘરે સૂવા આવતો હતો. ગઈકાલે સવારે ફરિયાદી પોતાના ડેરી પાર્લર ખાતે કામે ગયા હતા અને પોતાનાં ત્રણ સંતાનો પૈકી સૌથી મોટા 15 વર્ષીય દીકરાને કામ અર્થે ડેરીએ બોલાવ્યો હતો, જ્યારે બે સગીર દીકરી 14 વર્ષની આસ્થા અને 12 વર્ષની સાક્ષી ઘરે હતી. આ દરમિયાન ડેરીએ ફરિયાદીના મોબાઈલ પર મેસેજ આવ્યો હતો કે તેમના બેંક એકાઉન્ટમાંથી ATM મારફત 10 હજાર રૂપિયા ઊપડ્યા છે. જોકે ફરિયાદીનું ATM કાર્ડ ઘરે હોવાથી તેમને શક જતાં તેઓ ઘરે પહોંચ્યા હતા.

## રામોલમાં ઝઘડો થતા પતિએ પત્ની અને બાળકીને માથામાં પાઈપ ફટકારતા માસુમનું મોત

(એજન્સી) અમદાવાદ I તા.29

દિવાળીના તહેવારોમાં એક તરફ લોકો પરિવાર માટે નાની નાની ખુશી શોધતા હતા ત્યારે ઘરકંકાશે એક માસુમ દીકરીનો ભોગ લીધો હોવાનો બનાવ સામે આવ્યો છે. અમદાવાદના રામોલ વિસ્તારમાં બનેલી ઘટનામાં ઘણા સમયથી પતિ-પત્ની વચ્ચે અબોલા હતા. જે તહેવાર દરમિયાન પતિ પત્નીને મળવા આવ્યો હતો અને તેની બાળકીને રમાડવા સમયે પણ ઝઘડો થતાં પતિએ પાઈપ પત્નીના માથામાં મારી અને ત્યાં હાજર બાળકીને પણ માથામાં પાઈપ ફટકારતા બાળકીનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું.

## ગોવર્ધન પૂજા અને અન્નકૂટ મહોત્સવની હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે થનાર ઉજવણી



(એજન્સી) અમદાવાદ I તા.29

હરે કૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા તા. 2 નવેમ્બર, 2024 ના રોજ ગોવર્ધન પૂજા અને અન્નકૂટ મહોત્સવની ખૂબ જ ભવ્યતા સાથે ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. મંદિરમાં ઉજવાઈ રહેલ ગોવર્ધન પૂજા અને અન્નકૂટ મહોત્સવ ખૂબ જ અપૂર્વ અને આ પ્રંસગ ભકતો માટે એક અદભૂત અનુભવ બની રહેશે. વિવિધ જાતના પકવાન અને મિષ્ટાનનો અન્નકૂટ, ગૌ-પૂજા, દીપોત્સવ આરતી, સાંસ્કૃતિક કાર્યક્રમ વિગેરે ઉત્સવની અદ્ધભૂતતામાં વધારો કરશે. ભગવાન શ્રીકૃષ્ણએ ઈન્દ્રના ક્રોધ અને અત્યાર સામે વ્રજવાસીઓનું રક્ષણ કરવા પોતાના ડાબા હાથની ટચલી આંગળી પર ગોવર્ધન પર્વત ઉંચકયો હતો. આ પ્રંસગની યાદગીરી રૂપે કારતક માસમાં ગોવર્ધનપૂજા ઉત્સવ મનાવવામાં આવે છે. આ જ દિવસે ઉત્સવના મહત્વના ભાગરૂપે ગૌ-પૂજા (ગાયની પૂજા) પણ કરવામાં આવે છે. ભગવાન શ્રીકૃષ્ણની આજ્ઞા અનુસાર અને વ્રજવાસીઓના પગલાને અનુસરતા દર વર્ષે કારતક માસમાં આ ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવે છે.

## પીએમ 31 ઓક્ટોબરે સ્ટેચ્યુ ઓફ યુનિટી, ખાતે ₹284 કરોડથી વધુના પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે



ભરત શાહ, રાજપીપળા

31 ઓક્ટોબરે પ્રકાશપર્વ દિવાળી અને સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિનો પાવન સંયોગ સર્જાઈ રહ્યો છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી એકતા નગરને વિવિધ વિકાસ કાર્યો અને પ્રવાસન આકર્ષણોની ભેટ આપીને આ અવસરને યાદગાર બનાવવા જઈ રહ્યા છે.

વડાપ્રધાન રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે નર્મદા જિલ્લાના એકતા નગરની મુલાકાત લેશે અને 284 કરોડથી વધુના પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે.વડાપ્રધાન દ્વારા બોન્સાઈ ગાર્ડન, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સરદાર સરોવર ડેમ એક્સપીરિયન્સ સેન્ટર જેવા પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત અને સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, ટ્રાફિક સર્કલ્સ, સ્માર્ટ બસ સ્ટોપનું ઉદ્ઘાટન થવાનું છે, જે એકતા નગરના વિકાસને વેગ આપશે.



સરદાર પટેલ જન્મજયંતિ નિમિત્તે એકતા નગર સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે આવી રહ્યાં છે.જે અનુલક્ષીને સ્ટેચ્યુ ઓફ યુનિટીના કેમ્પસમાં વિવિધ સ્થળો પર રંગબેરંગી લાઈટીંગથી સજાવવામાં આવ્યા છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીના આકાશી દ્રશ્યોનો અદભુત નજારો પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.